જિનવાણીનો દિવ્યપ્રકાશ

૧. દ્રવ્યાનુયોગ ૨. ચરણકરણાનુયોગ ૩. ગણિતાનુયોગ અને ૪. ધર્મકથાનુયોગ: આ ચાર અનુયોગમાં વહેંચાયેલી શ્રીજિનવાણી વિશ્વમાં સદા જયવંતી છે. એમાં દ્રવ્યાનુયોગનો વિષય અતિગહન છે. એના રસિયા સેંકડે ૫-૧૦ ટકા મળે તો પણ આનંદનો વિષય ગણાય. આજે સમ્મતિતર્ક, સ્યાદ્વાદરત્નાકર, ન્યાયાવતાર વગેરે દ્રવ્યાનુયોગના મહાનગ્રંથો છે પણ એના રસિયા જીવો લગભગ નથી એમ કહીએ તો ચાલે. ગૃહસ્થ હોવા છતાં કીર્તિભાઈએ ખૂબ લગનથી દ્રવ્યાનુયોગના વિષયનું ખેડાણ કર્યું છે. ખરેખર ! તેઓ લાખ લાખ ધન્યવાદને પાત્ર છે.

આ. વિ. મિત્રાનંદસૂરિ.

Printed By : "JINESHWER" Ph:7551854, Pager : 9628 - 702822

અનેકાંતદર્શનમાં દ્રવ્યનું સ્વરૂપ

: પ્રેરક – સંપાદક :
ધર્મતીર્થપ્રભાવક સિદ્ધાંતસંરક્ષક પ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્‌વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા

: પ્રસ્તુતકર્તા :
કીર્તિ માણેકલાલ

વિષયદર્શન

નં.	વિષય	પાના નં.
૧.	દ્રવ્યાનુયોગ અને તત્ત્વજ્ઞાન	૧૧
૨.	દ્રવ્યાનુયોગ અઘરો વિષય કેમ લાગે છે ?	૧૧
૩.	બુદ્ધિ કોઈ એક દૃષ્ટિબિંદુથી પક્ષપાતી શા માટે બને છે ?	૧૨
૪.	અનેકાંતદર્શન ઈષ્ટસિદ્ધિનું સાધન બની શક્તું નથી	૧૬
૫.	દાર્શનિકવિસંવાદનું કારણ અને તેનું નિરાકરણ	૧૭
૬.	લોકવ્યવહાર અનેકાંત સિદ્ધાંતને પ્રમાણભૂત ઠરાવે છે	૨૦
૭.	અનેકાંતદર્શન અને સિક્કાદર્શન	૨૨
૮.	તત્ત્વ અનુત્પન્ન અવિનાશી છે	૨૮
૯.	લોકવ્યવહારમાં અનેકાંતની સ્વીકૃતિ	૨૯
૧૦.	દ્રવ્યાર્થિકનયની અભેદદૃષ્ટિ	૩૦
૧૧.	પર્યાયાર્થિકનયની ભેદદૃષ્ટિ	૩૨
૧૨.	સંગ્રહનયની અભેદદૃષ્ટિ	૩૪
૧૩.	વ્યવહારનયની ભેદદૃષ્ટિ	૩૬
૧૪.	સામાન્ય-વિશેષાત્મક વસ્તુ અને અનેકાંત સિદ્ધાંત	૩૮
૧૫.	સામાન્યના ભેદ	૪૫
૧૬.	વિશેષના બે ભેદ અને અનેકાંત	૪૬
૧૭.	અનેકાંત ઉત્તમ નીતિ છે	૪૯

પ્રકરણ : ૨

૧.	દ્રવ્યવિચાર	૫૨

******

આ ગ્રંથના પ્રેરક - માર્ગદર્શક



ધર્મતીર્થપ્રભાવક સિદ્ધાંતસંરક્ષક અખંડબાલબ્રહ્મચારી
પૂજ્યપાદ આ. ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા

પ્રસ્તાવના

આ વિશ્વમાં ભાગ્યે જ એવો કોઈ વિષય હશે કે જેની જૈનદર્શને તલસ્પર્શી વિચારણા કરી ન હોય. આથી જૈનદર્શન વિશાળ દર્શન છે, તે વિશ્વદર્શન છે. પરંતુ આ દર્શનની ખરી મહત્તા એની વિશાળતામાં છે તેથી પણ વધુ તેની સૂક્ષ્મતામાં છે. પ્રત્યેક તત્ત્વ અર્થાત્ વસ્તુનું સર્વાંગી યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા - તેના અનેકાંતમય સ્વરૂપનું દર્શન કરવા અને તેના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંગનું જ્ઞાન બાકી ન રહી જાય તેવો પ્રબંધ **અનુયોગદ્વારો** દ્વારા જે રીતે આ દર્શને કર્યો છે તે અજોડ છે. વિશ્વના કોઈપણ દર્શને વસ્તુસ્વરૂપનો સ્ફોટ કરવાની આવી સુવ્યવસ્થિત પદ્ધતિ અપનાવી નથી.

અનુયોગદ્વાર એટલે સૂત્રાર્થ વ્યાખ્યાન કરવાનો માર્ગ અર્થાત્ વિષયપ્રવેશ કરવાનું દ્વાર. આ અનુયોગદ્વારના **ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ** અને **નય** એવા ચાર ભેદ છે. જેના થકી શ્રોતાને વિવક્ષિત શાસ્ત્રની સમીપ લઈ જવાય અર્થાત્ જેનાથી શ્રોતાને શાસ્ત્રનું નામ, તેના વિષયાદિનો બોધ થાય તે ઉપક્રમ તેના આનુપૂર્વી, નામ, પ્રમાણાદિ છ ભેદો છે અને તે સર્વના અનેક પેટાભેદો છે. જેનાથી શાસ્ત્રનો નામ, સ્થાપના, દ્રવ્યાદિ વડે નિક્ષેપ (વ્યવસ્થા) કરાય છે તે નિક્ષેપદ્વારના ઓઘનિક્ષેપ આદિ ત્રણ ભેદો છે. જે થકી શાસ્ત્રનું વ્યાખ્યાન કરાય અથવા યથાયોગ્ય રીતે કથન કરવું અથવા સૂત્ર અને અર્થનો સંબંધ કરવો તે અનુગમદ્વારના પણ સૂત્રાનુગમ અને નિર્યુક્તિ અનુગમ એવા બે ભેદ છે. અંતે નયદ્વારથી શાસ્ત્ર પ્રતિપાદિત પદાર્થો (Concepts)નું નૈગમ, સંગ્રહાદિ સાતે નયથી વ્યાખ્યાન કરાય છે. અનુયોગ દ્વારોનો આ જ સુવ્યવસ્થિત ક્રમ છે કારણ કે જે સમીપ

લવાયું ન હોય તેનો નિક્ષેપ કરાતો નથી. નામાદિ નિક્ષેપ વિના અર્થથી અનુગમન થતું નથી. તેમજ નયપ્રરૂપણા વિના પદાર્થનો સર્વાંગી યથાર્થ નિશ્ચય થતો નથી. આ અનુયોગદ્વારોનો તો અત્રે માત્ર નામોલ્લેખ જ કર્યો છે. પરંતુ આ દ્વારોની જૈનદર્શનમાં એટલી તો મહત્તા છે કે તેના અનેક ભેદ પ્રભેદોની વિશદ પ્રરૂપણા કરવા માટે એક આખે આખું આગમ રચાયું છે. ૪૫ આગમ અંતર્ગત જે બે ચૂલિકા સૂત્રો છે તેમાં એક અનુયોગદ્વારસૂત્ર છે.

વળી આપણા પૂર્વાચાર્યોએ સૂત્રોને જે રીતે પાંચ અંગોમાં ઢાળ્યા છે તે પણ આપણને ખ્યાલ આપે છે કે તેઓએ પ્રત્યેક સૂત્ર અને તેના પદાર્થોને કેટલી ઝીણવટથી કાંત્યા છે. સૂત્રોની આ પંચાંગીના મૂળ, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને વૃત્તિ એવા પાંચ ભેદ છે. જેમાં સૂત્રને ઉત્તરોત્તર અંગમાં અધિક અધિક વિસ્તારપૂર્વક રજૂ કર્યું છે. દા.ત. આવશ્યકસૂત્ર મૂળ ૧૨૫ ગાથાનું છે. તે પર શ્રી ભદ્રબાહુસ્વામિ કૃત નિર્યુક્તિ ૩૧૦૦ ગાથા પ્રમાણ છે જ્યારે ભાષ્યમાં ૪૦૦૦ શ્લોક છે અને શ્રી હરિભદ્રસૂરિકૃત બૃહદ્ વૃત્તિ ૨૨૦૦૦ શ્લોક પ્રમાણ છે.

આવા વિશાળ, વિશ્વવ્યાપિ ત્રિકાળાબાધિત જૈનદર્શનના એક એક પદાર્થ પર જ્યારે આટલું વિશદ નિરૂપણ કરાયું છે ત્યારે કોઈ એક તત્ત્વ અર્થાત્ વસ્તુ પર અભ્યાસ-સંશોધનાત્મક નિબંધના હાર્દને ૫-૨૫ મિનિટના વ્યાખ્યાન દ્વારા શ્રોતાના ગળે ઉતારવો પ્રાયઃ અશક્ય જ કહી શકાય. આ સંબંધમાં આવા સમારોહના આયોજનકારોની મર્યાદાઓ પણ સમજી શકાય છે. હજી આ સમારોહ તેના બાલ્યકાળમાં છે. વક્તા ઘણાં હોય છે પરંતુ જેને

સંશોધનાત્મક અભ્યાસ કહી શકાય તેવા નિબંધોની રજૂઆત કરનાર અત્યંત જુજ હોય છે. અત્રે જે નિબંધ હું રજૂ કરું છું તે પણ સંશોધનાત્મક અભ્યાસપૂર્વકનો છે તેમ કહી શકતો નથી.

"અનેકાંતદર્શનમાં દ્રવ્યનું સ્વરૂપ" - આ મારા નિબંધનો વિષય છે. જૈનદર્શનના કોઈપણ તત્ત્વને અનેકાંત સિદ્ધાંત અને તેની અંતર્ગત નયવાદની જાણકારી વિના વક્તા ન્યાય આપી શકતો નથી અને શ્રોતા પણ આ સિદ્ધાંતથી અપરિચિત હોય તો નિરૂપિત તત્ત્વને ગ્રહણ કરી શકતો નથી અને કદાચ તે વિપરીત સ્વરૂપે ગ્રહણ કરે છે. નયને સમજ્યા વિના અનેકાંતસિદ્ધાંત સમજી શકાતો નથી. અનંત ધર્માત્મક વસ્તુ જેટલી જટીલ છે તેટલો જ નયવાદ જટીલ છે. આથી નયવાદનું જ્ઞાન પ્રાપ્ત કરવું દુઃસાધ્ય છે. પરંતુ અસાધ્ય નથી. વળી બીજી દૃષ્ટિથી વિચાર કરતા જણાય છે કે આપણા સમગ્ર લોકવ્યવહારમાં નયમૂલક અનેકાંત સિદ્ધાંત ઓતપ્રોત થઈ ગયો છે. તેથી આપણા વ્યવહારિક જીવનનું બારીકાઈપૂર્વક વિશ્લેષણ કરીએ તો આ સિદ્ધાંત સહજ રીતે સમજાઈ જાય તેવો સરળ પણ છે. આથી પ્રસ્તુત નિબંધની મૂળ વસ્તુનું વિવેચન કરતા પહેલાં લૌકિક વ્યવહારનો આશ્રય લઈ અનેકાંતસિદ્ધાંત મારી સમજ અને આવડત અનુસાર સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ પછી "દ્રવ્ય" પર વિવેચન કર્યું છે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે "દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ" નામના ગ્રંથમાં જુની ગુર્જર ભાષામાં દ્રવ્યાનુયોગના ગંભીર વિષયને રાસ-ગરબાની ૧૭ ઢાળોમાં ઉતાર્યો છે. આ ગ્રંથની બીજી ઢાળની પ્રથમ ગાથામાં તેઓએ દ્રવ્યનું લક્ષણ બાંધ્યું છે. આ ગાથા

અને તે પર સ્વોપજ્ઞ ટબાના વિવેચન રૂપે આ નિબંધની રચના કરી છે.

વિષય ગહન અને ગંભીર છે અને મારી બુદ્ધિ સામાન્ય છે અને પ્રમાદાદિ દોષોથી ઘેરાયેલો છું. આથી જ્ઞાની શ્રોતાજનને વિનંતિ કરવાની કે આ લેખમાં શાસ્ત્ર વિરુદ્ધ કંઈ લખાઈ ગયું હોય તો તે પ્રતિ મારું ધ્યાન દોરશો. જેથી ઉત્સૂત્ર પ્રરૂપણાના દોષનું પ્રતિક્રમણ કરી કંઈક હળવો થઈ શકું.

આ મંચ ઉપર શંકા-સમાધાન યા વિષય સંબંધમાં પ્રશ્નોત્તર કરી શકાય નહિ. આથી આ ત્રણ દિવસ દરમ્યાન કોઈપણ કુરસદના સમયે શ્રોતાઓની શંકા આદિનું સમાધાન કરવાનો મોકો મળશે તો ઉભય પક્ષે આનંદ સાથે જ્ઞાનમાં વૃદ્ધિ અને તેની વૃદ્ધિ કરવાનો અવસર પ્રાપ્ત થશે.

કીર્તિ માણેકલાલ

૧૫, હીલવ્યુ, ૧૫, રીજ રોડ, મુંબઈ-૬.

અનેકાંતદર્શનનું સામાન્ય સ્વરૂપ

૧. દ્રવ્યાનુયોગ અને તત્ત્વજ્ઞાન :

અર્થમાત્રની તલસ્પર્શી સૂક્ષ્મ આલોચનાપૂર્વક તે સર્વના સામાન્ય સ્વરૂપનું, તેના સ્વભાવ અર્થાત્ તેની પ્રકૃતિનું તેમજ તે તે અર્થ (object)ની અન્યોન્ય વિશેષતાઓ (Differentia)નું યથાર્થ જ્ઞાન પ્રાકૃતિક વિજ્ઞાન (NATURAL SCIENCE) છે. જેને દ્રવ્યાનુયોગ અથવા તત્ત્વજ્ઞાન પણ કહી શકાય છે. તત્ત્વમાં રહેલા "તત્"નો અર્થ "તે" થાય છે. "તે" સર્વનામ છે. તેથી તે વસ્તુમાત્રનો વાચક છે; અને "તત્"નો ભાવ યાને તેનો સ્વભાવ અર્થાત્ "તત્"નું સ્વત્વ છે તે તત્ત્વ છે. આથી તત્ત્વજ્ઞાન એટલે અર્થમાત્રનું - જ્ઞેય માત્રનું પરમાર્થથી જે સ્વરૂપ છે તેનું વિજ્ઞાન. વળી જ્ઞેય માત્રનો દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં સમાવેશ થતો હોવાથી દ્રવ્યાદિ ત્રણેનું વિજ્ઞાન પણ તત્ત્વજ્ઞાન છે.

૨. દ્રવ્યાનુયોગ અઘરો વિષય કેમ લાગે છે ?

દ્રવ્યાનુયોગ માનવામાં આવે છે તેવો અઘરો વિષય નથી કારણ કે આખરે તો આપણે જેનો રોજ-બ-રોજ અનુભવ કરતા આવ્યા છીએ તેનું જ તો વિજ્ઞાન (વિશેષ જ્ઞાન) કરવાનું છે. આમ છતાં પણ ઘણાંનો તો આ વિષયમાં પ્રવેશ જ થઈ શક્તો નથી. ઘણાં તેને વિપરીતપણે ગ્રહણ કરે છે તો ઘણાંને તે વિજ્ઞાનની યથાર્થતામાં શ્રદ્ધા થતી નથી અને ઘણાંને તેમાં શંકા-કુશંકાઓ થતી રહે છે અને નિર્ણય કરી શક્તા નથી. આ સર્વમાં બુદ્ધિની મંદતા કરતા પણ પોતાની પૂર્વગ્રહીત માન્યતાઓનો એકાંત આગ્રહ જ પ્રધાન કારણ હોય છે. પોતાને ઈષ્ટ એવા કોઈ એક દૃષ્ટિબિંદુપૂર્વક અર્થાત્ કોઈ એક દૃષ્ટિબિંદુની પક્ષપાતી બુદ્ધિથી ગ્રહીત વસ્તુસ્વરૂપ

વિષયક પોતાની માન્યતા જ યથાર્થ છે તેવા અભિગ્રહમાં બંધિયાર બનેલી બુદ્ધિ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ પૂર્વક ઉપલબ્ધ વસ્તુનું સર્વાંગી યાને અનેકાંતમય સ્વરૂપ પામી શકતી નથી. આવી રીતે આગ્રહમાં બુદ્ધિ બંધિયાર કયા હેતુઓથી થાય છે તેનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો જ રહ્યો.

૩. બુદ્ધિ કોઇ એક દૃષ્ટિબિંદુની પક્ષપાતી શા માટે બને છે?

અંતઃકરણ (હૃદય), મન અને બુદ્ધિનો અધિષ્ઠાતા ચેતન છે. તેમાં અંતઃકરણનો સીધો સંબંધ આત્મા સાથે છે તેથી તે આત્માનુસારી છે, શ્રદ્ધાનુસારી છે, જ્યારે બુદ્ધિનો આત્મા સાથેનો સંબંધ મનના માધ્યમદ્વારા થાય છે કારણ કે બુદ્ધિ મનાનુસારી છે. અર્થાત્ બુદ્ધિને દિશા આપનાર મન છે. જે મન રાગ અને દ્વેષના તીવ્ર સંસ્કારોથી લિપ્ત હોય છે તેવા મનથી દોરવાતી બુદ્ધિ તીવ્ર રાગના ભૌતિક વિષયોની પક્ષપાતી બને છે અને તીવ્રદ્વેષના વિષયો પ્રતિ તેનો અભિગમ તિરસ્કરણીય બને છે. આવી બુદ્ધિ વસ્તુ સ્વરૂપનું તટસ્થ ભાવે મૂલ્યાંકન કરી શકતી નથી. તેથી તે વસ્તુ સ્પર્શી (OBJECTIVE) નહિ પરંતુ પોતાની પક્ષપાતી બુદ્ધિથી વસ્તુને પોતાના ભૌતિક યાને ઐહિક લાભાલાભની એકાંતદૃષ્ટિથી (SUBJECTIVE) જ મૂલવે છે. આવા ભૌતિક વિષયોમાં રાગ તે કામરાગ કહેવાય છે. ઈન્દ્રિયોના સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ કોઈપણ વિષયમાં રાગ તે કામરાગ કહેવાય છે. બુદ્ધિને પક્ષપાતી બનાવવામાં નિમિત્તભૂત રાગના અન્ય પ્રકારો પણ છે.

પોતાની કુળપરંપરામાં પળાતા આવતા ધર્મના સિદ્ધાંતો પ્રતિ અંધશ્રદ્ધાપૂર્વક નિરપેક્ષપણે ગ્રહણ કરેલી તેમજ પોતાના સંપ્રદાયના સંકુચિત ઢાંચામાં બંધાઈ ગ્રહણ કરેલી એકાંત માન્યતાઓ અર્થાત્ અન્ય દૃષ્ટિબિંદુઓનો તિરસ્કાર કરી પોતાને ઈષ્ટ એવા કોઈ એક

દૃષ્ટિબિંદુપૂર્વક વસ્તુનું એકાંગી દર્શન કરી દૃઢ કરેલી માન્યતાઓ બુદ્ધિને એકાંતની આગ્રહી બનાવે છે. ધર્મ અને સંપ્રદાયની બુદ્ધિ પરની પકડ અત્યંત મજબૂત હોય છે. ભલભલા તીવ્ર બુદ્ધિશાળીઓ પણ આ પકડમાંથી બુદ્ધિને છોડાવી તટસ્થભાવે વિચાર વિમર્શ કરી શકતા નથી અને તીવ્રબુદ્ધિ હોવા છતાં તત્ત્વનું યથાર્થસ્વરૂપ પામી શકતા નથી.

આવી જ રીતે કોઈ વ્યક્તિના પ્રભાવશાળી વ્યક્તિત્વથી અથવા કોઈની વાક્પટુતાથી અથવા કોઈની તીવ્રબુદ્ધિપ્રભાથી અંજાઈ જઈને મનુષ્ય પોતાની સ્વતંત્ર વિચારશક્તિ ખોઈ બેસે છે અને જેનાથી તે અંજાયો છે તેને જ પોતાનો આદર્શ માની તે જે કંઈ કહે છે તેને વગર વિચારે તુરત જ સ્વીકારી લે છે. આજકાલ આવા ઘણાં દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે.

સુધારાવાદ, પ્રગતિવાદ, સામ્યવાદ, સમાજવાદ, લોકશાહીવાદ, ધર્મનિરપેક્ષવાદ, સર્વધર્મ-સમભાવવાદ, એક ધર્મ વાદ ઈત્યાદિ અનેક વાદોની સંદિગ્ધ, અસ્પષ્ટ, વિસંવાદી, એકાંત અને આ વાદોના પ્રવર્તકોની વૃત્તિઓને અનુકૂળ થાય તેમ નિરંતર રંગ બદલતી છતાં પણ સમાજના નાયક સમાન ગણાતા બુદ્ધિજીવી શિક્ષિતવર્ગમાં પ્રતિષ્ઠા અને આદર પામેલી અને તે વાદોના વિરોધીઓને 'રૂઢીચુસ્ત', 'જુનવાણી', 'પ્રત્યાઘાતી' આદિની બદનામ ઉપાધિઓ પ્રદાન કરતી માન્યતાઓમાં સર્વાંગી વિચાર વિમર્શ કર્યા વિના બંધાઈ ગયેલી બુદ્ધિ તેની તટસ્થતા ખોઈ બેસે છે અને અનેકાંત વસ્તુના દર્શનથી વંચિત રહી જાય છે. આ પ્રમાણે બુદ્ધિની વક્રગતિના મૂળમાં જે રાગ છે તે દૃષ્ટિરાગ છે.

બીજો એક વિચિત્ર પ્રકારનો રાગ છે જે આજકાલ અત્યંત કાર્યો કુલ્યો છે તે કામ અને દૃષ્ટિરાગના મિશ્રણ સમાન કહી શકાય

તેવો છે.

બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા, ભોગ, વિલાસ અને વૈભવમાં ગળાબૂડ બૂડેલા, છળ, કપટ, તર્ક, કુતર્કાદિ કરવામાં નિપુણ બુદ્ધિશાળી(કુ) તેમજ પોતાની વાકપટુતાથી ભલભલા શિક્ષિત બુદ્ધિશાળીઓને પણ પ્રભાવિત કરી શકવાની શક્તિ ધરાવનારા, પોતાને ધર્માત્મા, સંત, આચાર્ય, ભગવાનાદિ કહેડાવનારા ધર્મનો ધંધો લઈને બેઠેલા વેષધારીઓએ પોતાનો એક વિશાળ અનુયાયિઓનો વર્ગ ઊભો કરી ભોગવિલાસના સાધન સ્વરૂપ અર્થની પ્રાપ્તિ કરવાના એકમાત્ર હેતુથી માનવસહજ ભૌતિક વૃત્તિઓને અનુકૂળ પરંતુ વાગ્જાળમાં ગૂંથીને ધર્મસ્વરૂપે પ્રસારિત કરેલા સિદ્ધાંતોથી આકર્ષાઈને કામ અને દૃષ્ટિરાગના તીવ્ર સંસ્કારોથી લિપ્ત મનને અનુસરીને ગ્રહણ કરેલી તે સિદ્ધાંતોની માન્યતાઓની બંદી બનેલી બુદ્ધિ પણ તેની વિવેકશક્તિ ખોઈ નાખે છે. પરિણામે ધર્માધર્મ, હેય-ઉપાદેય, સુગુરુ-કુગુરુનો વિવેક કરી શકતી નથી અને ધર્મના નામે અધર્મનું સેવન કરી પોતાના આત્માને અધોગતિ તરફ લઈ જાય છે.

રાગ અને દ્વેષમાં રાગની પ્રધાનતા છે કારણ કે રાગ વિના દ્વેષ સંભવતો નથી. રાગ સંસારનું બીજ છે. સર્વ દોષોના મૂળમાં રાગ છે કારણ કે, રાગીજીવ મધ્યસ્થભાવે વિચાર વિમર્શ કરી શકતો નથી. માધ્યસ્થતા વિના ન્યાયપૂર્ણતા, નૈતિકતા કે પ્રમાણિકતા સંભવતી નથી. માધ્યસ્થતાથી સમત્વ આવે, સમતાની પ્રાપ્તિ થાય. સમતાથી વીતરાગતા આવે. દરેક પ્રકારના રાગમાં દૃષ્ટિરાગ મહાદોષ છે કારણ કે તે મોક્ષના પ્રવેશદ્વાર સમા સમ્યક્ત્વની પ્રાપ્તિમાં બાધક છે. કામરાગ ચારિત્રધર્મની પ્રાપ્તિમાં બાધક બને છે અને મિત્ર, પુત્ર, પતિ, પત્ની, ગુરુ આદિ પ્રત્યે આસક્તિ યા

સ્નેહભાવ તે સ્નેહરાગ છે જે શુદ્ધ ચારિત્ર અર્થાત્ યથાખ્યાતચારિત્રની પ્રાપ્તિમાં બાધક છે.

જીવને ઈષ્ટસિદ્ધિમાટે બુદ્ધિ એકાંતે નિરૂપયોગી નથી. આત્માના શુદ્ધ સ્વરૂપનો, સુદેવ, સુગુરુ, સુધર્મનો, સંસારની અસારતાનો, પરમાનન્દ પ્રાપ્તિના માર્ગનો યાને મોક્ષમાર્ગના યથાર્થ સ્વરૂપનો, આત્મહિતની દૃષ્ટિએ તત્ત્વાતત્ત્વનો, હેયોપાદેયનો નિર્ણય કરવા માટે બુદ્ધિનો ભરપૂર ઉપયોગ કરવાનો છે પરંતુ નિર્મોહી બનવા તો અંતઃકરણથી જ કામ લેવાનું છે. ઘણાં તીવ્રબુદ્ધિ પ્રભાવશાલી મનુષ્યો ઉપરોક્ત સર્વ નિર્ણય યથાર્થસ્વરૂપે કરે છે. છતાં પણ જ્યાંસુધી આ બુદ્ધિ તીવ્રરાગના સંસ્કારોથી લિપ્ત છે ત્યાંસુધી આ બૌદ્ધિક નિર્ણય અંતઃકરણ સ્પર્શી અર્થાત્ આત્મપ્રતીત થઈ શકતો નથી કારણ કે રાગી મન બુદ્ધિને અંતઃકરણનો સ્પર્શ કરવા દેતું નથી. આવી આવો યથાર્થ તત્ત્વનિર્ણય છતાં પણ આ બૌદ્ધિક જ્ઞાન માત્ર મસ્તક પર જ રહે છે, હૃદયંગમ થતું નથી. આવા બુદ્ધિશાળીઓના જીવનમાં તેની અસર જણાતી નથી. એટલું જ નહિ પરંતુ તેઓનો જ્ઞાનોપયોગ નિરંતર રાગના વિષયોમાં જ રમતો રહે છે. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા જ્ઞાનસારગ્રંથના પાંચમા જ્ઞાનાષ્ટકની બીજી ગાથામાં ફરમાવે છે :

निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।
तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥२॥

અર્થાત્ "મોક્ષના સાધનભૂત એક પણ પદની વારંવાર ભાવના કરાય તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે (કારણ કે તે ભાવનાજ્ઞાન આત્મસ્પર્શી હોવાથી ઈષ્ટસાધક છે); ઘણું ભણવાનો આગ્રહ નથી." ટૂંકમાં કહેવાનો મતલબ છે કે મોક્ષના સાધનભૂત થોડું પણ જ્ઞાન જો

આત્મસ્પર્શી હોય તો તે મોક્ષ પ્રાપક છે જ્યારે બૌદ્ધિક જ્ઞાન ગમે તેટલું હોય પણ જો તે આત્મસ્પર્શી ન હોય તો તે સંસારવૃદ્ધિનું જ કારણ બની શકે છે.

કોઈપણ દૃષ્ટિના એકાંત આગ્રહના મૂળમાં રાગદ્વેષના તીવ્ર સંસ્કારો અર્થાત્ દૃષ્ટિમોહ છે. મોહ એટલે મૂર્છા, વસ્તુના તાત્ત્વિક સ્વરૂપનું અજ્ઞાન અથવા વિપરીત ભાન.

૪. એકાંતદર્શન ઈષ્ટસિદ્ધિનું સાધન બની શકતું નથી.

એકાંતદૃષ્ટિ પર રચાયેલું કોઈપણ દર્શન, મોહગર્ભિત જ છે તેથી તે ઈષ્ટસાધક નથી બની શકતું. એકાંતદૃષ્ટિનું જ્ઞાન અપૂર્ણ છે તેથી નહિ પરંતુ તે અપૂર્ણજ્ઞાનને પૂર્ણ માને છે તેથી અયથાર્થ છે, મિથ્યા છે. મિથ્યાજ્ઞાન અજ્ઞાન છે. અજ્ઞાન છે ત્યાં મોહ છે તેથી એકાંત-દર્શનનિષ્પન્ન વૈરાગ્ય પણ મોહગર્ભિત જ છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય માટે અનેકાંતદર્શનનું આલંબન કેટલું આવશ્યક છે તે સંબંધમાં આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા તેમના "અષ્ટક પ્રકરણ"ના દશમાં વૈરાગ્યાષ્ટક શ્લોક ૪-૮માં ફરમાવે છે તેનો ભાવાર્થ છે -

"આત્મા એક (જ) છે, આત્મા નિત્ય (જ) છે, આત્મા અભાવ (જ) છે, આત્મક્ષણક્ષયી (જ) છે, અથવા આત્મા અસત્(જ) છે, એવા એકાંત નિશ્ચયથી સંસારની નિર્ગુણતાને વારંવાર જોવા છતાં અને તેના ત્યાગ માટે ઉપશમ અને સદાચારનું ભાવથી સેવન કરવા છતાં તેવા પુરુષનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત નહિ પણ મોહગર્ભિત જ હોય છે. સદ્જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તેઓને જ હોય છે કે જેઓ સ્યાદ્વાદન્યાયનું (અનેકાંતવાદનું) આલંબન લઈને આત્માને સમષ્ટિરૂપે એક પરંતુ વ્યષ્ટિરૂપે અનેક, દ્રવ્યરૂપે નિત્ય પણ પર્યાય

રૂપે ક્ષણિક, નિશ્ચયનયથી અબદ્ધ પણ વ્યવહારનયથી બદ્ધ, પરસ્વરૂપે અસત્ પણ સ્વસ્વરૂપે સત્ માને છે તથા સંસારદશામાં બાહ્ય પૌદ્ગલિક કર્મના સંબંધથી ભવ-સંસારમાં ભટકતા એવા પોતાના આત્માને તેમાંથી મુક્ત કરવા માટે વિધિપૂર્વક તેનો ત્યાગ કરે છે. તેઓનો જ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત અને સિદ્ધિનું અનન્ય સાધન બને છે."

અનેકાંત સંસ્કારોવડે બુદ્ધિ પરિકર્મિત થાય છે ત્યારે બૌદ્ધિક જ્ઞાન આત્મસ્પર્શી થાય છે અને વસ્તુસ્વરૂપનું અનેકાત્મક યથાર્થજ્ઞાન થાય છે. આજ જ્ઞાન સમ્યક્જ્ઞાન છે જે પરંપરાએ મોક્ષપ્રાપક છે.

૫. દાર્શનિકવિસંવાદનું કારણ અને તેનું નિરાકરણ :

આ દૃશ્ય જગતની પ્રત્યક્ષ જણાતી વિચિત્રવિચિત્રતાઓના ગર્ભમાં મૂળભૂત કયા તત્ત્વો કાર્ય કરી રહ્યા છે ? તે તત્ત્વો કયા છે? તેઓનું કાર્ય શું છે ? તેમનો સ્વભાવ કેવો છે ? નિરંતર પરિવર્તન કરી રહેલી વિશ્વની પરિવર્તનશીલતાની પાછળ કયા પરિબળો કાર્ય કરી રહ્યા છે ? જીવનું તાત્ત્વિક સ્વરૂપ શું છે ? સુખનો ચાહક છતાં તે દુઃખી કેમ છે ? તેના દુઃખનું કારણ શું છે ? તે દુઃખથી સર્વથા મુક્ત થઈ શકે કે નહિ ? જો થઈ શકે તો તેનો ઈલાજ શું ? વિશ્વતંત્ર નિયમિત છે ? જો તે નિયમિત છે તો તેનો કોઈ નિયંતા છે કે પછી તે સ્વભાવથી જ નિયમબદ્ધ છે ? આ અને આવી વિશ્વસ્વરૂપ સંબંધી અનેક સમસ્યાઓની તલસ્પર્શી વિચારણા ભારતના અનેક મહાત્માઓએ કરી છે અને તેના ફળરૂપે આ દેશમાં અનેક દર્શનધારાઓનો પ્રાદુર્ભાવ થયો છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે એક જ વસ્તુના સ્વરૂપ સંબંધી બધા દર્શનોમાં એકવાક્યતા કેમ નથી ? વળી સર્વ દર્શનકારોએ પોતપોતાના દાર્શનિક સિદ્ધાંતો દાખલા દલિલ સાથે તર્કબદ્ધ શૈલીમાં રજૂ કર્યા છે. અન્યોન્ય દર્શનની ત્રુટીઓ પણ

તર્કબદ્ધ દલીલો સાથે દર્શાવી છે. એકબીજાના દાર્શનિક સિદ્ધાંતોનું પ્રામાણ્ય સિદ્ધ કરવા અનેકવાદો પણ રચાયા છે. હજારો વર્ષથી આ ચર્ચા ચાલ્યું આવ્યું છે. પરંતુ આશ્ચર્ય તો એ થાય છે કે આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મ. જેવા જુજ અપવાદો સિવાય ભાગ્યે જ કોઈએ પોતાના કુળક્રમાગત મનાતા આવતા દર્શનની ત્રુટીઓ સ્વીકારી અન્ય દાર્શનિક સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો હોય. સર્વ પ્રાણીઓમાં વધુમાં વધુ બુદ્ધિશાળી ગણાતા મનુષ્યો પણ સત્યને પીછાની ના શકે તે કેવી વિચિત્રતા છે ? સત્યમત નિયમા એક જ હોય છે જ્યારે અસત્યમતો અનેક હોય છે. આમ છે તો પછી અનેક મતમતાન્તરોમાંથી માનવ સત્યને શોધીને સ્વીકારતો કેમ નથી ?

ઉપરોક્ત પ્રશ્નોની વિચારણા કરી આ વિચિત્ર વિશ્વના મૂળભૂત પાયાના ઘટક દ્રવ્યો (ELEMENTARY SUBSTANCES) કયા છે, તેમનું સામાન્ય તેમજ વિશેષ સ્વરૂપ કેવું છે, વળી વસ્તુમાત્રનું તથા પ્રકારનું પરિણમન કયા કારણોથી થાય છે, ઈત્યાદિ સર્વનો આગમ પ્રમાણ અનુભવ અને અનુમાન પ્રમાણનો આધાર લઈ સમ્યગ્‌નિર્ણય કરી જે વિજ્ઞાન રચ્યું છે તેને જૈન યોગી મહાત્માઓએ દર્શન દ્રવ્યાનુયોગ કહે છે. વળી એક જ વસ્તુના સ્વરૂપ સંબંધી દાર્શનિક વિસંવાદનું કારણ જણાવી તેનું નિરાકરણ કરે છે. તે અનેકાંત સિદ્ધાંત જૈનદર્શનનો મૌલિક સિદ્ધાંત છે. અન્ય સર્વ દર્શનો જ્યારે એકાંતવાદી છે ત્યારે એક માત્ર જૈનદર્શન જ અનેકાંતવાદી છે. જૈનદર્શન એકાંતે અનેકાંતવાદી નથી તે સમજવું અત્યંત જરૂરી છે. ભિન્ન ભિન્ન એકાંતદર્શનોને જૈનદર્શનનો અનેકાંત સિદ્ધાંત પોતાની વ્યાપક અનેકાંતદૃષ્ટિમાં યથાયોગ્ય સ્થાન પ્રદાન કરે છે. દૃષ્ટિ નિરપેક્ષતાથી નિરાધાર એવા તે એકાંતદર્શનોને નયસાપેક્ષતા

બક્ષી સદ્ધર કરે છે, અનેકાંતની વિશાળ સૃષ્ટિના દર્શન કરાવી, એકાંતના સંકુચિત ઢાંચામાં રુંધાતી તે દૃષ્ટિને મુક્ત કરી તેમાં નવા પ્રાણ પૂરે છે. એકાંત આગ્રહની પકડમાંથી મિથ્યાત્વને પ્રાપ્ત થયેલી તે દૃષ્ટિને મુક્ત કરી સમ્યક્‌પણું બક્ષે છે.

એકાંતદર્શનવાદીઓ ભિન્ન ભિન્ન અનેક દૃષ્ટિબિંદુઓની વિષયભૂત અનેકાંત વસ્તુને પોતાના એક જ દૃષ્ટિબિંદુથી પ્રાપ્ત કરી તેના અપૂર્ણ સ્વરૂપને સંપૂર્ણ માને છે તેથી, અથવા પોતાની તે દૃષ્ટિ જ યથાર્થ છે તેમ માની અન્ય સર્વ દૃષ્ટિબિંદુઓનું નિરાકરણ કરે છે તેથી અથવા પોતાના દર્શનને દૃષ્ટિસાપેક્ષ નહિ પરંતુ દૃષ્ટિનિરપેક્ષ માને છે તેથી એકાંતદર્શન મિથ્યાદર્શન છે. એકાંતદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. અનેકાંતવાદનું સ્વરૂપ હૃદયંગમ થાય નહિ તો જૈનદર્શનના કોઈપણ પદાર્થને સમજવામાં પારાવાર મુશ્કેલીઓ તો છે જ પરંતુ તેનું વિપરીતપણે ગ્રહણ થઈ જવાનો ડર પણ રહે છે. અનેકાંતને ન માનવો અને તેનું ખંડન કરવું તે તો જાણે સમજયા પરંતુ વાચસ્પતિમિશ્ર શ્રીશંકરસ્વામી, શ્રીભાસ્કરાચાર્ય તેમજ રામાનુજ સ્વામી જેવા પંડિતો અનેકાંતનું જે સ્વરૂપ જૈનદર્શનને અભિમત નથી એવું એક કાલ્પનિક સ્વરૂપ ઉભું કરીને તેનું ખંડન કરે છે ત્યારે તે જેટલું હાસ્યાસ્પદ લાગે છે તેટલું જ ખેદજનક પણ લાગે છે. સર્વપલ્લીશ્રીરાધાકૃષ્ણ જેવા આધુનિક વિદ્વાને પણ આ દર્શનનો ઉપર છલ્લો અભ્યાસ કરી અનેકાંતવાદનું ખંડન કર્યું છે તે તેમણે આ વિષય સંબંધમાં "ઈન્ડીયન ફીલોસોફી" નામના ગ્રંથમાં જે ઉલ્લેખ કર્યા છે તે પરથી સ્પષ્ટ જણાય છે. પોતાના દર્શન પ્રત્યેના તીવ્ર અભિનિવેશનું અથવા જૈનદર્શનનું ખંડન જ કરવું છે એવા અભિગ્રહપુર્વક તેનો અભ્યાસ કરવાનું આ સર્વ ફળ છે-પરિણામ છે.

૬. લોકવ્યવહાર અનેકાંત સિદ્ધાંતને પ્રમાણભૂત ઠરાવે છે.

કોઈપણ દૃષ્ટિપ્રતિ રાગરહિત મધ્યસ્થબુદ્ધિપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો જૈનદર્શન તેમજ તેનો અનેકાંત સિદ્ધાંત સમજવો બીલકુલ અઘરો નથી કારણ કે જૈનદર્શન વસ્તુનું જેવું સ્વરૂપ પ્રરૂપે છે તેવું આપણા વ્યવહારિક જીવનમાં અનુભવમાં આવે છે તેથી પૂર્વગ્રહરહિત બુદ્ધિમાં સહજ ઉતરી જાય છે. લોકોત્તર દર્શન હોવા છતાં પણ તે આપણા લૌકિક વ્યવહારમાં અનેકાંતદર્શન ઓતપ્રોત થયેલું અનુભવી શકાય છે. આથી વિપરીત એકાંત દર્શનો જેવું વસ્તુ-સ્વરૂપ કહે છે તેવું અનુભવમાં આવતું નથી. તેથી બુદ્ધિમાં ઉતરતું નથી. લોકવ્યવહાર **વસ્તુના સ્વભાવનો નિયામક નથી પરંતુ વસ્તુસ્વભાવ લોકવ્યવહારનો નિયામક છે.** આપણા કૌટુંબિક, સામાજિક, આર્થિક, રાજકીય આદિ સમગ્ર પ્રકારના લૌકિક વ્યવહારમાં વસ્તુના યથાર્થ સ્વભાવનું પ્રતિબિંબ પડે છે. એકાંતદર્શનકારો વસ્તુનું જે સ્વરૂપ પ્રરૂપે છે તેની વિરુદ્ધ વ્યવહાર ચાલે છે તેથી વ્યવહાર નહિ પરંતુ એકાંતદર્શન પ્રરૂપિત વસ્તુસ્વરૂપ અયથાર્થ ઠરે છે. એકાંત ક્ષણિકવાદી કહે છે કે વસ્તુમાત્ર ક્ષણજીવી છે. તે ઉત્પન્ન થાય છે અને બીજી જ ક્ષણે તે નાશ પામે છે. આ ક્ષણિકવાદનું નિરાકરણ કરનાર પ્રત્યભિજ્ઞાનની પ્રમાણતાની સ્વીકૃતિ વ્યવહારમાં હરપળ સ્પષ્ટ જણાય છે. એકાંત નિત્યવાદને પણ વ્યવહાર ગણકારતો નથી. એકાંત નિત્યવાદની માન્યતા મુજબ વસ્તુ જયાં, જેવી અને જેવડી છે તે હરહંમેશ ત્યાં, તેવી અને તેવડી જ રહેવી જોઈએ. વસ્તુમાં કોઈપણ પ્રકારે ભેદ (Change) ન થવો જોઈએ. આ વાદ મુજબ દર્દી સાજો ન થાય, સાજો દર્દી ન થાય, સુખી દુઃખી ન થાય અને દુઃખી સુખી ન થાય, સંસારી મુક્ત ન

થાય. આવું કોણ માને છે ? અરે આ વાદના હિમાયતીઓ પણ દર્દ આવતા વૈદની દવા લેવા જાય છે. એક સામાન્ય ઉદાહરણથી બેઉ એકાંતવાદોની અપ્રામાણિકતા સિદ્ધ કરીએ. પરદેશમાં ભણીગણીને આઠવર્ષે ઘેર આવતા દીકરા સુરેશને ભેટી પડતા મા બેટાને કહે છે, "આવ બેટા સુરેશ ! તું કેટલો બધો બદલાઈ ગયો છે ? ઓળખાય તેવો પણ નથી રહ્યો." અત્રે આઠ વર્ષના ગાળા પછી ઘરે આવેલાને "આ જ મારો બેટો છે જે આઠ વર્ષ પૂર્વે પરદેશ ગયો તો" તેમ માનીને જ તેના બેટાને "આવ બેટા સુરેશ" કહી માતા આવકારે છે. તેજ એકાંત ક્ષણિકવાદને અસિદ્ધ કરે છે. અને જે દીકરો આઠ વર્ષના ગાળામાં ઓળખાય તેવો રહ્યો નથી અર્થાત્ તેમાં આમૂલ પરિવર્તન થયું હોવા છતાં પણ તે જ તેનો દીકરો છે તેમાં માતાને લેશમાત્ર શંકા થતી નથી. તે જ એકાંત નિત્યવાદને અસિદ્ધ કરે છે. એકાંત ક્ષણવાદ કે એકાંત નિત્યવાદની જેમ સર્વ એકાંત મતો બુદ્ધિમાં નથી ઉતરતા કે નથી વ્યવહારમાં અનુભવાતા.

જે દર્શન પ્રતિપાદિત વસ્તુસ્વરૂપ લોકવ્યવહારમાં અનુભવાતું નથી તે દર્શન અયથાર્થ છે કારણ કે તે તર્કશુદ્ધ અનુમાન પર રચાયું નથી. અનુમાન તર્કપૂર્વક થાય છે. તર્ક પ્રત્યભિજ્ઞાનપૂર્વક થાય છે અને પ્રત્યભિજ્ઞાનનો આધાર સ્મૃતિ છે. સ્મૃતિ ધારણાની જ હોય છે અને તે ધારણા લોકવ્યવહારમાં અનુભવાતા પદાર્થો (ભાવાત્મક યા દ્રવ્યાત્મક)ની જ થાય છે. આથી દર્શનધારાનું ઉદ્‌ગમ સ્થાન લોકવ્યવહાર છે. તેથી કોઈપણ દર્શન વ્યવહારનો અપલાપ કરે તો તેની પ્રામાણિકતા પ્રતિ શંકા થાય. તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. આપણા વ્યવહારિક જીવનમાં અનેકાંત સિદ્ધાંતનો સ્વીકાર કેવીરીતે અંતર્ભૂત થયો છે તેની વિચારણા કરીએ તે પૂર્વે દ્વિમુખી સિક્કાની

ઉપમાથી તત્ત્વનું દ્વૈત સ્વરૂપ જે અનેકાંતનું હાર્દ છે - સમજવાનો પ્રયત્ન કરીએ.

૭. અનેકાંતદર્શન અને સિક્કાદર્શન

અત્રે અનેકાંતદર્શનની સિક્કાદર્શન સાથે સરખામણી પ્રથમ દૃષ્ટિએ અયુક્ત અને વિચિત્ર લાગે તેવી છે. પરંતુ આ બેઉ દર્શનમાં એટલી તો બધી સામ્યતા છે કે અનેકાંતદર્શન સમજાવવામાં આ રૂપક મને અત્યંત ઉપયોગી જણાયું છે. સિક્કો દ્વૈતમુખી છે અને વસ્તુ દ્વૈત સ્વભાવી છે. આથી જે જે મર્યાદાઓ સિક્કાનું નેત્રદર્શન કરવામાં પ્રાપ્ત થાય છે તેવા જ પ્રકારની મર્યાદાઓ પરાર્થ શ્રુતજ્ઞાનથી ભાષાના માધ્યમદ્વારા વચનયોગથી અન્યને બોધ (જ્ઞાન-જાણકારી) આપવામાં પણ પ્રાપ્ત થાય છે.

વસ્તુનો સર્વદેશીય યાને સર્વાંગી નિશ્ચય યાને યથાર્થબોધ જેનાથી થાય છે. તે પ્રમાણ છે. આવો નિશ્ચિત બોધ જ્ઞાનથી થાય છે તેથી જ્ઞાન પ્રમાણ છે અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન આ પાંચ પ્રમાણના ભેદ છે. તેમાં શ્રુતજ્ઞાનના બે ભેદ છે. સ્વાર્થ અને પરાર્થશ્રુતજ્ઞાન. આ સર્વમાં પરાર્થશ્રુતજ્ઞાન સિવાય અન્ય સર્વ જ્ઞાનો સ્વાર્થજ્ઞાનો છે. જે જ્ઞાન માત્ર જ્ઞાતાને બોધ કરાવનાર છે તે સ્વાર્થજ્ઞાન છે અને તે સર્વ પ્રમાણજ્ઞાન છે. સર્વ પ્રમાણજ્ઞાન મુંગા છે જ્યારે પરાર્થશ્રુતજ્ઞાન વાચાળ છે અને તે અન્યને જ્ઞાન પ્રદાન કરી શકે છે. પરંતુ પરાર્થશ્રુતજ્ઞાનની મર્યાદા છે કે તે વચનયોગથી વસ્તુના પરસ્પર વિરોધી એક દૃષ્ટિબિંદુની અપેક્ષાપૂર્વક જ કરવું પડે છે. આથી આ પરાર્થશ્રુતજ્ઞાન વસ્તુનું એકદેશીય જ્ઞાન કરાવતું હોવાથી નયજ્ઞાન છે. આમ તો નય અને નયગર્ભિત અનેકાંતવાદ અત્યંત ગહન, સૂક્ષ્મ

બુદ્ધિગમ્ય છે અને ઘણાં લાંબાકાળના સતત આયાસ પછી જ તેનું હાર્દ પકડી શકાય છે. આમ છતાં પણ સિક્કાદર્શનની ઉપમાથી આ ગંભીર અને ગહનતત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ.

સિક્કાની બે બાજુઓ છે. એક બાજુ છાપ અને બીજી બાજુ કાંટો છે. આ બેઉ બાજુઓ સહિત સિક્કાના સ્વરૂપનું જ્ઞાન આપણા મતિજ્ઞાનમાં (માનસજ્ઞાનમાં) અક્રમથી યાને યુગપત્ વર્તે છે એટલે કે મતિજ્ઞાનથી આપણે સિક્કાની બેઉ બાજુઓને યુગપત્ જાણીએ છીએ. પરંતુ સિક્કાનું નેત્રથી દર્શન કરવું હોય તો આપણા ચક્ષુઓએ સિક્કા પ્રતિ દૃષ્ટિપાત કરવો પડે છે અને કોઈપણ દૃષ્ટિકોણથી દૃષ્ટિપાત કરતા સિક્કાની બેઉ બાજુઓને આપણે યુગપત્ જોઈ શકતા નથી તેના બે કારણો છે. એક છે સિક્કાની બેઉ બાજુઓની પરસ્પર વિરુદ્ધ દિશાભિમુખતા અને બીજું આવી વિરુદ્ધ દિશાભિમુખ બાજુઓને કોઈપણ એક દૃષ્ટિકોણથી એકી સાથે જોઈ શકવાની આપણા નેત્રોના દૃષ્ટિપાતની અશક્તિ. વળી જો સિક્કાને મધ્યમ દૃષ્ટિકોણથી (આ.૩) જોવામાં આવે, એટલે કે સિક્કાની બેઉ બાજુઓ ઉત્તર-દક્ષિણ દિશાભિમુખ હોય ત્યારે આપણા દૃષ્ટિપાતની રેખા પૂર્વ-પશ્ચિમ યા પશ્ચિમ-પૂર્વ દિશાભિમુખ કરીને જોવામાં આવે ત્યારે સિક્કાની કોઈપણ બાજુનું દર્શન નથી થઈ શકતું અને માત્ર એક સીધી રેખા-સિક્કાની ધારમાત્ર દેખાશે પરંતુ સિક્કાનું છાપ-કાંટારૂપ સ્વરૂપ અવ્યક્ત રહી જશે. હવે આપણે કોઈ એક સપાટી પર સ્થાપિત દૃષ્ટિકોણ બિંદુઓ પરથી સ.પૂર્વક સિક્કાનું સર્વાંગી દર્શન કરવાનો પ્રયત્ન કરીએ. અત્રે દર્શાવેલી આકૃતિ (આ.૧) મુજબ એક ગોળ પેજની સપાટીની મધ્યમાં સિક્કાને તેની ધાર પર ઊભો રાખો.



આ. ૧



આ. ૨



આ. ૩

તમારા નેત્રને એવી સપાટી પર ગોઠવો કે જેથી સિક્કાના મધ્યબિંદુ પર કેન્દ્રિત તમારા દૃષ્ટિપાતની રેખા મેજની સપાટીથી સમાંતર રહે. આ.૧ મુજબ સિક્કાની છાપબાજુ દક્ષિણાભિમુખ છે. જ્યારે કાંટા બાજુ ઉત્તરાભિમુખ છે. બિંદુ 'G' પરથી જોતાં તમોને સિક્કો સંપૂર્ણ ગોળ જણાશે અને તેની માત્ર છાપ બાજુ જ જણાશે. હવે તમારા દૃષ્ટિપાતની રેખાને મેજની સપાટીથી સમાંતર રાખીને

મેજની ફરતું ચક્કર મારશો તો સિક્કાની પહોળાઈ સાંકડી થતી થતી 'A' બિંદુ પર આવતા આ.૩ મુજબ સિક્કાની માત્ર ધાર- એક સીધી રેખા જ જણાશે અને સિક્કાનું છાપ-કાંટારૂપ સ્વરૂપ અવ્યક્ત થઈ જશે. હવે આગળ વધતા સિક્કાની પહોળાઈ જણાવા લાગશે અને તે વધતી વધતી 'C' પર આવતા ફરી પાછો સિક્કો સંપૂર્ણ ગોળ જણાશે પરંતુ અત્રે આ.૨ મુજબ સિક્કાની ઉત્તરાભિમુખ કાંટા બાજુ જ જણાશે. ટૂંકમાં મેજ ફરતું ૩૬૦°નું સંપૂર્ણ ચક્કર મારતા અસંખ્ય દૃષ્ટિકોણ બિંદુઓ (દ.કો.બિં.) પરથી (વર્તુળની પરિધિ પરના બિંદુઓ અસંખ્ય હોવાથી) સિક્કાના અસંખ્ય આકારોનું સ્વરૂપનું ક્રમિક દર્શન થાય છે. આકારો અસંખ્ય છે કારણ કે સિક્કાની ધારથી સિક્કાની સંપૂર્ણ ગોળાઈની મધ્યમાં અસંખ્ય પહોળાઈઓ દૃષ્ટિગોચર થાય છે.

ઉપરોક્ત ભિન્ન ભિન્ન દિશાભિમુખ દ.કો.બિં.ઓનો બે પ્રધાન ભેદોમાં સમાવેશ થાય છે. 'A' અને 'E'ની વચમાં ઉત્તરાભિમુખ 'F', 'G', 'H' આદિ અસંખ્ય દ.કો.બિં.ઓ છે. જે સર્વનો ઉત્તરાભિમુખ દ.કો.બિં.ઓમાં અને D, C, B આદિ અસંખ્ય દ.કો.બિં.ઓનો દક્ષિણાભિમુખ દ.કો.બિં.ઓમાં થાય છે. અત્રે આપણે જોઈ શકીએ છીએ કે D, C, B આદિ પ્રત્યેક દક્ષિણાભિમુખ દ.કો.બિં.ઓની દિશાથી બીલકુલ વિરુદ્ધ દિશાભિમુખ H,G,F આદિ ઉત્તરાભિમુખ દ.કો.બિં.ઓ અવશ્ય પ્રાપ્ત થાય છે. આથી સિક્કા સ્વરૂપ દર્શનના જે બે ભેદે અસંખ્ય દ.કો.બિં.ઓનો સમૂહ છે તે પરસ્પર વિરુદ્ધ દિશાભિમુખ દ.કો.બિં.ઓના યુગલો A-E, B-F, C-G, D-H આદિ રૂપે પ્રાપ્ત થાય છે. ટૂંકમાં કોઈપણ એક દ.કો.બિં.થી વિરુદ્ધ દિશાભિમુખ દ.કો.બિં. અવશ્ય પ્રાપ્ત થાય છે, અને જે એક

દ.કો.બિ.થી સિક્કાની ઉત્તરાભિમુખ બાજુ જણાય છે. ત્યારે તેની વિરુદ્ધ દિશાભિમુખ દ.કો.બિ.થી સિક્કાની દક્ષિણાભિમુખ બાજુ જણાય છે. વળી આ બેઉ વિરુદ્ધ દિશાભિમુખ દ.કો.બિ.ઓથી સિક્કાની આકૃતિની પહોળાઈ એક સરખી દેખાય છે. તેમાં પણ ભેદ છે કારણ કે એક બાજુથી જણાતી જે જમણી બાજુ છે તે વિરુદ્ધ બાજુથી ડાબી બાજુ થઈ જાય છે અને ડાબી બાજુ જમણી બાજુ થઈ જાય છે. આ રીતે આકૃતિમાં પણ પરિવર્તન થાય છે.

વળી A અને E દ.કો.બિ.થી જોતાં સિક્કાનું સ્વરૂપ અવ્યક્ત થઈ જાય છે અને જે અવ્યક્ત છે તેમાં સ્વરૂપ ભેદ ઘટે નહિ. આ A અને E દ.કો.બિ.ઓ જેટલા દક્ષિણાભિમુખ છે તેટલા જ ઉત્તરાભિમુખ પણ છે કારણ કે તેઓ ઉત્તર-દક્ષિણાભિમુખ દ.કો.બિ.ઓની બીલકુલ મધ્યમાં છે. અન્ય રીતે કહેતા A & E યુગપત્ ઉત્તરાભિમુખ અને દક્ષિણાભિમુખ દ.કો.બિ.ઓ છે.

જેવી રીતે સિક્કાનું સ્વરૂપ પરસ્પર વિરુદ્ધ દિશાભિમુખ પાસાઓના અનેક યુગલોમય છે તેવી જ રીતે વસ્તુ (Being-Substance)નું સ્વરૂપ આપણા માનસજ્ઞાનમાં અર્થાત્ મતિજ્ઞાનમાં અંકિત થયેલું છે એટલે કે જેવી રીતે સિક્કાના પરસ્પર વિરુદ્ધ દિશાભિમુખ પાસાઓને આપણે આપણા મતિજ્ઞાનથી અક્રમથી જાણીએ છીએ તેવી જ રીતે વસ્તુના પરસ્પર વિરોધી ધર્મોનું આપણને યુગપત્ મતિજ્ઞાન છે. પરંતુ જેવી રીતે સિક્કાનું નેત્રદર્શન કરવા માટે દ્રષ્ટાએ કોઈ એક દ્રષ્ટિકોણબિંદુ પરથી દ્રષ્ટિપાત કરવો પડે છે તેવી રીતે વસ્તુસ્વરૂપનું વચનયોગથી (ભાષાથી)વિધાન કરવા માટે વક્તાએ કોઈ એક દ્રષ્ટિબિંદુનું (નયનું) આલંબન લેવું પડે છે અર્થાત્ વસ્તુસ્વરૂપનું વિધાન કોઈ એક દ્રષ્ટિબિંદુ યાને નયસાપેક્ષ જ થઈ

શકે છે. વળી જેવી રીતે કોઈ એક દ.કો.બિ.થી દ્રષ્ટિપાત કરતા સિક્કાની વિરુદ્ધ દિશાભિમુખ બેઉ બાજુનું યુગપત્ દર્શન થઈ શકતું નથી તેવી જ રીતે કોઈ એક નયથી વસ્તુના પરસ્પર બે વિરોધી ધર્મોનું યુગપત્ વિધાન થઈ શકતું નથી. વળી જેવી રીતે સિક્કાની બેઉ વિરુદ્ધ દિશાભિમુખ બાજુઓનું દર્શન કરવા માટે દ્રષ્ટાએ પરસ્પર વિરુદ્ધ દિશાભિમુખ બે ભિન્ન ભિન્ન દ.કો.બિ.ઓ પરથી ક્રમપૂર્વક દ્રષ્ટિપાત કરવો પડે છે તેવી જ રીતે વસ્તુના પરસ્પર વિરોધી બે ધર્મોનું વિધાન કરવા માટે વક્તાએ પરસ્પર વિરોધી બે નયોની ક્રમપૂર્વક અપેક્ષા લઈને ક્રમપૂર્વક વિધાન કરવું પડે છે. વળી જેમ પરસ્પર બે વિરુદ્ધ દિશાભિમુખ દ.કો.બિ.ઓની મધ્યમાં રહીને મધ્યમ દિશાભિમુખ દ.કો.બિ.થી દ્રષ્ટિપાત કરતા સિક્કાની કોઈપણ બાજુનું દર્શન થઈ શકતું નથી યાને કે સિક્કાનું સ્વરૂપ જ અવ્યક્ત થઈ જાય છે. તેવી જ રીતે પરસ્પર વિરોધી બે નયોમાં માધ્યસ્થ રહી અર્થાત્ પરસ્પર વિરોધી બે નયોની યુગપત્ અપેક્ષાએ વસ્તુના વિરોધી બેમાંથી કોઈપણ ધર્મનું વક્તા વિધાન કરી શકતો નથી અને વસ્તુનું સ્વરૂપ અવ્યક્ત થઈ જાય છે. જેવી રીતે સિક્કાની ફરતું સંપૂર્ણ ચક્કર ફરતા અસંખ્ય દ્રષ્ટિકોણ બિંદુઓ પરથી દ્રષ્ટિપાત કરતા સિક્કાના અસંખ્ય આકારોનું ક્રમિક દર્શન થાય છે તેવી જ રીતે વક્તા ભિન્ન ભિન્ન અસંખ્ય નયોની ક્રમિક અપેક્ષાપૂર્વક વસ્તુના અસંખ્ય ધર્મોનું ક્રમિક વિધાન કરે છે. જેવી રીતે જે અસંખ્ય દ.કો.બિ.ઓ પરથી દ્રષ્ટિપાત કરતા સિક્કાના સંપૂર્ણ સ્વરૂપનું ક્રમિક દર્શન થાય છે તે સર્વ દ્રષ્ટિકોણ બિંદુઓના દક્ષિણાભિમુખ અને ઉત્તરાભિમુખ દ.કો.બિ.ઓ એવા બે પ્રધાન ભેદોમાં સમાવેશ થાય છે તેવી જ રીતે જે અસંખ્ય નયોથી વક્તા ક્રમપૂર્વક વસ્તુના સંપૂર્ણ

સ્વરૂપનું નિધાન કરી શકે છે તે સર્વ નયોનો ભેદનય અને અભેદનય એવા બે પ્રધાન ભેદોમાં સમાવેશ થાયછે. અભેદદૃષ્ટિ દ્રવ્યાર્થિકનય છે અને ભેદદૃષ્ટિ પર્યાયાર્થિકનય છે. જૈન પરિભાષામાં વક્તાના ભેદ યા અભેદ કોઈ એક દૃષ્ટિબિંદુને નય કહેવાય છે. નય એટલે વક્તાનો વસ્તુસ્વરૂપ વિષેનો કોઈ એક દૃષ્ટિબિંદુ સાપેક્ષ અભિપ્રાય કહી શકાય. નયજ્ઞાન વસ્તુનું એક દેશજ્ઞાન છે કારણ કે તે વસ્તુના અનેક ધર્મોમાંથી કોઈ એક ધર્મથી વસ્તુનું સ્વરૂપ જણાવે છે.

૮. દ્રવ્ય અનુત્પન્ન અવિનાશી છે :

આપણી દૃષ્ટિમર્યાદામાંથી કોઈ પદાર્થ દૂર થતાં આપણે તેનો નાશ માની લઈએ છીએ અને આપણી દૃષ્ટિમર્યાદામાં નવીન વસ્તુ ઉપસ્થિત થતા તેની ઉત્પત્તિ માની લઈએ છીએ. પરંતુ સૂક્ષ્મ વિચારણા નિર્ણય કરે છે કે વસ્તુતઃ પદાર્થનો નાશ નથી તેમ જ અવસ્તુની ઉત્પત્તિ પણ નથી અર્થાત્ સદ્‌ભાવનો વંધ્યાપુત્રવત્ અત્યંતાભાવ થતો નથી તેમજ વંધ્યાપુત્રવત્ અત્યંતાભાવમાંથી સદ્‌ભાવ નીપજતો નથી. ઉત્પત્તિ અને નાશ જણાય છે તે સર્વ માત્ર રૂપાંતરો જ છે. ભાવનો કદાપિ મૂળથી અભાવ થતો નથી પરંતુ અભાવ કોઈ અન્ય ભાવપૂર્વક જ થાય છે, જેમ કે માટીના પીંડાકારનો નાશ ઘટની ઉત્પત્તિપૂર્વક થાય છે. તેવી જ રીતે ઘડાની ઉત્પત્તિ અર્થાત્ ઘટભાવ માટીના પિંડાકારના નાશપૂર્વક જ થાય છે, ભાવ અન્યના અભાવપૂર્વક જ થાય છે. જો આમ ન માનતા માટી વિના ઘડાની ઉત્પત્તિ માનીએ તો અસત્‌ની ઉત્પત્તિ માનવી પડે અને માટીના પિંડાકારનો નાશ થાય છતાં ઘટાદિની ઉત્પત્તિ ન માનીએ તો સતનો નાશ માનવો પડે. "સત્‌નો નાશ નથી અને અસત્‌ની ઉત્પત્તિ નથી." ન્યાયના આ સિદ્ધાંતનો અપલાપ ઘટતો નથી.

વિશ્વમાં કોઈ એક પરમાણુ પણ નવીન ઉપજતો નથી કે જેટલા છે તેમાંથી એકનો પણ નાશ કદાપિ થતો નથી. તેવી જ રીતે જગતમાં એકપણ જીવ નવીન ઉપજતો નથી અને જેટલા છે તેમાંથી એકનો પણ નાશ થતો નથી. જગતમાં મૂળભૂત દ્રવ્યોની સંખ્યા અચલ (constant) છે. તેમાં એકની પણ હાની યા વૃદ્ધિ ઘટતી નથી. આધુનિકવિજ્ઞાન આ સિદ્ધાંત તેમાં કોનઝર્વેશન લૉ (conservation law) દ્વારા સ્વીકારે છે. વસ્તુની અનાદિ અનંતતા અર્થાત્ વસ્તુનું અનુત્પન્નપણું તેમજ તેનું અવિનાશીપણું સ્વીકાર્યા વિના કોઈપણ દર્શન યા વિજ્ઞાન પોતાનું માળખું ઉભું કરી શકતું નથી. આધુનિક-વિજ્ઞાનની કોઈપણ શાખાના સિદ્ધાંત અને સૂત્રોમાં આ સિદ્ધાંત અંતર્ભૂત થયો હોય જ છે.

૯. લોકવ્યવહારમાં અનેકાંતની સ્વીકૃતિ :

આપણા સાંસારિક વ્યવહારમાં અનેકાંતવાદની સ્વીકૃતિ સમાયેલી છે પરંતુ આપણને તેનું ભાન નથી. લોકમાં કહેવત છે. "આત્મા અમર છે." બીજી કહેવત છે "નામ તેનો નાશ છે." આત્મા પણ કોઈ વસ્તુનું નામ છે તેથી આ બીજી કહેવત મુજબ આત્મા નામની વસ્તુ પણ નાશવંત ઠરે છે. આ રીતે આ બેઉ કહેવતોનું વિધાન પરસ્પર વિરોધી હોવા છતાં પણ આપણે ભાગ્યે જ આ કહેવતોની યથાર્થતામાં વાંધો ઉઠાવીએ છીએ. "આત્મા અમર છે." ત્યાં અમર એટલે અવિનાશી, શાશ્વત, નિત્ય, ધ્રુવ અને નાશવંત એટલે અનિત્ય, વિનાશી, અધ્રુવ. આમ એક કહેવત આત્માને નિત્ય કહે છે અને બીજી તેને અનિત્ય કહે છે. આમ છતાં પણ આપણને આ કહેવતોમાં વિસંવાદ શા માટે નથી જણાતો ? જો ઉંડો વિચાર કરતાં જણાશે કે આવા પરસ્પર વિરોધી વિધાનો

કોઈ એક જ દૃષ્ટિબિંદુપૂર્વક તો ઘટી ના શકે, આની પાછળ બે વિરોધી દૃષ્ટિબિંદુઓની અપેક્ષા કામ કરી રહી હોવી જોઈએ. જેવી રીતે સિક્કાની પરસ્પર વિરોધી દિશાભિમુખ બે બાજુઓનું કોઈપણ દ.કો.બિ.થી નિહાળતા દર્શન થઈ શકતું નથી. પરંતુ તે બેઉ પાસાઓનું દર્શન કરવા પરસ્પર વિરુદ્ધ દિશાભિમુખ ક્રમપૂર્વક બે દ.કો.બિ.ઓ પરથી સિક્કાનું દર્શન કરવું પડે છે, તેવી જ રીતે વસ્તુના "નિત્ય" અને "અનિત્ય" એવા બે વિરોધી ધર્મોનું કોઈ એક નયની અપેક્ષાએ વિધાન થઈ શકતું નથી પરંતુ તે વિરોધી ધર્મોનું પરસ્પર વિરોધી બે નયોની ક્રમિક અપેક્ષાપૂર્વક જ થઈ શકે છે. તેથી આપણે એ વિચારવાનું છે કે આત્માને નિત્ય કહેનાર કયો નય છે અને તેને અનિત્ય કહેનાર કયો નય છે.

૧૦. દ્રવ્યાર્થિકનયની અભેદદૃષ્ટિ :

આ પૂર્વે આપણે જોઈ ગયા છીએ કે જેનું અસ્તિત્ત્વ છે તેનો સર્વથા મૂળથી અત્યંતાભાવ થતો નથી અને સર્વથા અત્યંતાભાવરૂપ અવસ્તુમાંથી વસ્તુ ઉત્પન્ન થતી નથી. જેને આપણે ઉત્પત્તિ અને નાશ અથવા વ્યય કહીએ છીએ તે તત્ત્વતઃ તો માત્ર રૂપાંતર યાને અર્થાન્તર જ છે. વસ્તુ પોતાની એક અવસ્થાનો ત્યાગ કરી નવીન અવસ્થા ધારણ કરે છે તેને રૂપાંતર અથવા અર્થાન્તર કહેવાય છે. આવી રીતે રૂપાંતર કરતી વસ્તુ કાળક્રમે જે ભિન્ન ભિન્ન અવસ્થાઓ યાને પરિણામો ધારણ કરે છે તેને જૈન પરિભાષામાં પર્યાયો કહેવાય છે.

કુંભકાર માટી દ્રવ્ય લઈ તેનો પિંડો બનાવે છે, પછી તેને ચાક પર ચઢાવી પ્રથમ તે પિંડાને સ્થાલી (થાળ, રકાબી) જેવો આકાર આપે છે, પછી તેને કોષ (ઉંડી વાટકી) જેવો આકાર આપે છે એ

ઉત્તરોત્તર માટીમાંથી પિંડો, સ્થાસ, કોષ, કશુલાદિ અને અંતે ઘડો બનાવે છે. આ પિંડ, સ્થાલી, કોસ, ઘડો આદિ સર્વ માટી દ્રવ્યની જ ભિન્ન ભિન્ન આકૃતિઓ છે. તે સર્વ માટી સ્વરૂપ જ છે. માટી અને પિંડાદિ ભિન્ન ભિન્ન વસ્તુ નથી. તે સર્વ માટીની જ ભિન્ન ભિન્ન આકૃતિઓ અથવા અવસ્થાઓ છે. માટીના તે સર્વ પર્યાયો છે. જેની દૃષ્ટિ માટીમાં જ ખૂંપેલી છે. તેની દૃષ્ટિમાં માટી જે પિંડ, સ્થાલી આદિ પર્યાયો ધારણ કરે છે તે પર્યાયો આવતા જ નથી. તેની દૃષ્ટિમાં તો પિંડાદિ સર્વ પર્યાયોમાં માત્ર માટીના જ દર્શન થાય છે. એક માટી દ્રવ્યમાં જે રૂપાંતરો થાય છે તેને આ દૃષ્ટિ રૂપાંતર સ્વરૂપે જોતી જ નથી. તેની દૃષ્ટિમાં તો એક માટી દ્રવ્ય જ આવે છે. "આત્મા અમર છે." કહેનારની પણ આ જ દૃષ્ટિ છે.

અનાદિકાલીન નિગોદ અવસ્થામાંથી વ્યવહારરાશિમાં આવી જીવ આ સંસારમાં ભિન્ન ભિન્ન ગતિ, જાતિ આદિ પર્યાયોમાં ભ્રમણ કરે છે. અનેક પ્રકારના ભિન્ન ભિન્ન તિર્યંચ પર્યાયોમાં પરિભ્રમણ કરતા કરતા ક્યારેક મનુષ્ય થાય, મનુષ્ય મટીને દેવગતિ પણ પ્રાપ્ત કરે છે, દેવપર્યાય ત્યજી તે જ જીવ ફરી મનુષ્ય પણ થાય અથવા પશુ, પક્ષી, મગર, મચ્છર અને ક્યારેક એકેન્દ્રિયજાતિમાં પૃથ્વી, વનસ્પતિ આદિ સ્થાવરકાયપણું પણ પ્રાપ્ત કરે અને આવી રીતે ભ્રમણ કરતા કરતા નારકપણું પામે છે. આવી રીતે અનંતાનંત પર્યાયોને પ્રાપ્ત કરતો થકો ભવ્ય જીવ સિદ્ધ પણ થઈ જાય છે અને તેના સાંસારિક પર્યાયોનો અંત આવે છે.

જે નયના આલંબને વક્તા આત્માને અમર, અવિનાશી, શાશ્વત, ધ્રુવ આદિ કહે છે તે નયની દૃષ્ટિમાં જીવ નિગોદથી લઈ સિદ્ધ થતા સુધી જે ભિન્ન ભિન્ન પર્યાયો ધારણ કરે છે તે પર્યાયો આ

દૃષ્ટિમાં આવતા જ નથી. એક જીવદ્રવ્ય કાળક્રમથી જે અર્થાન્તરો પ્રાપ્ત કરે છે તેને આ દૃષ્ટિ અર્થાન્તર સ્વરૂપે જોતી જ નથી. આ દૃષ્ટિ તો કહે છે "અર્થાન્તરો છે જ ક્યાં ? શું તે જીવનો કોઈ ગુણ નાશ પામ્યો છે ? નાશની તો વાત જ જવા દો. તેના ગુણમાં એક અંશની પણ હાનિ યા વૃદ્ધિ કદાપિ થતી નથી. વળી તેના પ્રદેશદળમાંથી એક પ્રદેશની પણ કદાપિ હાનિ યા વૃદ્ધિ થતી નથી. આમ છે, તો પછી અર્થાન્તર ક્યાંથી આવ્યું ? ભેદ ક્યાં થયો ? તે જીવના સ્વરૂપમાં વિશેષતા ક્યાં આવી ? વિનાશનો તો સવાલ જ ઉપસ્થિત નથી તો તમો માનો છો તે પર્યાય વિશેષો તો મારી દૃષ્ટિમાં આવતા જ નથી તો હું તેને કેમ માની શકું ? મારી દૃષ્ટિમાં તો એક, નિર્વિકલ્પ (અખંડ, અભેદસ્વરૂપ) નિત્ય, શાશ્વત જીવ, દ્રવ્ય જ જણાય છે. આ જ વસ્તુ છે. જે પોતાના એક અખંડ સ્વરૂપમાં હંમેશા અવસ્થિત છે તે જ તાત્ત્વિક વસ્તુ છે, તે જ સત્ છે. તમો માનો છો તે પર્યાયો કે જે પૂર્વે હતા નહિ અને જે ઉત્તરકાળમાં પણ નથી તો વર્તમાનમાં આવ્યા ક્યાંથી ? આવી અસત્ વસ્તુને મનાય જ કેમ ? આવી રીતે જે નય વસ્તુને અખંડ, અભેદ અવિશેષિત પોતાના સામાન્ય એક રૂપમાં સદા અવસ્થિત, નિત્ય અર્થાત્ અવિનાશી માને છે તેને દ્રવ્યાર્થિકનય અથવા દ્રવ્યાસ્તિકનય કહેવાય છે. દ્રવ્યાર્થિકનય અભેદદૃષ્ટિ છે કારણ કે દ્રવ્ય જે ભિન્ન ભિન્ન પર્યાય ભેદોને પ્રાપ્ત કરતો થકો નિરંતર કાળમાં નિર્ગમન કરે છે તે પર્યાયો આ દૃષ્ટિમાં ઉપલબ્ધ થતા જ નથી. આ નય દ્રવ્યને જ સત્ માને છે અને પર્યાયને અસત્ માને છે.

૧૧. પર્યાયાર્થિકનયની ભેદદૃષ્ટિ :

"નામ તેનો નાશ છે" કહેનારની દૃષ્ટિનું હવે વિશ્લેષણ

કરીએ. દ્રવ્ય કાળક્રમે જે ભિન્ન ભિન્ન પર્યાયોને ધારણ કરે છે તે પર્યાયોમાં જ આ નયની દૃષ્ટિ ખૂંપી ગઈ છે. તે ભિન્ન ભિન્ન પર્યાયોને જે ધારણ કરે છે તે અથવા તે ભિન્ન ભિન્ન પર્યાયો જેના થાય છે તે, અથવા તે ભિન્ન ભિન્ન પર્યાયોમાં અનુગત જે સામાન્ય વસ્તુ છે તે દ્રવ્ય આ દૃષ્ટિમાં ઉપલબ્ધ થતું જ નથી. તેની દૃષ્ટિમાં તો પ્રતિક્ષણ ઉત્પન્ન થતા અને અનંતર સમયે નાશ પામતા માત્ર પર્યાયો જ ઉપલબ્ધ થાય છે. પર્યાય પર્યાયમાં તેને માત્ર ભેદ જ જણાય છે, પ્રત્યેક પર્યાય તેને વિશેષ સ્વરૂપમાં જ જણાય છે. આથી તેની દૃષ્ટિમાં વસ્તુમાત્ર ક્ષણક્ષયી યાને નાશવંત છે. આ સર્વ પર્યાયોમાં અનુગત દ્રવ્ય નામની કોઈ નિત્ય અને સામાન્ય વસ્તુ આ નયમાં ઉપલબ્ધ થતી નથી તેથી તે માને કેમ ? આથી તે દ્રવ્યને અસત્ માને છે. આ નય તો કહે છે, "દ્રવ્ય નામની કોઈ નિત્ય વસ્તુ છે જ નહિ. શું મનુષ્ય નિત્ય છે ? દેવ અમર છે ? વિશ્વમાં કઈ વસ્તુ નિત્ય છે તે તો કહો ? વળી ભિન્ન ભિન્ન તેમજ અન્યોન્ય વિલક્ષણ પર્યાયોમાં તમોને એકરૂપતા જણાય છે, તેમાં તમોને કોઈ સામાન્ય તત્ત્વ જણાય છે. પરંતુ હું પૂછું છું કે મનુષ્ય અને પાષાણ (પૃથ્વીકાયનો જીવ)માં તમને એકરૂપતા જણાય છે ? શું દેવ અને દાનવમાં એકરૂપતા છે ? દેવ, દાનવ, મનુષ્ય, મગર, મત્સ્ય, પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ આદિમાં સામાન્યપણું ક્યાં છે ? મારી દૃષ્ટિમાં તો પ્રતિક્ષણ ઉત્પન્ન થતી અને અનંતર સમયે નાશ પામતી વસ્તુ જ જણાય છે. વસ્તુમાત્ર વિનાશી છે, પ્રત્યેક ક્ષણ વિલક્ષણ છે. ભિન્ન ભિન્ન અનેક વિશેષો જ છે. આવી ક્ષણિક વસ્તુ જ સત્ છે. દ્રવ્ય જેવી કોઈ સામાન્ય અને નિત્ય વસ્તુ છે જ નહિ. દ્રવ્ય અસત્ છે. આવી રીતે જે નય વસ્તુને ક્ષણિક, અને વિશેષરૂપ માને છે તે પર્યાયાર્થિકનય છે. પર્યાયાર્થિકનય ભેદદૃષ્ટિ છે કારણ કે તે

પર્યાયોમાં અનુગત અભેદદ્રવ્ય તત્ત્વને માનતો નથી. આવી રીતે એકની એક વસ્તુ દ્રવ્યાર્થિક નયાપેક્ષાએ નિત્ય છે અને પર્યાયાર્થિક નયાપેક્ષાએ અનિત્ય છે.

દ્રવ્યાર્થિક નયાપેક્ષાએ એક છે અને પર્યાયાર્થિક નયાપેક્ષાએ અનેક છે.

દ્રવ્યાર્થિક નયાપેક્ષાએ સામાન્ય છે અને પર્યાયાર્થિક નયાપેક્ષાએ વિશેષ છે.

દ્રવ્યાર્થિક નયાપેક્ષાએ અભેદ (નિર્વિકલ્પ) છે અને પર્યાયાર્થિક નયાપેક્ષાએ ભેદરૂપ (અવિકલ્પ) છે.

દ્રવ્યાર્થિક નયાપેક્ષાએ અવિનાશી છે અને પર્યાયાર્થિક નયાપેક્ષાએ વિનાશી છે.

દ્રવ્યાર્થિક નયાપેક્ષાએ અનાદિ અનંત છે અને પર્યાયાર્થિક નયાપેક્ષાએ સાદિસાંત છે.

દ્રવ્યાર્થિક નયાપેક્ષાએ પર્યાય અસત્ છે અને પર્યાયાર્થિક નયાપેક્ષાએ દ્રવ્ય અસત્ છે.

ઉપરોક્ત બે નયો તો ભેદ અને અભેદદૃષ્ટિનો એક પ્રકાર છે. આ ભેદાભેદદૃષ્ટિનો બીજો અગત્યનો પ્રકાર પણ લોકપ્રસિદ્ધ કહેવતોમાં જ છુપાયેલો પડ્યો છે તેને હવે શોધી કાઢીએ.

૧૨. સંગ્રહનયની અભેદદૃષ્ટિ :

મનુષ્ય એક સ્વાર્થી પ્રાણી છે. પુરુષનો સ્વભાવ ભમરા જેવો છે. સ્ત્રીનું ચરિત્ર દેવો પણ કળી શકતા નથી. આ લૌકિક વ્યવહાર પ્રસિદ્ધ ઉક્તિઓમાં રેખાંકિત શબ્દોનો એક વચનમાં પ્રયોગ શા માટે કરીએ છીએ ? શું તે તે શબ્દ કોઈ એક વ્યક્તિ વિશેષનો વાચક

છે? તે તે ઉક્તિ કોઈ વ્યક્તિ વિશેષનું જ લક્ષણ દર્શાવે છે ? ના, તેમ તો નથી. વ્યાકરણશાસ્ત્રમાં આ શબ્દોને સામાન્ય નામ કહેવાય છે, કારણ કે તે તે શબ્દ પોતપોતાની જાતિની સર્વ વ્યક્તિઓનો અર્થાત્ તે તે શબ્દના વાચ્ય અર્થમાત્રનો સંગ્રહ કરી-અનેકનું એકીકરણ કરી તે અનેકના સમૂહને એક સામાન્ય નામથી સંબોધે છે.

વ્યાકરણ, ભાષાનું વિજ્ઞાન છે, પરંતુ ભાષાની રચના વ્યાકરણ શાસ્ત્રના સિદ્ધાંતોનું આલંબન લઈને નથી થઈ. પરંતુ ભાષાના આધારે વ્યાકરણ રચાય છે. વ્યાકરણશાસ્ત્રનો મૂલાધાર તો લોકવ્યવહારમાં સાહજિક વિકાસ પામેલી ભાષા છે. ભાષાની રચના પંડિતો નથી કરતા. અબુધજનોના પરસ્પરના વ્યવહારમાંથી આપોઆપ ભાષા રચાય છે અને તેમના સામાજિક વિકાસની સાથે સાથે ભાષા પણ વિકાસ પામે છે. અન્યોન્ય સંપર્ક રહિત ભિન્ન ભિન્ન દેશોમાં અલગ અલગ પ્રજા વસે છે તેથી અનેક ભાષાઓનો વિકાસ થયો છે. ભાષાઓની અનેકતા છતાં તે પ્રત્યેક ભાષામાંથી ઉત્પન્ન થતાં વ્યાકરણશાસ્ત્રોમાં સામ્યતામાં કયું કારણ છે ? આ સમાનતા આકસ્મિક તો માની ન શકાય. આની પાછળનું રહસ્ય તો એક જ છે કે ભાષાની રચના દર્શનશાસ્ત્રના બિલકુલ અજાણ એવા અબુધજનોએ કરી હોવા છતાં પણ તે નૈસર્ગિક પદાર્થોને અનુસરણ કરતી હોય છે. આથી લોકભાષામાં અંતર્ભૂત થયેલા સિદ્ધાંતોનું વિશ્લેષણ કરનાર વ્યાકરણશાસ્ત્ર જ્યારે અનેકના સંગ્રહને એક સામાન્ય નામથી એકવચનમાં સંબોધે છે. ત્યારે તે સંબોધન જે દૃષ્ટિનું આલંબન લે છે તે લૌકિક વ્યવહારમાં પ્રતિષ્ઠા પામેલી યથાર્થદૃષ્ટિ છે અને તે જ સંગ્રહનય છે.

એક જ કાળમાં અવસ્થિત ભિન્ન ભિન્ન દેશમાં (ક્ષેત્રમાં)* રહેલા એવા પદાર્થોમાં રહેલા અન્યોન્ય વ્યવચ્છેદક અસાધારણ યાને વિશેષ ગુણધર્મો જેની દૃષ્ટિમાં આવતા જ નથી પરંતુ તે સર્વમાં અભેદ યાને એકત્વબુદ્ધિ ઉત્પન્ન કરનાર તે સર્વમાં રહેલા સામાન્ય ગુણધર્મો જ જેની દૃષ્ટિમાં ઉપલબ્ધ થાય છે તે અભેદદૃષ્ટિ સંગ્રહનય છે. સંગ્રહનય વસ્તુ સામાન્યને જ જુએ છે. તેની દૃષ્ટિએ સામાન્ય સત્ છે. સંગ્રહનય વિશેષને અસત્ કહે છે. કારણ કે વસ્તુ વસ્તુમાં ભેદબુદ્ધિ ઉત્પન્ન કરનાર તે તે વસ્તુમાં રહેલા અસાધારણ યાને વિશેષ ગુણધર્મો સંગ્રહનયમાં ઉપલબ્ધ થતા જ નથી.

૧૩. વ્યવહારનયની ભેદદૃષ્ટિ :

સંગ્રહનય કહે છે, "જીવ એક છે." જીવનું લક્ષણ ચેતના છે અથવા ઉપયોગ જીવનું લક્ષણ છે. આથી ઉપયોગ અથવા ચેતના લક્ષણથી લક્ષિત જે એક પદાર્થ છે તેને જ સંબોધીને સંગ્રહનય કહે છે, "જીવ એક છે." જીવ જીવમાં તેને કોઈ ભેદ જણાતો નથી. આ નયનો વિરોધી વ્યવહારનય છે. ભેદ અને વ્યવહારનો એક જ અર્થ છે. વ્યવહાર કરવો એટલે ભેદ કરવો. જ્યારે દૃષ્ટિ ભેદગામી બને છે ત્યારે તે સર્વ જીવોને એકરૂપે ન જોતાં તેમાં રહેલી વિશેષતાઓને નિહાળી કહે છે, "જીવ બે છે." કારણ કે તેની દૃષ્ટિમાં સંસારી અને સિદ્ધ એવા બે પ્રકારના જીવો જણાય છે. ભેદગામી વ્યવહારનય જેમ જેમ જીવ, જીવમાં રહેલી વધુને વધુ વિશેષતાઓના દર્શન કરે છે તેમ તેમ સંગ્રહનય ગૃહીત એક જ રાશિના ભેદોની સંખ્યામાં વધારો થતો જાય છે જેમ કે :

* સામાન્ય રીતે વસ્તુનું ક્ષેત્ર એટલે તે વસ્તુ અવગાહિત ક્ષેત્ર યાને અવકાશખંડ લેવામાં આવે છે. પરંતુ તત્ત્વતઃ વસ્તુનું પ્રદેશદળ તેનું ક્ષેત્ર છે. અત્રે વસ્તુનો દેશ કહેતા તેનું પ્રદેશદળ સમજવાનું છે.

શુદ્ધાશુદ્ધ અપેક્ષાએ "જીવ બે છે." સંસારી અને સિદ્ધ.

કાયાપેક્ષાએ "જીવ ત્રણ છે" સ્થાવરકાય, ત્રસકાય અને અકાય (સિદ્ધ).

વેદાપેક્ષાએ "જીવ ચાર છે."પુરુષવેદી, સ્ત્રીવેદી, નપુંસકવેદી અને અવેદી.

ગત્યાપેક્ષાએ "જીવ પાંચ છે." મનુષ્યગતિ, તિર્યંચગતિ, દેવગતિ, નરકગતિ અને ગત્યાતીત.

જાતિની અપેક્ષાએ "જીવ છ છે." એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિન્દ્રિય, પંચેન્દ્રિય અને ઈન્દ્રિયાતીત.

આવી રીતે વ્યવહારનયની ભેદદૃષ્ટિ જેમ જેમ વધુને વધુ સૂક્ષ્મ બનતી જાય છે તેમ તેમ વિશેષ રૂપી શસ્ત્રવડે સંગ્રહનય ગ્રહીત એકની એક જીવ વસ્તુના તે વધુને વધુ ભેદ, પ્રભેદ કરતી જાય છે અને અંતિમ સ્તરે - પરમ વ્યવહારનયની દૃષ્ટિમાં જેટલા જીવો છે તેટલા અર્થાત્ મધ્યમ અનંતાનંત સંખ્યા પ્રમાણ ભેદો એક જીવરાશિના પ્રાપ્ત કરે છે. વ્યવહારનય વસ્તુ વિશેષને જ ગ્રહણ કરે છે. તેની દૃષ્ટિમાં સામાન્ય અવસ્તુ છે.

લોકવ્યવહાર પણ સંગ્રહ અને વ્યવહાર આ બેઉ નયોનો જાણતા અજાણતા સ્વીકાર કરે છે તે નીચેના ઉદાહરણથી જોઈ શકાય છે.

તમો કેરી લેવા નીકળ્યા. કેરીવાળાની ટોપલીમાં બે ચાર મોટા ફળ જોઈ તેવા મોટા ફળ લેવાની શરતે ભાવ નક્કી કર્યો. કેરીવાળો તમારી થેલીમાં કેરી મુકતો જાય છે. પરંતુ પછી પછીનું ફળ કદમાં નાનું નાનું થતું જાય છે. તમો વિરોધ કરો છો ત્યારે તે કહે છે "શેઠ!

પાંચે આંગળીઓ ઓછી સરખી હોય છે ? તેમાં ઓગણીસ વીસનો ફરક તો હોય જ ને ?" અત્રે કેરીવાળાએ વ્યવહારનયનું આલંબન લઈ એકવચનાન્ત સામાન્ય નામ "આંગળી" શબ્દના વાચ્યાર્થના પાંચ ભેદ કર્યા. જેની સંખ્યા પાંચ છે, જેનું ક્ષેત્ર પણ ભિન્ન ભિન્ન છે, જેની લંબાઈ પણ એક સરખી નથી અને વળી તે પ્રત્યેકના અંગુઠો, તર્જની, મધ્યમિકા, અનામિકા અને ટચલી એવા પાંચ ભિન્ન ભિન્ન નામો છે, આવી રીતે પ્રત્યેક આંગળી પોતપોતાની વિશેષતાઓને લઈને અનેક છે. તે સર્વને એક કેમ કહેવાય ? આવી વ્યવહારનયની ભેદદૃષ્ટિ છે. આથી વિરુદ્ધ લોકમાં કહેવત છે, "આંગળી આંગળીમાં ભેદ ક્યાં છે ? ગમે તે કાપો લોહી તો બધીમાંથી એક સરખું લાલ જ નીકળશે." આ સંગ્રહનયનો મત છે. તેની દૃષ્ટિમાં સર્વ આંગળી લાલ લોહીમય છે તેથી બધી એકરૂપ છે. એકવચનમાં "આંગળી" એવા સામાન્ય નામના વાચ્યાર્થમાં અનેકતા કેવી રીતે ઘટે ? સંગ્રહનયનો વિષય 'એક' છે. વ્યવહારનો વિષય 'સંખ્યા' છે તેથી એક સંખ્યા નથી.

૧૪. સામાન્ય - વિશેષાત્મક વસ્તુ અને અનેકાંત સિદ્ધાન્ત :

ભારતવર્ષમાં તેમજ પશ્ચિમમાં વિકસેલી ભિન્ન ભિન્ન દર્શનધારાઓમાં જે વિસંવાદો છે તેનો તલસ્પર્શી અભ્યાસ કરતા જણાશે કે તેમાંના મોટા ભાગના વિસંવાદોના મૂળમાં સામાન્ય અને વિશેષ Universal & Particular સ્વરૂપ સંબંધમાં ગેરસમજ યા વિપરીત સમજ જ કારણભૂત છે. આથી વસ્તુના સામાન્ય-વિશેષાત્મક દ્વૈત સ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ આપવો જરૂરી છે કારણ કે વસ્તુનું જે દ્વૈત સ્વરૂપ છે તે જ અનેકાંત સિદ્ધાંતનું હાર્દ છે.

વસ્તુમાત્ર બે સત્તારૂપ છે અથવા કહો સત્તાના બે ભેદ છે.

એક છે સામાન્યસત્તા અને બીજી છે સ્વરૂપસત્તા યા વિશેષસત્તા. સામાન્યસત્તા વસ્તુ સામાન્યને સિદ્ધ કરે છે અને વિશેષસત્તા વસ્તુ વિશેષને સિદ્ધ કરે છે. "વસ્તુ" છે એટલું જ કહેવાથી વસ્તુનું સંપૂર્ણ દર્શન થઈ શકતું નથી કારણ કે, "વસ્તુ છે" એટલું જ નહિ પરંતુ "વસ્તુ કંઈક છે, તે જીવ છે યા અજીવ છે." "વસ્તુ કંઈક છે." તેમાં "છે" વસ્તુની સામાન્યસત્તાને સૂચવે છે જ્યારે "કંઈક" તે વસ્તુની સ્વરૂપ યાને વિશેષસત્તાને સૂચવે છે. દ્રવ્યમાત્રમાં બે પ્રકારના ગુણો છે. એક છે સામાન્યગુણ અને બીજો વિશેષગુણ. અસ્તિત્ત્વ, દ્રવ્યત્ત્વ, પ્રદેશત્ત્વાદિ સામાન્યગુણો છે કારણ કે તે ગુણો દ્રવ્યમાત્રમાં પ્રાપ્ત થાય છે. જ્ઞાન, દર્શન, વર્ણ, ગંધ આદિ વિશેષગુણો છે કારણ કે તે તે ગુણો સર્વ દ્રવ્યોમાં પ્રાપ્ત થતા નથી પરંતુ દ્રવ્ય વિશેષમાં જ પ્રાપ્ત થાય છે. વસ્તુ વસ્તુમાં અનુવૃત્તિ પ્રત્યયમાં (સદૃશતાનું જ્ઞાન થાય છે તેમાં) હેતુ વસ્તુના સામાન્ય ગુણો છે અર્થાત્ અનેકમાં એકત્વની પ્રતીતિ થાય છે તેમાં કારણભૂત તે અનેકમાં રહેલા સામાન્યગુણો છે, અને વસ્તુ વસ્તુમાં વ્યાવૃત્તિ પ્રત્યયમાં (વસ્તુ વસ્તુમાં ભેદની પ્રતીતિ થાય છે તેમાં) હેતુ, વસ્તુના વિશેષગુણો છે અથવા એકમાં અનેકતાનો બોધ થાય છે તેમાં કારણભૂત તે અનેકોમાં રહેલા પરસ્પર વ્યવચ્છેદક-ભેદક અસાધારણ યાને વિશેષગુણો છે.

જો વસ્તુમાં વિશેષગુણો ન માનતા માત્ર સામાન્યગુણો જ માનીએ તો અર્થાત્ સામાન્યસત્તા માત્રને જ માનીએ તો વસ્તુમાત્ર એકરૂપ થઈ જાય. સર્વ વસ્તુમાં માત્ર "છે, છે અને છે." તેવો માત્ર અસ્તિ પ્રત્યય* થાય. "આ વસ્તુ તે નથી" એવો "નાસ્તિ" પ્રત્યય

* નાસ્તિ પ્રત્યય એટલે જે જ્ઞાન વસ્તુમાં અસ્તિગુણની સિદ્ધિમાં હેતુ બને છે તે જ્ઞાન "વસ્તુ છે" આ પ્રમાણે જ્ઞાન થવાથી વસ્તુમાં અસ્તિત્ત્વ ગુણની સિદ્ધિ થાય છે.

તો થાય જ નહિ કારણ કે કોઈપણ વસ્તુમાં નાસ્તિત્વ તે વસ્તુથી ભિન્ન અન્ય વસ્તુની અપેક્ષાએ જ ઘટી શકે. પરંતુ વિશ્વમાં એક જ વસ્તુ હોય તો તેમાં નાસ્તિત્વ ભાવ પ્રાપ્ત થાય જ નહિ. પરંતુ આ "જીવ છે, અજીવ નથી." "તે મગન છે, છગન નથી." એવો અસ્તિ સાથે નાસ્તિ પ્રત્યય પણ થાય છે તેથી વસ્તુમાં સ્વરૂપ સત્તાની સિદ્ધિ થાય છે.

વળી જો વસ્તુમાં માત્ર વિશેષસત્તા માનીએ અને સામાન્ય સત્તા ન માનીએ તો પ્રત્યેક વસ્તુ એક બીજાથી બીલકુલ ભિન્ન થતા જેટલી વસ્તુ છે તેટલી સ્વતંત્ર એક્કાઈઓ (units) પ્રાપ્ત થશે. અનેકને લાગુ પડે તેવા કોઈ નિયમો યા સિદ્ધાંત પ્રાપ્ત થાય જ નહિ. પ્રત્યેક વસ્તુનું બીલકુલ ભિન્ન વિજ્ઞાન પ્રાપ્ત થાય. અનેક વસ્તુઓને પરસ્પર સાંકળી લેતા કોઈ નિયમો કે સિદ્ધાંત અશક્ય બને. પરંતુ આપણે આજે ન્યાય, ગણિત, પદાર્થ વિજ્ઞાન આદિ વિજ્ઞાનોની રચના કરી શક્યા છે કારણ કે વસ્તુ વસ્તુમાં પણ કોઈ અપેક્ષાએ સામ્યતા છે જેથી અનેક સદૃશ વસ્તુઓને એક નિયમાધીન બનાવી સૂત્રમાં (formula) ગૂંથી શકીએ છીએ. વળી વ્યાકરણ શાસ્ત્રમાં સામાન્ય નામ ઘટે નહિ. બધા જ વિશેષનામો જ પ્રાપ્ત થાય. પરંતુ આ આપણા અનુભવની વિરુદ્ધ છે. તેથી વસ્તુ વસ્તુમાં સામાન્ય ગુણો પણ પ્રાપ્ત થાય છે. આથી વસ્તુ સામાન્ય-વિશેષાત્મક દ્વૈત સ્વરૂપ સિદ્ધ થાય છે. વસ્તુ સામાન્ય-વિશેષ ઉભયાત્મક હોવા છતાં પણ સામાન્ય અને વિશેષ બે એકાંતે ભિન્ન નથી. સામાન્ય અને વિશેષ એવા બે જુદા જુદા પદાર્થ નથી. તે બેઉમાં પ્રદેશ ભેદ નથી. નીચેના ઉદાહરણથી આ સિદ્ધ થઈ શકે છે.

જે સામાન્યથી દ્રવ્ય છે તે વિશેષથી જીવદ્રવ્ય છે. વળી જે

સામાન્યથી જીવ છે તે વિશેષથી સંસારી છે. જે સામાન્યથી સંસારી છે તે વિશેષથી પંચેન્દ્રિય છે. જે સામાન્યથી પંચેન્દ્રિય છે. તે વિશેષથી મનુષ્ય છે. જે સામાન્યથી મનુષ્ય છે તે વિશેષથી પુરુષ છે. જે સામાન્યથી પુરુષ છે તે વિશેષથી મગનલાલ છે. અત્રે સ્પષ્ટ જણાય છે કે સામાન્ય અને વિશેષમાં પ્રદેશ ભેદ નથી. જે મગનલાલ છે તેજ સંસારી-પંચેન્દ્રિય-મનુષ્ય-પુરુષ જીવદ્રવ્ય છે. અત્રે દ્રવ્ય-જીવ-સંસારી-પંચેન્દ્રિય-મનુષ્ય-પુરુષ અને મગનલાલની સામાન્ય વિશેષની જે શ્રેણી છે તેમાં દ્રવ્ય સર્વવ્યાપક છે કારણ કે તેમાં નીચેના સર્વ સ્થાનો વ્યાપે છે. 'દ્રવ્ય' ઉપરની શ્રેણીમા પ્રથમ સ્થાને છે. તેની ઉપર કોઈ વધુ વ્યાપક સ્થાન નથી તેથી 'દ્રવ્ય' અત્રે પર સામાન્ય છે અને 'મગનલાલ' જે અંતિમ સ્થાને છે અને તેની ઉપરના બધા જ સ્થાનોમાં વ્યાપે છે તેથી 'મગનલાલ' પર વિશેષ છે. આ બે અંતિમ સ્થાનો સિવાય સર્વ મધ્યમ સ્થાનો સામાન્ય પણ છે અને વિશેષ પણ છે, કારણ કે તે તે સ્થાનોની ઉપરના સ્થાનની અપેક્ષાએ વિશેષ છે અને નીચેના સ્થાનની અપેક્ષાએ સામાન્ય પણ છે. આ રીતે એક જ વસ્તુ કોઈ એક અપેક્ષાએ સામાન્ય છે અને અન્ય અપેક્ષાએ વિશેષ પણ છે. આથી જ સામાન્યમાં વિશેષનો વાસ હોવાથી તે પદાર્થને વસ્તુ કહી છે. અર્થાત્ સામાન્ય-વિશેષ ઉભયાત્મક પદાર્થને "વસ્તુ" કહેવાય છે.

સંગ્રહનય વસ્તુમાં રહેલી માત્ર સામાન્યસત્તાને જ જુએ છે. તેનું લક્ષ વસ્તુમાં રહેલી વિશેષસત્તા પર તો જતું જ નથી કારણ કે વિશેષનો ગ્રાહક તો સંગ્રહનો વિરોધી વ્યવહારનય છે. કોઈ એક કાળે જે એક નયપૂર્વક વસ્તુસ્વરૂપ જણાય છે તે જ કાળે તેના વિરોધીનયનું આલંબન લઈ શકાતું નથી. આથી જ સંગ્રહનય કહે છે કે "સામાન્ય જ છે, કારણ કે હું તો માત્ર સામાન્યસત્તાને જ

નિહાળું છું. વિશેષ તો વંધ્યાપુત્રવત્ અવસ્તુ છે. જેની ઉપલબ્ધિ જ નથી થતી તેને મનાય જ કેમ ?"વ્યવહારનય વિરોધ કરે છે ત્યારે સંગ્રહનય કહે છે, "તું જેને માને છે તે વિશેષ સામાન્યથી ભિન્ન છે કે અભિન્ન ? જો તું કહેતો હોય કે વિશેષ સામાન્યથી ભિન્ન છે તો તો તે વંધ્યાપુત્રવત્ અવસ્તુ જ છે કારણ કે સામાન્ય રહિત કોઈ વસ્તુ સંભવતી જ નથી અને જો તું એમ કહેતો હોય કે વિશેષ સામાન્યથી અભિન્ન છે તો પછી તું કહે છે તે વિશેષ સામાન્ય જ છે કારણ કે જે જેનાથી અભિન્ન હોય તે તે રૂપ જ હોય. આથી જ મારો નિશ્ચય છે કે સામાન્ય જ છે. વિશેષ અવસ્તુ છે."

હવે વિશેષનો ગ્રાહક વ્યવહારનય કહે છે, "વિશેષથી અતિરિક્ત સામાન્ય જેવી કોઈ વસ્તુ છે જ નહિ કારણ કે સામાન્યની ઉપલબ્ધિ કદાપિ થતી જ નથી. જ્ઞાનમાં જે ઉપલબ્ધ થાય છે તે વિશેષ જ છે અને સંસારનો સમગ્ર વ્યવહાર વિશેષથી જ ચાલે છે. તું કહે છે કે તને જીવ સામાન્યની જ ઉપલબ્ધિ થાય છે, પરંતુ તે તારો ભ્રમ છે. તને જેની ઉપલબ્ધિ થાય છે તે કાં તો સંસારી મનુષ્ય, દેવ, તિર્યંચ, નારક યા સિદ્ધાત્મા છે. આ સર્વ વિશેષો જ છે." આટલાથી સંગ્રહનય તેની જીદ છોડતો નથી ત્યારે વ્યવહારનય સંગ્રહે કરેલી દલિલો જ તેના માથે મારતા કહે છે. "તું જેને માને છે તે સામાન્ય વિશેષથી ભિન્ન છે કે અભિન્ન ? જો તું કહે કે સામાન્ય વિશેષથી ભિન્ન છે તો તે વંધ્યાપુત્રવત્ અવસ્તુ જ છે કારણ કે વિશેષરહિત કોઈ વસ્તુ સંભવતી નથી અને જોતું સામાન્યને વિશેષથી અભિન્ન માને તો તે વિશેષ જ છે કારણ કે જે જેનાથી અભિન્ન હોય તે તે રૂપ જ હોય. આથી મારો નિશ્ચય છે કે વિશેષ જ છે. સામાન્ય ખરશૃંગવત્ અવસ્તુ જ છે."

આવી રીતે જ્યારે બેઉ નય પરસ્પર ટકરાય છે અને જે

અસાધ્ય વિસંવાદ ઉભો થાય છે ત્યારે અનેકાંતવિદ્યાનો જાણકાર સ્યાદ્વાદી વચમાં પડી સમાધાન કરાવે છે, "હે વાદીઓ, તમે ખોટા ઝઘડો છો. તમે બેઉ તમારી દૃષ્ટિએ સાચા છો પરંતુ એકબીજાની દૃષ્ટિએ ખોટા છો. સંગ્રહનયે વસ્તુને સામાન્ય માત્ર કહી છે તે તેના અભેદ દૃષ્ટિબિંદુથી કહી છે, તેથી તેનો મત તેની દૃષ્ટિથી સાચો છે પરંતુ તે નિરપેક્ષપણે સાચો નથી. આવી જ રીતે વ્યવહારનયે વસ્તુમાત્રને વિશેષ કહી છે તે તેની ભેદદૃષ્ટિથી કહી છે. તેથી તેનો મત તેની દૃષ્ટિથી સાચો છે પરંતુ તે નિરપેક્ષપણે સાચો નથી. આથી તમારા વિધાન પૂર્વે "સ્યાદ્" પદનો પ્રયોગ કરો જેથી સર્વ વિસંવાદ જ મટી જાય." "સ્યાદ્" એટલે "કોઈ એક અપેક્ષાએ" અથવા કોઈ "એક નયની અપેક્ષાએ". આજ અર્થમાં સ્યાદ્ના બદલે "કથંચિત્" પદનો પણ પ્રયોગ થાય છે. જો કોઈપણ નય પોતાના અભિપ્રાયને નિરપેક્ષ ભાવે કહે તો તે દુર્નય બની જાય છે. આથી જ અનેકાંતવાદી પોતાનો કોઈપણ એકાંતમત સ્યાદ્વાદપૂર્વક જ કહે છે. જો કે વ્યવહારમાં આ પદનો પ્રયોગ તે હંમેશા કરતો નથી પરંતુ તેને અસંદિગ્ધપણે સ્વીકારે તો છે જ.

આવી રીતે પરસ્પર વિરોધી નયોના વિધાનમાં ઉત્પન્ન થતાં વિસંવાદને સ્યાદ્વાદ દૂર કરી સંવાદની સ્થાપના કરે છે.

જે કારણથી વસ્તુ સામાન્ય વિશેષરૂપ સિદ્ધ થાય છે તે જ કારણથી તે દ્રવ્ય-પર્યાયમય પણ સિદ્ધ થાય છે કારણ કે દ્રવ્ય સામાન્ય છે અને પર્યાય વિશેષ છે. વળી જેમ સામાન્યની ઉપલબ્ધિ તેના કોઈને કોઈ વિશેષમાં જ થાય છે તેમ દ્રવ્યની ઉપલબ્ધિ પણ તેના કોઈને કોઈ પર્યાયમાં જ થાય છે અને જેમ સામાન્ય રહિત વિશેષ નથી અને વિશેષ રહિત સામાન્ય નથી તેમ દ્રવ્ય પર્યાયરહિત અને પર્યાય દ્રવ્યરહિત કદાપિ પ્રાપ્ત થાય નહિ. ટૂંકમાં સામાન્યસત્તા અને

વિશેષસત્તા તાદાત્મ્ય સ્વરૂપ છે અર્થાત્ એકાત્મક છે. તે બે પૃથક્ પૃથક્ વસ્તુ નથી. એકબીજાની અભિવ્યંજક છે, બન્ને બીજા વિના રહી શકે નહિ. આવી જ રીતે એક અને અનેક, નિત્ય અને અનિત્ય, ભેદ અને અભેદ, સદૃશ અને વિસદૃશ, તત્ અને અતત્ યાને તદ્ભાવ અને અતદ્ભાવ, અન્વય અને વ્યતિરેક, સત્ અને અસત્, પરિણામી અને અપરિણામી, નિર્વિકલ્પ અને સવિકલ્પ ઈત્યાદિ પરસ્પર વિરોધી અનેક ધર્મયુગલોમય જાલે વસ્તુ ગુમ્ફિત થઈ રહી છે. આજ અનેકાંત સિદ્ધાંતનું હાર્દ છે. અનેકાંતમાં "અંત"નો અર્થ ધર્મ છે. આથી સામાન્ય રીતે કહેવાય છે કે "વસ્તુ અનંત ધર્માત્મક છે." આ અનેકાંત સિદ્ધાંત છે. પરંતુ આમ માનીએ તો વસ્તુમાં અનેક ગુણધર્મો જેવા કે સત્વ, રજ અને તમ માને તે એકાંતદર્શન પણ અનેકાંતદર્શન બની જાય. આથી અનેકાંતસિદ્ધાન્તનું વિધાન છે. "પરસ્પર વિરોધી એવા અનેક ધર્મયુગલોમય વસ્તુ છે" વધુ સ્પષ્ટતાપૂર્વક કહેતા "પરસ્પર વિરોધી અનેક નયોની અપેક્ષાપૂર્વક વસ્તુમાં પરસ્પર વિરોધી અનેકધર્મ યુગલોનું વ્યવસ્થાપન કરે તે અનેકાંત સિદ્ધાંત છે."

અંતે આચાર્ય સત્તમ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ રચિત શ્રી જિનશાસનના આગમ-તર્ક સાહિત્યના રત્ન સમાન શ્રી વિશેષાવશ્યક ભાષ્યની ૩૨મી ગાથામાં સામાન્યનું જે માર્મિકસ્વરૂપ આપ્યું છે તેનો ઉલ્લેખ કરી સામાન્યના બે ભેદનું સ્વરૂપ-કથન કરીશું.

एकं नित्यं निरवयवमक्रियं सव्वगं च सामन्नं ।
निस्सामन्नत्ताओ, नत्थि विसेसो खपुप्फं च ॥

અર્થાત્ એક, નિત્ય, નિરવયવ અર્થાત્ નિર્વિકલ્પ, અક્રિય અને સર્વગત એવું સામાન્ય વસ્તુરૂપે છે, આકાશપુષ્પની જેમ સામાન્ય વિનાનું વિશેષ કંઈ છે જ નહિ.

૧૫. સામાન્યના ભેદ :

જ્યારે દ્રવ્યાર્થિક તેમજ સંગ્રહનય અભેદ દૃષ્ટિ છે અને તે બેઉ સામાન્યને ગ્રહણ કરે છે ત્યારે દ્રવ્યાર્થિકનય ગૃહીત સામાન્ય અને સંગ્રહનય ગૃહીત સામાન્યમાં શું ભેદ છે તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

દ્રવ્યાર્થિકનય જે અનેકમાં (વિશેષોમાં) એકત્વબુદ્ધિ કરે છે તે સર્વ એક જ દ્રવ્યના ક્રાળક્રમથી થતા પર્યાયો છે અને તે પર્યાયો પૃથક્ પૃથક્ વસ્તુ નથી પરંતુ તે સર્વ પર્યાયો અને તેના આધારભૂત દ્રવ્યનો પ્રદેશપિંડ એક જ છે. પર્યાય પર્યાયમાં દેશ ભેદ નથી પણ કાળ ભેદ છે. દ્રવ્યાર્થિકનયની અભેદદૃષ્ટિમાં દ્રવ્યના કાળક્રમથી થતા પર્યાયોમાં ભેદબુદ્ધિ થતી નથી. તેની દૃષ્ટિમાં તો તે પર્યાયોમાં અનુગત જે સામાન્ય છે તે દ્રવ્યની જ ઉપલબ્ધિ થાય છે. તેની દૃષ્ટિમાં દ્રવ્યકાળક્રમથી જે ભિન્ન ભિન્ન પર્યાયોને પ્રાપ્ત કરે છે. તે સર્વમાં તદ્ભાવ બુદ્ધિ થાય છે. "આ તે જ (દ્રવ્ય) છે, આ તે જ (દ્રવ્ય) છે, આ પહેલા જે હતું તે આ જ (દ્રવ્ય) છે." આ પ્રમાણેના પ્રત્યયમાં જે હેતુ છે તેને તદ્ભાવ સામાન્ય કહેવાય છે. આથી દ્રવ્યાર્થિકનય જે એક અર્થાત્ સામાન્યને વિષય કરે છે તે તદ્ભાવ સામાન્ય છે પરંતુ જૈનદર્શનમાં તદ્ભાવ સામાન્યને માટે વધુ પ્રચલિત સંજ્ઞા ઊર્ધ્વતા સામાન્ય છે. દ્રવ્ય ઊર્ધ્વતા સામાન્ય છે.

વળી સંગ્રહનયની અભેદદૃષ્ટિમાં સમકાળ અવસ્થિત ભિન્ન ભિન્ન દેશમાં અર્થાત્ ભિન્ન ભિન્ન અનેક વસ્તુના સ્વક્ષેત્રરૂપ પ્રદેશદળમાં એકાકાર બુદ્ધિ થાય છે તેમાં કારણભૂત તે અનેક વસ્તુ યા દેશમાં અનુગત કોઈ સામાન્ય ગુણકૃત સદૃશતા હેતુ છે. આથી સંગ્રહનય જે સામાન્યને વિષય કહે છે તે સદૃશ સામાન્ય યા સાદૃશ્ય સામાન્ય છે જે માટે જૈનદર્શનમાં વધુ પ્રચલિત સંજ્ઞા તિર્યક્સામાન્ય

છે. આ બેઉ પ્રકારના સામાન્યમાં જે ભેદ છે તે બરોબર સમજી લેવો જોઈએ. કાળભેદે ઉત્પન્ન થતા દ્રવ્યના જે પર્યાય વિશેષોમાં અનુગતાકાર પ્રતીતિ અર્થાત્ તદ્‌ભાવબુદ્ધિ થાય છે તેમાં હેતુ ઊર્ધ્વતા સામાન્ય છે અને સમકાળ અવસ્થિત ભિન્ન ભિન્ન અનેક દેશવિશેષો (વ્યતિરેક વિશેષો)માં એકાકાર પ્રતીતિ થાય છે તેમાં જે હેતુ છે તે તિર્યક્‌સામાન્ય છે. ટૂંકમાં દેશભેદે જ્યાં એકાકાર પ્રતીતિ થાય ત્યાં તિર્યક્‌સામાન્ય અને કાળભેદે અનુગતાકાર પ્રતીતિ થાય ત્યાં ઊર્ધ્વતા સામાન્ય કહેવાય. આ પૂર્વના પેરેગ્રાફમાં કહ્યું છે તેમ સામાન્યસત્તા અને વિશેષસત્તામાંથી કોઈ એક સત્તા ન માનતા જે દોષો પ્રાપ્ત થાય છે તે જ દોષો તિર્યક્‌સામાન્ય અને ઊર્ધ્વતા સામાન્યમાંથી કોઈ એકને ન માનતા પ્રાપ્ત થાય છે.

૧૬. વિશેષના બે ભેદ અને અનેકાંત :

જો બે પ્રકારની અભેદદૃષ્ટિમાં ઉપલબ્ધ સમાન્યના બે ભેદ છે તો તે બેઉ પ્રકારની અભેદદૃષ્ટિની બે પ્રકારની વિરોધી ભેદ દૃષ્ટિમાં પણ બે પ્રકારના વિશેષો ઉપલબ્ધ થાય તે સ્વાભાવિક છે. ઊર્ધ્વતા સામાન્યતા અર્થાત્ એક જ દ્રવ્યના કાળક્રમથી પ્રાપ્ત થતા ભિન્ન ભિન્ન પર્યાયો જ જેનો વિષય છે પરંતુ તે સર્વ પર્યાયોના આધારભૂત જે એક સામાન્ય દ્રવ્ય છે તે જે નયમાં ઉપલબ્ધ થતું નથી તે પર્યાયાર્થિકનયની દૃષ્ટિમાં ઉપલબ્ધ થતા ભિન્ન ભિન્ન અનેક પર્યાય વિશેષો યુગપત્ યાને અક્રમપૂર્વક પ્રાપ્ત થતા નથી પરંતુ એક કાળે એક જ પર્યાય વિશેષ પ્રાપ્ત થાય છે તેથી પર્યાયાર્થિકનય ગૃહીત પર્યાય વિશેષોની અનેકતા દ્રવ્યની ક્રમ અનેકતા છે, અને પર્યાય પણ દ્રવ્યનો ક્રમ પ્રાપ્ત ધર્મ હોવાથી અને અનેકાંતમાં અંતનો અર્થ પણ ધર્મ હોવાથી દ્રવ્ય ક્રમપૂર્વક પ્રાપ્ત થતા તેના અનેક પર્યાયોનો આત્મા છે. આથી દ્રવ્યમાં ક્રમ અનેકાંત સિદ્ધ થાય છે. વળી સર્વ

પર્યાયોનો તેમજ તે પર્યાયોના આધારભૂત દ્રવ્યનો પ્રદેશપિંડ તો એકનો એક જ છે, દ્રવ્ય અને પર્યાય તેમજ દ્રવ્યના ભિન્ન ભિન્ન પર્યાયો કંઈ પૃથક્ પૃથક્ વસ્તુઓ નથી છતાં પણ પર્યાય પર્યાયમાં વિશેષતા હોવાથી ભેદ તો છે. આ પ્રકારના ભેદને અન્યત્વ ભેદ કહેવાય છે. આથી પર્યાયાર્થિકનય ગૃહીત દ્રવ્યના પર્યાય વિશેષોની અનેકતા દ્રવ્યમાં **અન્યત્વ ભેદગામી ક્રમ અનેકાંત**ની સિદ્ધિ કરે છે. આથી વિપરીત વ્યવહારનય ગૃહીત અનેકતા પૃથક્‌ત્વ ભેદગામી અનેકતા છે કારણ કે સંગ્રહનય ગૃહીત તિર્યક્‌સામાન્યના વ્યવહારનય અનેક ભેદ પ્રાપ્ત કરે છે તે સર્વ ભેદો યુગપત્ વર્તે છે. અર્થાત્ તે સર્વ ભિન્ન ભિન્ન દેશવર્તી સમકાળ અવસ્થિત છે અને તેથી તે સર્વ ભેદો જેને વ્યતિરેક વિશેષો કહેવાય છે તે પૃથક્ પૃથક્ છે કારણ કે તે સર્વમાં દેશભેદ છે યાને તે વ્યતિરેક વિશેષો ભિન્ન ભિન્ન સ્વક્ષેત્રરૂપ દેશમાં રહે છે. આથી વ્યવહારનય ગૃહીત અનેકતા તિર્યક્‌સામાન્યમાં પૃથક્‌ત્વ ભેદગામી અક્રમ અનેકાંત સિદ્ધ કરે છે.

વળી, ક્રમ અનેકાંતનો એકબીજો પણ ભેદ છે તેનો વિચાર કરીએ.

દ્રવ્ય સ્વયં પોતાના સહભાવી અનેક ગુણોનો આધાર છે. પુદ્‌ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ગુણો યુગપત્ વર્તે છે તેવી જ રીતે જીવદ્રવ્યમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપાદિ યુગપત્ વર્તે છે. આ બધાજ ગુણો પોતપોતાના દ્રવ્ય સાથે તાદાત્મ્ય (દેશભેદ રહિત) સંબંધથી રહ્યા છે. તે સર્વ સજાતીય ગુણોમાં પરસ્પર તેમજ તે ગુણી દ્રવ્યમાં પ્રદેશ ભેદ નથી પરંતુ સર્વ ગુણો અન્યોન્ય ભિન્ન તો છે કારણ કે પુદ્‌ગલનો વર્ણગુણ ચક્ષુનો વિષય છે. તો ગંધ નાસિકાનો, રસ જીભનો અને સ્પર્શ સ્પર્શનેન્દ્રિયનો વિષય છે. આ રીતે પુદ્‌ગલ

દ્રવ્યના ભિન્ન ભિન્ન ગુણો ભિન્ન ભિન્ન ઈન્દ્રિયોનો વિષય હોવાથી આ સર્વ ગુણોમાં દેશભેદ ન હોવા છતાં પણ અન્યત્વ ભેદ ઘટે છે. તેવી જ રીતે જીવના ગુણોમાં પણ અન્યત્વ ભેદ છે કારણ કે તેના સર્વ ગુણોનું કાર્ય ભિન્ન ભિન્ન છે. જ્ઞાનનું કાર્ય જાણવાનું, દર્શનનું જોવાનું, ચારિત્ર ગુણનું સ્વ યા પરમાં રમણ કરવાનું, તપગુણનું કાર્ય ઈચ્છામાં તપન યા સ્વમાં તૃપ્તિરૂપ સંતૃપ્ત રહેવાનું છે. ભિન્ન ભિન્ન ગુણોની અપેક્ષાએ એક જ જીવ ભિન્ન ભિન્ન નામે ઓળખાય છે. જ્ઞાનગુણની અપેક્ષાએ જીવ જ્ઞાતા છે, દર્શનગુણની અપેક્ષાએ તે દ્રષ્ટા છે, ચૈતન્યગુણની અપેક્ષાએ જીવ ચેતનમ્ છે, સંવેદનશીલતાગુણની અપેક્ષાએ જીવ વેદક છે. આવી રીતે જીવ યા દ્રવ્ય તેના ભિન્ન ભિન્ન ગુણોની અપેક્ષાએ ભિન્ન નામધારી બને છે. પર્યાયાર્થિકનયનો એક સૂક્ષ્મભેદ સમભિરૂઢનય છે. આ નય એક જ પદાર્થના ભિન્ન ભિન્ન નામને સ્વીકારતો નથી. આ નય કહે છે નામ ભેદે અર્થ ભેદ માનવો જ જોઈએ. એક જ અર્થના અનેક નામ કેવી રીતે સંભવે ? આ નયની અપેક્ષાએ દ્રવ્યમાં યુગપદ્‌ભાવે તાદાત્મ્ય સંબંધથી રહેલા તેના અનેક ગુણોની અપેક્ષાએ દ્રવ્યમાં **અન્યત્વ ભેદ ગામી અક્રમ અનેકાંત** પણ સિદ્ધ થાય છે. આ રીતે જોતાં અનેકાંત પણ અનેકાંતમય છે કારણ કે અનેકાંતના પણ અનેક ભેદ છે, જેને સંક્ષેપમાં ફરી નોંધી લઈએ.

(૧) કાળક્રમથી એક દ્રવ્યના થતા ભિન્ન ભિન્ન પર્યાય વિશેષોને ગ્રાહક પર્યાયાર્થિકનય ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યમાં **અન્યત્વભેદગામી ક્રમ અનેકાંત** સિદ્ધ કરે છે.

(૨) સમકાળ અવસ્થિત તિર્યક્‌સામાન્યના વ્યતિરેક વિશેષોનો ગ્રાહક વ્યવહારનય તિર્યક્‌સામાન્યરૂપ સંગ્રહમાં **પૃથક્‌ત્વભેદગામી અક્રમ અનેકાંત** સિદ્ધ કરે છે.

(૩) દ્રવ્યના સહભાવી તદાત્મક અનેક ગુણોની અપેક્ષાએ દ્રવ્યને અનેકરૂપે જોનાર સમભિરૂઢનય દ્રવ્યમાં **અન્યત્વભેદગામી અક્રમ અનેકાંત** સિદ્ધ કરે છે.

૧૭. અનેકાંત ઉત્તમ નીતિ છે :

પરસ્પર વિરોધી એવી અનેક ધર્માત્મક વસ્તુ હોવાથી તેનું યથાર્થ સર્વાંગી જ્ઞાન પ્રાપ્ત કરવા પરસ્પર વિરોધી એવા અનેક નયોના ક્રમિક આલંબનપૂર્વક વસ્તુને જોવી પડે છે. કોઈ એક કાળે એક નયના આલંબનપૂર્વક વસ્તુના એક ધર્મનું વિધાન થઈ શકે છે. વસ્તુસ્વરૂપ સંબંધી કોઈપણ વિધાન નિરપેક્ષપણે સત્ય નથી. નિરપેક્ષ સત્યતા સંભવતી નથી. વળી કોઈ એક નય સાચો અને બીજો ખોટો અથવા એક નય અન્યથી વધુ યથાર્થ કહી શકાય નહિ. દરેક નય પોતપોતાના સ્થાને સમાન બળ ધરાવે છે. આથી જ્યારે બુદ્ધિ કોઈ એક દૃષ્ટિની પક્ષપાતી બની અન્ય દૃષ્ટિઓનો અપલાપ કરે છે અને પોતાની દૃષ્ટિ જ સાચી છે અને અન્ય સર્વ દૃષ્ટિ સાચી નથી અથવા પોતાની દૃષ્ટિ જ વધુ યથાર્થ છે એવો એકાંત આગ્રહ કરે છે, અથવા પોતાનું વિધાન નિરપેક્ષપણે સાચું માને છે અથવા પોતાની દૃષ્ટિથી જણાતા વસ્તુના અપૂર્ણ સ્વરૂપને સંપૂર્ણ માને છે તેવી એકાંત આગ્રહમાં બંધાયેલી દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે.

"જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ" આ મિથ્યાદૃષ્ટિની સૃષ્ટિ છે. "જેવી સૃષ્ટિ તેવી દૃષ્ટિ" આ સમ્યગ્‌દૃષ્ટિની સૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિની વસ્તુસ્વરૂપ વિચારણા વૈયક્તિક યાને સ્વાર્થનિષ્ઠ (subjective) હોય છે અને સમ્યગ્‌દૃષ્ટિની તે વિચારણા અર્થનિષ્ઠ (objective) હોય છે.

આ વિશ્વમાં જેટલા વિસંવાદી મતો છે તે સર્વ એકાંત આગ્રહનું જ પરિણામ છે. અનેક દૃષ્ટિના વિષયભૂત અનેકધર્માત્મક

વસ્તુને કોઈ એક જ દૃષ્ટિમાં બાંધી નાખનાર બુદ્ધિ જ સર્વ દુરાગ્રહોના મૂળમાં છે.

અનેકાંતવિચાર તત્ત્વ છે. સ્યાદ્‌વાદવાણી તત્ત્વ છે. સ્યાદ્‌વાદના નામે કેટલીક ગેરસમજ ફેલાઈ છે તે દૂર કરવી જરૂરી છે. કેટલાક પ્રાચીનો કહે છે કે તે સંશયવાદ છે અને કેટલાક આધુનિકો તેને સર્વધર્મસમન્વયવાદ કહે છે. આ અભિપ્રાયો અનેકાંત દર્શનના અનભ્યાસનું ફળ છે. સ્યાદ્‌વાદ સંશયવાદ તો છે જ નહિ પરંતુ તેથી વિરુદ્ધ તે સર્વ સંશયોને છેદનાર એક નિશ્ચિતવાદ છે. આ પૂર્વે આપણે જોઈ ગયા છીએ કે સામાન્યવાદી અને વિશેષવાદી પોતે પોતાનો નિરપેક્ષપણે ગ્રહણ કરેલો મત સ્થાપતા કેવા અસાધ્ય વિસંવાદમાં ટકરાય છે અને અનેકાંત વિદ્યાના જાણકાર સ્યાદ્‌વાદીએ "સ્યાદ્" રૂપી શસ્ત્રથી તે વિસંવાદને છેદી સંવાદની સ્થાપના કેવી રીતે કરી. આથી અનેકાંત સિદ્ધાંતનો સહકારી સ્યાદ્‌વાદ સુનિશ્ચિત વાદ છે. આધુનિકો અનેકાંતને સર્વ-ધર્મ-સમન્વયવાદ કહીને અનેકાંતને ન્યાય આપતા નથી. વસ્તુમાં રહેલા અનંતધર્મોને એકનો પણ અપલાપ કર્યા વિના, તે સ્વીકારે છે તેથી તેને સર્વ ધર્મોનો સમન્વય કરનાર તરીકે ઓળખાવવો તે અનેકાંતનું દૂષણ નહિ પરંતુ ભૂષણ છે. પરંતુ અનેકાંતવાદના પાયા પર રચાયેલા સર્વ ધર્મમાર્ગો મુક્તિ અપાવનારા છે તેમ કહેવું નિતાન્ત અસત્ય છે. એકાંત અને અનેકાંતને અંધકાર અને પ્રકાશની જેમ પરસ્પર અત્યંત વિરોધ છે. વિધિ-નિષેધો કે બાહ્ય આચારોની કેટલીક સમાનતાઓ જોઈને સર્વધર્મમાર્ગો એકરૂપ છે. તેમ અનેકાંતવાદી કહે નહિ. સર્વ ધર્મોમાં વિધિ નિષેધો અને આચારોમાં જેમ કેટલીક સમાનતા જણાય છે તેમ અસમાનતા પણ પાર વિનાની છે. ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કૃત્યાકૃત્ય

આદિ વિભાગો બધે સમાન નથી. તેવી જ રીતે હિંસા-અહિંસા, સત્ય-અસત્યાદિના વિધિ-નિષેધો, ઉત્સર્ગ-અપવાદો બધે સરખા કહેવા સર્વ ધર્મના અનભ્યાસનું ફળ છે. એકાંત અને અનેકાંતદર્શનના જીવાજીવાદિ તત્ત્વવિષયક વિવેચનો વચ્ચે તો આસમાન જમીન જેટલું અંતર છે. આમ છતાં પણ બધા ધર્મો અને તેના પ્રણેતાઓ વચ્ચે સંપૂર્ણ સામ્ય છે, મૌલિક અંતર નથી તેમ કહેવું તે સ્યાદ્‌વાદ નહિ પણ મૃષાવાદ છે. સ્યાદ્‌વાદીનો સર્વધર્મ તુલનાવાદ જુદો જ છે. તે સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્યરૂપે ઓળખી સત્યનો સ્વીકાર અને અસત્યનો પરિહાર કરવામાં તત્પર રહ્યો છે. અસત્યનો ખોટો પક્ષ ન કરવો અને સત્યનો ખોટો દ્વેષ ન કરવો એ સ્યાદ્‌વાદની સાચી માધ્યસ્થતા છે. સ્યાદ્‌વાદની માધ્યસ્થતા શ્રી હરિભદ્રસૂરિ મ.ના શબ્દોમાં તરી આવે છે. તેમનું કહેવું છે, "અન્ય શાસ્ત્રોનો દ્વેષ કરવો યોગ્ય નથી. પરંતુ તે જે કહે છે તેના વિષયને યત્નપૂર્વક શોધવો. તેનું જે કંઈ સદ્‌વચન છે તે સર્વ દ્વાદશાંગીથી અન્ય નથી." કોઈપણ વચન સ્યાદ્‌વાદીને સ્વયં પ્રમાણ કે અપ્રમાણરૂપ નથી. જેનો વિષય પ્રત્યક્ષ યા પરોક્ષ પ્રમાણથી અવિરુદ્ધ હોય તે વચન, સ્વશાસ્ત્રનું હોય કે પરશાસ્ત્રનું હોય, પ્રમાણરૂપ છે.

સર્વાર્થ સિદ્ધિના મૂળમાં અનેકાંત દૃષ્ટિ છે. સર્વ અનર્થોના મૂળમાં એકાંત દૃષ્ટિ છે.

અનેકાંત સુમતિ છે. એકાંત કુમતિ છે.

અનેકાંત સદાગ્રહ છે. એકાંત દુરાગ્રહ છે.

અનેકાંત સંવાદ છે. એકાંત વિસંવાદ છે.

અનેકાંતદર્શન સમ્યગ્‌દર્શન છે. એકાંતદર્શન મિથ્યાદર્શન છે.

અનેકાંતદૃષ્ટિ સમ્યગ્‌દૃષ્ટિ છે. એકાંતદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. અંતમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની નીચેની ઉદ્‌ઘોષણા પ્રતિ સર્વનું લક્ષ ખેંચીએ છીએ :

સર્વવાદીઓની સમક્ષ અમારી આ ઉચ્ચ સ્વરે ઉદ્‌ઘોષણા છે કે : વીતરાગથી અન્ય કોઈ શ્રેષ્ઠ દૈવત નથી અને અનેકાંતથી અન્ય કોઈ શ્રેષ્ઠ નીતિ નથી.

પ્રકરણ - ૨

દ્રવ્યવિચાર

ઉપાધ્યાય યશોવિજયજી મ. રચિત "દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ"ની બીજી ઢાળની પ્રથમ ગાથામાં દ્રવ્યનું લક્ષણ આપ્યું છે. આ ગાથા તેમજ તે પર ઉપાધ્યાયજી મહારાજના ટબાના વિવેચન સ્વરૂપે દ્રવ્યવિચાર કર્યો છે. આ ગાથા તથા ટબો નીચે મુજબ છે.

ગાથા ૧ : દ્રવ્યનું લક્ષણ

ગુણ પર્યાયતણું જે ભાજન, એકરૂપ ત્રિહું કાલિ રે,
તેહ દ્રવ્ય નિજ જાતિ કહિઈ, જસ નહીં ભેદ વિચાલઈ રે.
જિનવાણી રંગઈ મનિ ધરિઈ (આંકણી)

ગાથાર્થ :

ગુણ અને પર્યાયનું જે પાત્ર (આધાર) ત્રણે કાળે (જે) એકરૂપ રહે, વિચલિત (અર્થાન્તર) થવાં છતાં પણ જેમાં ભિન્નતા આવતી નથી તે (દ્રવ્ય સામાન્ય અને) પોતપોતાની જાતિની અપેક્ષાએ દ્રવ્ય (વિશેષ) કહેવાય છે.

ટબો :

ગુણ ને પર્યાયનું ભાજન કહેતા સ્થાન, જે ત્રિહું કાલે - અતીત - અનાગત વર્તમાનકાલે એક સ્વરૂપ હોય, પણ પર્યાયની પરે ફરે નહીં, તે દ્રવ્ય કહીએ. નિજજાતિ કહેતા પોતાની જાતિ, જેમ જ્ઞાનાદિક ગુણરૂપ પર્યાયનું ભાજન જીવ દ્રવ્ય, રૂપાદિક ગુણરૂપ પર્યાયનું ભાજન તે પુદ્‌ગલ દ્રવ્ય, રક્તત્વાદિ પટાદિ ગુણપર્યાયનું ભાજન મૃદ્‌દ્રવ્ય, તંતુ એ પટની અપેક્ષાએ દ્રવ્ય, તંતુ એ અવયવની અપેક્ષાએ પર્યાય. જે માટે પટને વિચાલે - પટાવસ્થા મધ્યે તંતુનો ભેદ નથી. તંતુ અવસ્થા મધ્યે અન્યત્વરૂપ ભેદ છે. તે માટે પુદ્‌ગલ સ્કંધમાં દ્રવ્ય-પર્યાયપણું અપેક્ષાએ જાણવું. આત્મતત્ત્વનાં વિચારે પણ દેવાદિક આદિષ્ટ (આદેશ પામેલું) દ્રવ્ય, સંસારી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય થાય.

કોઈ કહેશ્યે જે "એમ દ્રવ્યતત્ત્વ સ્વાભાવિક ન થયું તો કહીએ જે શબલ (કાબરચીતરું) વસ્તુનો અપેક્ષાએ જ વ્યવહાર હોય. ઈહાં દોષ નથી. જે સમવાયિકારણત્ત્વ પ્રમુખ દ્રવ્ય લક્ષણ માને છે તેહને પણ અપેક્ષા અવશ્ય અનુસરવી. "કોનું સમવાયિકારણ ?" એમ આકાંક્ષા હોય, તો "કોનું દ્રવ્ય ? એ આકાંક્ષા કેમ ન હોય ?"

ગુણ પર્યાયવદ્‌ દ્રવ્યમ્‌ (તત્ત્વાર્થે અ.૫.સૂ.૩૭) એ જિનવાણી રંગે - વિશ્વાસે મનમાંહે ધરીએ.

વિવેચન :

ઉપાધ્યાયજીએ અત્રે દ્રવ્યનું જે લક્ષણ બાંધ્યું છે તેનો મર્મ પામવા આપણે નીચેના મુદ્દાઓ વિચારીશું.

૧. જૈનદર્શન પ્રસિદ્ધ દ્રવ્યના જે મુખ્ય ચાર લક્ષણો પ્રાપ્ત થાય છે તે ચારે લક્ષણો અન્યોન્ય બાધક નથી અર્થાત્‌ તે સર્વથી એકની

એક જ વસ્તુ લક્ષિત થાય છે તે સિદ્ધ કરીશું.

૨. ઉપરોક્ત દ્રવ્યના ચારે લક્ષણો ઉપાધ્યાયજી મ.એ બાંધેલા લક્ષણમાં ગર્ભિત છે તે દર્શાવશું.

૩. ઉપાધ્યાયજી મ.એ બાંધેલા દ્રવ્યના લક્ષણમાં "તેહ દ્રવ્ય નિજ જાતિ કહિઈ" આ વધારાનું પદ મૂકવામાં તેમનો આશય શું છે તેની વિચારણા કરીશું."

૪. આ પૂર્વે પ્રથમ ઢાળની છેલ્લી ગાથામાં ઉપાધ્યાયજી મ.એ એક ગંભીર વાત કહી છે. સન્મતિપ્રકરણ, તત્ત્વાર્થાધિગમસૂત્રાદિ ગ્રંથોમાં પદાર્થોની વ્યાખ્યા ઉપરના ચાર નયોથી નથી કરી કારણ કે આ નયો અત્યંત ગંભીર છે તેથી ઘણાંને તે ન સમજાય તો ઘણાં તેને વિપરીતપણે ગ્રહણ કરે તેવો ભય રહ્યો છે. આથી પ્રસ્તુત ગ્રંથ (દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ)માં પણ દ્રવ્યનું લક્ષણ પ્રથમના નૈગમ, સંગ્રહ અને વ્યવહાર આ ત્રણ નયમય હોવું જોઈએ એમ માનવું રહ્યું. તેથી દ્રવ્યના પ્રસ્તુત લક્ષણમાં આ ત્રણે નય કેવી રીતે ઘટે છે તે દર્શાવશું, અને છેલ્લે

૫. વિશેષાવશ્યકભાષ્ય, દ્વાદશારનયચક્રમ્, પ્રવચનસાર, શ્લોકવાર્તિક આદિ ગ્રંથોમાં "દ્રવ્ય" શબ્દના વ્યુત્પત્તિ મુજબ અર્થ કરેલા છે તેની નોંધ લઈ આ પ્રકરણ પુરું કરશું.

તો હવે દ્રવ્યના ભિન્ન ભિન્ન લક્ષણોનું વિવરણ કરીએ.

૧. **"सद्द्रव्यलक्षणम्"** અર્થાત્ "દ્રવ્યનું લક્ષણ સત્ છે." જે સમગ્ર ભૂતકાળમાં વિદ્યમાન હતું, જે વર્તમાનમાં વિદ્યમાન છે અને જે સમગ્ર ભવિષ્યકાળમાં વિદ્યમાન રહેશે તેને "સત્" કહેવાય છે. "અસ્" ધાતુ છે. હોવું (to be) તેનો અર્થ છે. "અસ્"નું ત્રીજા પુરુષ એકવચનનું રૂપ "અસ્તિ" છે. આથી હોવાપણાના ભાવને

અસ્તિત્વ કહેવાય. આ અસ્તિત્વભાવ જેનામાં સદાએ વ્યાપીને રહે છે તેને "સત્" અથવા "સત્તા" કહેવાય. (સત્ વિશેષણ છે, સત્તા વિશેષ્ય છે.)*

દ્રવ્ય અનાદિ છે કારણ કે તે અનુત્પન્ન છે. તેનો બનાવનાર કોઈ નથી અને તેના અસ્તિત્વમાં કોઈ નિમિત્ત નથી તેમજ તેનું અસ્તિત્વ અન્ય કોઈની અપેક્ષા રાખતું નથી. દ્રવ્ય પોતાના સ્વભાવથી જ સિદ્ધ છે. જે સ્વતઃસિદ્ધ હોય તેનો નાશ પણ ઘટતો નથી તેથી દ્રવ્ય કાળથી અનંત છે યાને અનિધન છે, અવિનાશી છે. જેનો નાશ યા જેની ઉત્પત્તિ કહેવાય છે તે દ્રવ્યની કોઈ વિશેષ અવસ્થા યાને તેના કોઈ વિશેષ પરિણામની છે, તેના કોઈ વિશેષ પર્યાયની છે. દ્રવ્યનો નથી નાશ કે નથી તેની ઉત્પત્તિ. તે તો ત્રણે કાળ વિદ્યમાન જ છે. આથી જ "દ્રવ્યનું લક્ષણ સત્ છે." અથવા "સત્ જ દ્રવ્ય છે." એમ પણ કહી શકાય. પદાર્થનું વિવેચન કરવાની આ બે શૈલીમાં જે વિલક્ષણતા છે તે ખાસ સમજવાની જરૂર છે. "દ્રવ્યનું લક્ષણ સત્ છે." તેમાં દ્રવ્ય લક્ષ્ય છે અને સત્ તેનું લક્ષણ છે. આ વ્યાખ્યામાં લક્ષ્ય અને લક્ષણનો સંબંધ છઠ્ઠી વિભક્તિપૂર્વક દર્શાવ્યો છે તેથી અત્રે લક્ષ્ય અને લક્ષણમાં કથંચિત્ (કોઈ અપેક્ષાએ) ભેદ વિવક્ષિત છે. "સત્ જ દ્રવ્ય છે." આ બીજી શૈલીમાં કથંચિત્ અભેદ વિવક્ષિત છે. અદ્વૈતવાદી અર્થાત્ પરબ્રહ્મવાદીઓ સત્ને એકાંતે એક અને અભિન્ન માને છે. તેઓની આ માન્યતા એકાંતમૂલક હોવાથી અતાત્ત્વિક છે તે પ્રથમ શૈલીમાં દર્શાવ્યું છે અને વૈશેષિકો લક્ષ્ય અને લક્ષણમાં યાને ગુણ અને ગુણીમાં એકાંતે ભેદ માને છે તે માન્યતાની અતાત્વિકતા પદાર્થવિવેચનની બીજી શૈલીમાં દર્શાવી છે. અત્રે શંકા થાય છે કે જ્યારે દ્રવ્ય અને સત્ એકની એક વસ્તુ છે, તેમાં દેશભેદ પણ નથી,

તો કોઈ અપેક્ષાએ લક્ષ્યરૂપ 'દ્રવ્ય' અને તેના લક્ષણરૂપ 'સત્'માં ભેદ ઘટે ? સમાધાનમાં જણાવવાનું કે સંજ્ઞા, સંખ્યા લક્ષણાદિ અનેક અપેક્ષાએ ભેદ ઘટે છે જેમ કે,

સંજ્ઞા ભેદ તો સ્પષ્ટ છે કારણ કે લક્ષ્યની સંજ્ઞા "દ્રવ્ય" છે અને લક્ષણની સંજ્ઞા "સત્" છે.

સંખ્યા ભેદ : મૂળ દ્રવ્યોની સંખ્યા છ છે જ્યારે સત્ તો એક જ છે. મહાસત્તા એક જ છે.

લક્ષણ ભેદ : દ્રવ્યનું લક્ષણ સત્ છે અથવા "ગુણ પર્યાયવદ્ દ્રવ્યમ્" એ સૂત્રથી ગુણ અને પર્યાય દ્રવ્યનું લક્ષણ છે, જ્યારે સત્નું લક્ષણ **"ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુકતં સત્"** છે. આ રીતે લક્ષ્ય અને લક્ષણમાં ભેદ કેવી રીતે ઘટે છે તે સ્પષ્ટ થઈ જાય છે. વળી દ્રવ્ય અને સત્માં દેશભેદ નથી, તેનો પ્રદેશપિંડ એકનો એક જ હોવાથી દ્રવ્ય અને સત્ બે પૃથક્ પૃથક્ વસ્તુઓ નથી. આથી તે બેમાં અભેદપણે છે. અનેકાંતવાદી જૈનદર્શન સાપેક્ષભાવે ગુણ અને ગુણીમાં, લક્ષ્ય અને લક્ષણમાં, ધર્મી અને ધર્મમાં, સ્વભાવ અને સ્વભાવવાનમાં વિશેષ અને વિશેષ્ય આદિમાં વ્યાપક-વ્યાપ્ય પ્રકારના સંબંધોના સંબંધીઓ વચ્ચે ભેદ અને અભેદ આ બેઉ પ્રકારના વિકલ્પો સ્વીકારે છે. જ્યાં પ્રદેશભેદ નથી ત્યાં સંજ્ઞા, સંખ્યા આદિની અપેક્ષાએ ભેદ હોય તેને અન્યત્વભેદ કહેવાય અને જ્યાં દેશભેદ છે ત્યાં પૃથક્ત્વભેદ કહેવાય.

જે દૃષ્ટિ ગુણ-ગુણી આદિમાં અભેદપૂર્વક વ્યવહાર કરે છે તે "ભેદ કલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય" છે અને જે દૃષ્ટિ ગુણ-ગુણી આદિમાં ભેદપૂર્વક વ્યવહાર કરે છે તે "ભેદ કલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય" છે. દ્રવ્યને વિષય કરે છે તેથી દ્રવ્યાર્થિક અને તેમાં

ભેદ કલ્પના ભળે છે. તેથી અશુદ્ધ કહેવાય છે. દ્રવ્યાર્થિકનય અભેદગામી દૃષ્ટિ છે. તેમાં ભેદદૃષ્ટિ ભળવાથી દ્રવ્યાર્થિકનય અશુદ્ધ બને છે. દ્રવ્યનું પ્રસ્તુત લક્ષણ કયા નયની અપેક્ષાએ ઘટે છે તેનો વિચાર પણ અત્રે કરી લઈએ. દ્રવ્યનું લક્ષણ સત્ કહ્યું તે સત્ તો વસ્તુમાત્રનો સામાન્ય ગુણ છે. વસ્તુમાત્રમાં અસ્તિત્વ ગુણ વ્યાપીને રહ્યો છે. આથી આ લક્ષણ સંગ્રહનયનું છે. પરંતુ આ સંગ્રહ સર્વવ્યાપી છે કારણ કે વસ્તુમાત્રનો સંગ્રહ તેમાં થઈ જાય છે. આથી આને પરસંગ્રહ કહેવાય છે. વસ્તુમાત્રનો, તે સર્વમાં રહેલા અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વાદિ કોઈ એક સર્વસાધારણ ગુણની અપેક્ષા લઈ, સંગ્રહ કરી તેને સામાન્ય એકરૂપે જોનાર દૃષ્ટિ પરસંગ્રહનયની છે. આ નયગૃહીત જે સામાન્ય છે તેને મહાસત્તા કહેવાય છે કારણ કે આ સત્તા સર્વવ્યાપક છે, તેનાથી વધુ વ્યાપક કોઈ સત્તા નથી. પરસંગ્રહનયની પકડમાંથી કોઈપણ વસ્તુ છટકી શકતી નથી. વળી પરસંગ્રહનયને શુદ્ધ સંગ્રહનય પણ કહેવાય છે કારણ કે આ સંગ્રહને વ્યવહારનયનો લેશમાત્ર પણ સ્પર્શ નથી, જ્યારે આ મહાસત્તાની જે અવાંતર સત્તાઓ છે તે સર્વવ્યાપક ન હોવાથી તેમાં વ્યવહારનયનો સ્પર્શ છે. વધુ સ્પષ્ટતાપૂર્વક સમજવા આપણે મહાસત્તાને આદિ સ્થાને મૂકી અવાંતર સામાન્ય (અવાંતર સત્તા)ને વ્યાપકતાના હીન ક્રમે પ્રસ્થાપિત કરીએ. યથા

મહાસત્તા - જીવરાશિ - સંસારી જીવ - ત્રસ જીવ - પંચેન્દ્રિય જીવ - મનુષ્ય - મનુષ્ય પુરુષ - ભારતીયપુરુષ - ગુજરાતીપુરુષ - અમદાવાદીપુરુષ - મનસુખલાલ મહેતા.

અત્રે મહાસત્તા સર્વ વ્યાપક સત્તા છે, બીજા સ્થાને જીવરાશિ મહાસત્તાનો એકદેશ (એક ભાગ) છે, પછી પછીની રાશિ તેના

ઉપરની રાશિના એકદેશરૂપ છે. અંતિમ સ્થાને મનસુખલાલ એક વ્યક્તિ છે, તે રાશિ નથી તેથી દેશાપેક્ષાએ તેના અવાંતર ભેદ પ્રાપ્ત થતા નથી. જીવરાશિ મહાસત્તાનો ભેદ છે. મહાસત્તાનો વ્યવહાર (ભેદ) કરવાથી પ્રાપ્ત થતી હોવાથી મહાસત્તાની અપેક્ષાએ જીવરાશિ વ્યવહારનયનો વિષય છે. જ્યારે તેની નીચેની સંસારી જીવરાશિની અપેક્ષાએ વધુ વ્યાપક હોવાથી સંગ્રહનયનો વિષય પણ છે. આથી તે અશુદ્ધ સંગ્રહ કહેવાય છે કારણ કે તેને વ્યવહારનયનો સ્પર્શ છે. વળી તે અશુદ્ધ વ્યવહારનયનો વિષય પણ કહી શકાય છે કારણ કે તેને સંગ્રહનયનો પણ સ્પર્શ છે. મનસુખલાલ મહેતા અંતિમ સ્થાને હોવાથી કોઈપણ સ્થાનની અપેક્ષાએ તે સંગ્રહનયનો વિષય નથી તેથી તે અશુદ્ધ વ્યવહારનયનો વિષય છે. ટૂંકમાં મહાસત્તા અને અંતિમ વ્યક્તિ વિશેષ મનસુખલાલની વચમાં જે જે સ્થાનો છે તે સર્વ અપેક્ષાવિશેષે સંગ્રહનયનો વિષય પણ છે અને તે તે સ્થાનની અર્થાત્ ઉપરના સ્થાનની અપેક્ષાએ વ્યવહારનયનો પણ વિષય છે. આથી તે અશુદ્ધ સંગ્રહ અથવા અશુદ્ધ વ્યવહારનો પણ વિષય છે.

પ્રસ્તુત સત્ લક્ષણથી લક્ષિત મહાસત્તા એક અને અદ્વૈત છે, આ મહાસત્તાથી અતિરિક્ત અન્ય કોઈ સત્તા જ નથી. આ દૃષ્ટિ વેદાંત અંતર્ગત અદ્વૈતવાદીઓની છે. તેઓનો મત પરસંગ્રહનયની અપેક્ષાએ યથાર્થ છે પરંતુ તેઓ નિરપેક્ષપણે યાને એકાંતે સત્ને એક, અદ્વૈત માનતા હોવાથી તેઓ પરસંગ્રહનયાભાસિ કહેવાય છે. ઉપાધ્યાયજી મહારાજે આજ ઢાળની ચોથી ગાથાના ટબાના અંતે "શુદ્ધ સંગ્રહનયના મતે તો સદ્વૈતવાદે એક જ દ્રવ્ય આવે તે જાણવું" આ મુજબ કહ્યું છે તેનો આ જ મર્મ છે. પરંતુ અનેકાંતદર્શન વસ્તુને એકાંતે એક અને નિર્વિકલ્પ (અખંડ) નથી માનતું. અન્ય અપેક્ષાએ

તેને સવિકલ્પ અનેકરૂપ પણ માને છે તે અત્રે આપેલી દ્રવ્યની બીજી વ્યાખ્યા પરથી જણાશે.

૨. **ઉત્પાદવ્યય ધ્રૌવ્ય યુક્તં સત્** અર્થાત્ જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત છે તે સત્ છે.

આ લક્ષણ સત્નું છે. પરંતુ આ પૂર્વે કહી ગયા તેમ ભેદકલ્પના રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયના મતે સત્ સ્વયં દ્રવ્ય છે તેથી આ લક્ષણ દ્રવ્યનું પણ છે અર્થાત્ "ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત જે સત્ છે તે દ્રવ્યનું લક્ષણ છે." આ લક્ષણ કયા નયની અપેક્ષાએ ઘટે છે તેનો ગંભીર વિચાર કરીએ.

આ.વિદ્યાનંદસ્વામીએ શ્લોકવાર્તિકમાં એક સ્થાને આને વ્યવહારનયમાં ઘટાવ્યું છે. પરંતુ વ્યવહારનય તો સમાનધર્મી પૃથક્ પૃથક્ વસ્તુના સંગ્રહમાં દેશભેદ કરે છે. પરંતુ અત્રે ઉત્પાદાદિ ત્રણ સત્ના દેશભેદ નથી તે અપેક્ષાએ વ્યવહારમાં ઘટે નહિ તેમ હું માનું છું. વ્યવહારનય તો વસ્તુમાં પૃથક્ત્વ ભેદગામી અકમ અનેકાંતનો સાધક છે. વળી ઉત્પાદાદિ ત્રણમાં દેશભેદ નથી તેમ કાળભેદ પણ નથી. (જેની સિદ્ધિ આપણે આગળ ઉપર કરી છે.) આથી નામભેદે અર્થભેદ માનનાર સમભિરૂઢનયનો આ મત કદાચ કહીએ તો કંઈ વાંધો જણાતો નથી. વળી બીજીરીતે વિચારતા દ્રવ્યમાં ધ્રૌવ્યત્વ ધર્મથી તેની નિત્યતા અને ઉત્પાદ, વ્યયથી તેમાં અનિત્યતા ઘટે છે અને દ્રવ્યાર્થિકનય દ્રવ્યને નિત્ય માને છે અને પર્યાયાર્થિકનય દ્રવ્યને અનિત્ય માને છે તેથી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણે ધર્મો પર્યાયાર્થિકનય અને દ્રવ્યાર્થિકનયની ક્રમિક અપેક્ષાએ ઘટી શકે છે.

દ્રવ્ય નિત્ય છે તેથી તેમાં કોઈપણ પ્રકારે અર્થાન્તર થાય જ

નહિ તેવું કૂટસ્થ નિત્યપણું અનેકાંતદર્શનને માન્ય નથી. એવી જ રીતે દ્રવ્યની સર્વથા નાશરૂપ અનિત્યતા પણ અનેકાંતવાદીને અભિમત નથી. અત્રે એકાંતદૃષ્ટિ શંકા કરે છે, "દ્રવ્યને જ્યારે તમો ઉત્પાદ, વ્યય લક્ષણાત્મક કહો છો ત્યારે તેમાં ધ્રૌવ્યત્વ ઘટે જ કેમ? ઉત્પાદ-વ્યયની વ્યાપ્તિ અનિત્યતા સાથે છે જ્યારે ધ્રૌવ્યની વ્યાપ્તિ નિત્યતા સાથે છે. આથી જે વસ્તુને તમો નિત્ય કહો છો તેની તે જ વસ્તુને અનિત્ય કેવી રીતે કહેવાય ? અનેકાંતવાદી કહે છે, "વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું સ્યાદ્‌વાદ પૂર્વક જ કહી શકાય છે. દ્રવ્યાર્થિકનયની અભેદદૃષ્ટિથી જોતા દ્રવ્યમાં અન્વય પ્રતીત થાય છે. "આ તે જ છે, આ તે જ છે, જે પહેલાં હતું તે જ આ છે." આવું જ્ઞાન થાય છે તેમાં હેતુ દ્રવ્યનો અન્વય ધર્મ છે અને એ જ દ્રવ્યને પર્યાયાર્થિકનયની ભેદદૃષ્ટિથી જોતાં તેમાં વ્યતિરેક પ્રતીત થાય છે. "આ તે નથી, આ તે નથી, જે પહેલાં હતું તે આ નથી" આવા પ્રત્યયમાં હેતુ વસ્તુનો અર્થાત્ દ્રવ્યનો વ્યતિરેક ધર્મ છે. જે કારણથી દ્રવ્યમાં અન્વયની પ્રતીતિ થાય છે તે કારણથી દ્રવ્યમાં ધ્રૌવ્યત્વ ઘટે છે અને તે કારણથી દ્રવ્યમાં વ્યતિરેકની પ્રતીતિ થાય છે તે કારણથી દ્રવ્યમાં ઉત્પાદ વ્યય સ્વરૂપ પર્યાય ધર્મ ઘટે છે. આથી ઉત્પાદ-વ્યય દ્રવ્યનો નથી લેવાનો પરંતુ તે દ્રવ્યની કોઈ અવસ્થા વિશેષનો અર્થાત્ તેના પર્યાયનો લેવાનો છે. આથી વસ્તુ દ્રવ્ય-પર્યાય ઉભયાત્મક છે. કોઈ એકના અભાવમાં અન્યનો પણ અભાવ માનવો પડે. વસ્તુસ્થિતિ એમ છે કે દ્રવ્ય તેના કોઈને કોઈ પર્યાયમાં જ અભિવ્યક્ત થાય છે. તેથી પર્યાયના અભાવમાં દ્રવ્યનો અભાવ થઈ જાય અને પર્યાયનો આધાર દ્રવ્ય છે તેથી દ્રવ્યને જ જો ન માનીએ તો આધાર વિના આધેય પર્યાય પણ નહિ રહે.

આથી જેમ વસ્તુ સામાન્યવિશેષાત્મક છે તેમ તે દ્રવ્ય-પર્યાયાત્મક પણ છે અને દ્રવ્ય પર્યાયાત્મક હોવાથી વસ્તુ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ધર્મથી યુક્ત માનવી જ પડે છે.

આમ જ્યારે પ્રથમ લક્ષણમાં દ્રવ્યને સત્ લક્ષણાત્મક કહ્યું અને બીજી વ્યાખ્યામાં દ્રવ્યને ઉત્પાદાદિ ત્રિલક્ષણાત્મક કહ્યું. આ બેઉ લક્ષણો અન્યોન્ય બાધક તો નથી ને તે જોવાનું છે અને આ બેઉ લક્ષણ એકની એક જ વસ્તુ લક્ષિત કરે છે તે સિદ્ધ કરવાનું છે. પ્રથમ લક્ષણથી દ્રવ્ય સત્ છે. જે હંમેશા પોતાના એકરૂપ અર્થાત્ અભેદ સ્વભાવમાં સ્થિર રહે તે સત્ અર્થાત્ દ્રવ્ય છે. અત્રે સવાલ એ થાય છે કે આ એકરૂપ સ્વભાવ કયો છે ? સહેજ ઉંડાણપૂર્વક વિચાર કરતાં જણાશે કે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની એકતારૂપ અભેદ પરિણામ જ આ સ્વભાવ છે. પ્રથમ દૃષ્ટિથી આ વાત ગળે નથી ઉતરતી. ઉત્પાદાદિ ત્રણને એકરૂપ કેમ કહેવાય ? આનું સમાધાન એ છે કે ઉત્પાદાદિ ત્રણમાંથી કોઈપણ એકના અભાવમાં અન્ય બેઉનો અભાવ થઈ જાય છે તેથી આ ત્રણનો અવિનાભાવ સંબંધ છે અને આવો સંબંધ પણ ત્યારે જ ઘટી શકે કે જ્યારે આ ત્રણે સમકાળે હોય. પ્રથમ આપણે આ ત્રણેનો અવિનાભાવ સંબંધ સિદ્ધ કરીશું અને પછી તે ત્રણેની યુગપત્ વર્તના સિદ્ધ કરીશું.

જ્યારે ત્રણ પદાર્થો 'અ', 'બ' અને 'ક'નો અવિનાભાવ સંબંધ પૂરવાર કરવો હોય ત્યારે નિમ્ન ચાર પ્રમેયો સિદ્ધ કરવા જોઈએ : (૧) 'અ' વિના 'બ' ઘટે નહિ. (૨) 'બ' વિના 'અ' ઘટે નહિ. આ રીતે 'અ' અને 'બ'નો અવિનાભાવ સંબંધ પૂરવાર કર્યા પછી તે બેઉના સમૂહનો 'ક' સાથે અવિનાભાવ સંબંધ તેજ પ્રક્રિયાથી

ઘટાડવો રહ્યો. યથા: (૩) 'અ-બ' વિના 'ક' ઘટે નહિ અને (૪) 'ક' વિના 'અ-બ' ઘટે નહિ.*

ઉત્પાદાદિ ત્રણેનો અવિનાભાવ સંબંધ ઘટાવતા પહેલા આપણે માટીનો ઘડો બને છે તે પ્રક્રિયામાં ઉત્પાદ શાનો થાય છે, વ્યય શાનો થાય છે અને ધ્રુવ શું રહે છે તે સ્પષ્ટતાપૂર્વક સમજી લઈએ જેથી આપણું કામ સરળ થઈ જાય.

કુંભાર પ્રથમ માટીનો પિંડ બનાવે છે, પછી તે પિંડાકારે પરિણમેલી માટીને ચાક પર ચઢાવી તે માટીનો જ્યારે ઘડો બને છે ત્યારે માટીના પિંડાકારનો અર્થાત્ માટીના પિંડ પર્યાયનો નાશ થાય છે અને તે જ માટી ઘડાકારે પરિણમે છે એટલે કે માટી ઘડાકારનો ઉત્પાદ થાય છે. આથી માટીના પિંડપર્યાયનો વ્યય અને તેના ઘટ પર્યાયની ઉત્પત્તિ થાય છે પરંતુ માટી તો ઘટાકારે ધ્રુવ રહે છે. આ પ્રક્રિયા મુજબ ઉત્પાદાદિ ત્રણેનો અવિનાભાવ સંબંધ ઉપરોક્ત ચારે પ્રમેયો થકી સિદ્ધ કરીએ.

(૧) **વ્યય વિના ઉત્પાદ ઘટે નહિ.:** જેવી રીતે માટીના પિંડ પર્યાયનો વ્યય થાય નહિ ત્યાંસુધી માટીના ઘટપર્યાયની ઉત્પત્તિ થાય નહિ તેવી રીતે દ્રવ્યના વર્તમાન પર્યાયનો વ્યય થાય નહિ તો તેના ઉત્તર પર્યાયનો ઉત્પાદ થાય નહિ. આમ છતાં પણ માટીના પિંડ પર્યાયનો વ્યય ન થવા છતાં પણ ઘટપર્યાયનો ઉત્પાદ માનીએ તો માટીનો પિંડાકાર કાયમ રહ્યો છતાં ઘટની ઉત્પત્તિ થઈ તેમ માન્યું કહેવાય, એટલે માટી વિના પણ ઘટની ઉત્પત્તિ થઈ. આ તો અભાવમાંથી ઘટભાવનો ઉત્પાદ માન્યો, અર્થાત્ અસત્ની ઉત્પત્તિ માની. પરંતુ અસત્ની ઉત્પત્તિ ઘટે નહિ. કોઈપણ ભાવ

અન્યભાવના અભાવપૂર્વક જ પ્રાપ્ત થાય. આથી વ્યય વિના ઉત્પાદ ઘટે નહિ તે સિદ્ધ થાય છે.

(૨) **ઉત્પાદ વિના વ્યય ઘટે નહિ :** કોઈપણ દ્રવ્યના વર્તમાન પર્યાયનો વ્યય અન્ય નવીન પર્યાયના ઉત્પાદપૂર્વક જ ઘટે. માટીના પિંડાકારનો નાશ થાય તો તે માટી કોઈને કોઈ નવીન આકારે ઉત્પન્ન થવી જ જોઈએ. આમ ન માનીએ તો માટીનો સમૂળ નાશ જ માનવો પડે જેથી સત્ના નાશનો ગંભીર દોષ પ્રાપ્ત થાય. પરંતુ સત્નો નાશ કદાપિ થતો નથી. આથી ઉત્પાદરહિત વ્યય ઘટે નહિ. કોઈપણ અભાવ અન્ય ભાવપૂર્વક જ થાય છે. આથી ઉત્પાદ વિના વ્યય ઘટે નહિ તે સિદ્ધ થાય છે. હવે ઉત્પાદ અને વ્યયનો ધ્રૌવ્ય સાથે અવિનાભાવ સંબંધ ઘટાવીએ.

(૩) **ધ્રૌવ્યરહિત ઉત્પાદ-વ્યય ઘટે નહિ :** જો કોઈ ધ્રુવતત્ત્વ ન માનીએ અને માત્ર ઉત્પાદ અને વ્યય માનીએ તો વસ્તુ માત્ર ક્ષણિક થઈ જાય જે પ્રત્યભિજ્ઞાન પ્રમાણથી બાધિત થાય છે. વસ્તુ સ્થિતિ એમ છે કે ધ્રુવતત્ત્વની અર્થાત્ નિત્યતત્ત્વની અભિવ્યક્તિ ઉત્પાદ-વ્યયની સંતતધારામાં જ અર્થાત્ અનિત્યતત્ત્વમાં જ થાય છે. કહેવાનો મતલબ એ છે કે દ્રવ્યની અભિવ્યક્તિ તેના કોઈને કોઈ પર્યાયમાં જ થાય છે અને પર્યાયનો અર્થાત્ ઉત્પાદ-વ્યયનો આધાર દ્રવ્ય જ છે. ધ્રુવતત્ત્વ દ્રવ્યના અભાવમાં ઉત્પાદ-વ્યય સ્વરૂપ પર્યાયનો પણ અભાવ થાય છે. આથી ધ્રૌવ્ય રહિત ઉત્પાદ-વ્યય ઘટે નહિ તે સિદ્ધ થાય છે.

(૪) **ઉત્પાદ-વ્યય રહિત ધ્રૌવ્ય ઘટે નહિ :** ઉત્પાદ-વ્યય રહિત માત્ર ધ્રૌવ્યને જ માનીએ તો તે ધ્રુવતત્ત્વ કૂટસ્થનિત્ય બની જશે અને તેથી કારણ-કાર્ય ભાવનો પણ અભાવ થઈ જશે. સર્વ વસ્તુ પોતાના

અવગાહિત એક ક્ષેત્રમાં અને પોતાના એક સ્વરૂપમાં સ્થિત થઈ જાય. આજની કાલ થાય નહિ એટલું જ નહિ કાળતત્ત્વનો પણ અભાવ થઈ જાય કારણ કે વસ્તુમાં ભેદ (change) થતા કાળનો અનુગમ થાય છે. સંસાર સ્થિત થઈ જાય. મોક્ષ ઘટે નહિ. પુરુષ પ્રયત્નનો અભાવ થાય. આ સર્વ પ્રત્યક્ષથી વિરુદ્ધ છે તેથી અપ્રમાણ છે. આથી ઉત્પાદ-વ્યય રહિત એકાંત ધ્રૌવ્ય ઘટે નહિ. આ રીતે ઉત્પાદાદિ ત્રણેનો અવિનાભાવ સંબંધ સિદ્ધ થાય છે. આવી રીતે ઉત્પાદાદિ ત્રણેનો અવિનાભાવ સંબંધ છે તો તે ત્રણે યુગપત્ યાને સમસમયવર્તી હોવા જ જોઈએ. માટીના પિંડાકારના નાશનો કાળ છે તે જ ઘડાની ઉત્પત્તિનો કાળ છે. જે કાળે પિંડનો નાશ થાય તે જ કાળે ઘડાની ઉત્પત્તિ ન માનતા તેમાં સમયાંતર માનીએ તો પિંડના સર્વથાનાશનો પ્રસંગ આવે એટલે સત્‌ના નાશનો પ્રસંગ આવે અને પિંડના અભાવમાં ઘટની ઉત્પત્તિ માનતા અસત્‌ની ઉત્પત્તિનો પ્રસંગ આવે. આથી પૂર્વપર્યાયના નાશનો જે કાળ છે તે જ ઉત્તર પર્યાયની ઉત્પત્તિનો કાળ છે તે વિધાન પ્રમાણ છે. ધ્રૌવ્યની તો અવસ્થિતિ સદાકાળ હોવાથી ઉત્પાદાદિ ત્રણેની યુગપત્ વર્તના પણ સિદ્ધ થાય છે.

દ્રવ્યનું પ્રથમ લક્ષણ સત્ છે અને જે પોતાના એક અખંડ સ્વરૂપમાં હંમેશા રહે છે તે સત્ છે. બીજા લક્ષણથી દ્રવ્ય ઉત્પાદાદિ ત્રિલક્ષણ યુક્ત છે અને ઉત્પાદાદિ ત્રણે એક અખંડ પરિણામ સ્વરૂપ છે. આથી આ બન્ને લક્ષણો એક સરખા જ પ્રાપ્ત થાય છે તેથી તે અન્યોન્ય બાધક નથી પરંતુ અન્યોન્ય અભિવ્યંજક છે. હવે આપણે ત્રીજું લક્ષણ આપીશું જે દ્રવ્યમાં અન્યત્વભેદગામી ક્રમ અને અક્રમ અનેકાંત એમ બન્ને પ્રકારે અનેકાંતને વ્યક્ત કરે છે.

(૩) **ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ :** અર્થાત્ "જે ગુણ અને પર્યાયવાળું છે તે દ્રવ્ય છે."

દ્રવ્યમાં પ્રાપ્ત થતા સમકાળ અવસ્થિત વિશેષોને ગુણ કહેવાય છે અને કાળક્રમે પ્રાપ્ત થતા વિશેષોને પર્યાય કહેવાય છે. આ ગુણ અને પર્યાયોનો જે આધાર છે તે દ્રવ્ય કહેવાય છે. દ્રવ્યના જેટલા ગુણો છે તેઓ એકબીજાથી કદાપિ છૂટા પડતા નથી અને તે સર્વ નિરંતર દ્રવ્યની સાથે ને સાથે જ રહે છે. પરંતુ પર્યાયો ક્રમપૂર્વક ઉત્પન્ન થાય છે. દ્રવ્ય પોતાના વર્તમાન પર્યાયનો ત્યાગ કરે છે તે જ સમયે તે નવીન પર્યાયને ધારણ કરે છે. આવી રીતે દ્રવ્યમાં નિરંતર પૂર્વપર્યાયના વ્યયની અને ઉત્તરપર્યાયના ઉત્પાદની કાળક્રમિક પરંપરા ચાલ્યા કરે છે અથવા કહોને કે દ્રવ્ય પોતાના મૂળ સ્વરૂપમાં કાયમ રહીને પર્યાયાન્તરને પ્રાપ્ત કરતું કાળમાં નિરંતર-વણથંભે-નિર્ગમન કરતું જ રહે છે.

દ્રવ્યનો ગુણ સાથે તાદાત્મ્ય સંબંધ છે તેવો જ પર્યાયો સાથે પણ છે. દ્રવ્યમાં અનેક ગુણોની યુગપત્ અવસ્થિતિ અને અનંત પર્યાયો કાળક્રમે પ્રાપ્ત થતા હોવાથી પ્રસ્તુત લક્ષણ-ગુણ પર્યાયવદ્ દ્રવ્યમ્ - દ્રવ્યમાં અન્યત્વ ભેદગામી અક્રમ અનેકાંત અને અન્યત્વ ભેદગામી ક્રમ અનેકાંત અભિવ્યક્ત થાય છે.

જેવી રીતે દ્રવ્યમાં અન્વય અને વ્યતિરેક બેઉ ધર્મો પ્રાપ્ત થાય છે તેમ ગુણ અને પર્યાયમાં પણ પ્રાપ્ત થાય છે, પરંતુ શાસ્ત્રમાં ગુણોને અન્વયી અને પર્યાયોને વ્યતિરેકી કહ્યા છે. અન્વયનો અર્થ છે એકરૂપતા અથવા સદૃશતા અને વ્યતિરેકનો અર્થ છે અન્યરૂપતા યા વિસદૃશતા. જ્ઞાનગુણના ભેદો જેવા કે મતિ શ્રુતાદિમાં જેવી રીતે જ્ઞાનગુણનો અન્વય પમાય છે તેવી રીતે મનુષ્ય, દેવ, નારક

આદિમાં જીવત્વ
પ્રધાનતા છે જ
અન્વયની પ્ર

પ્રસ્તુત લ
"ઉત્પાદ-વ્યય-
તે બેઉ એકની
કરીએ. ગુણ
તેથી ધ્રૌવ્ય ગુણ
અનિત્ય હોવા
લક્ષ્ય અને લ
લક્ષણ ધ્રૌવ્ય અ
જે ગુણ પર્યાય
ઉત્પાદ-વ્યય
ઉત્પાદ-વ્યય
સિદ્ધ થાય છે
વિચારીએ તે
વિષય બહુ જ
આચાર્યોએ અ
ઘણો જ અટપ

(૧) લોકવ્યવ

૫૦ વર્ષ
છે." તે કેટલી
બધા સમજે

સ્વગુણનો અન્વય હોવા છતાં પણ તેમાં વ્યતિરેકની
ત્યારે મતિ, શ્રુતાદિ જ્ઞાનમાં ભેદ છતાં પણ તેમાં
નતા છે.

લક્ષણ "ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્" અને પૂર્વે આલેખેલું
ધ્રૌવ્યથી યુક્ત વસ્તુ દ્રવ્ય છે." અન્યોન્ય બાધક નથી.
એક જ વસ્તુ લક્ષિત કરે છે. આની વધુ સ્પષ્ટતા
અન્વયી હોવાથી તેમાં નિત્યત્વ ધર્મની પ્રધાનતા છે
તેનું લક્ષણ પ્રાપ્ત થાય છે અને પર્યાયો વ્યતિરેકી અને
થી ઉત્પાદરૂપ પર્યાયનું લક્ષણ પ્રાપ્ત થાય છે. પરંતુ
ક્ષણમાં કથંચિત અભેદ છે તેથી ગુણના સ્થાને તેનું
અને પર્યાયના સ્થાને તેનું લક્ષણ ઉત્પાદ-વ્યય મૂકવાથી
વવાળું છે તે જ ધ્રૌવ્ય અને પર્યાયના સ્થાને તેનું લક્ષણ
મુકવાથી જે ગુણ પર્યાયવાળું છે તે જ ધ્રૌવ્ય અને
યુક્ત છે. આથી આ બેઉ લક્ષણો એકબીજાના પૂરક
છે. આ લક્ષણ કયા નયની અપેક્ષાએ બાંધ્યું છે તે
પહેલાં નૈગમનયની વિચારણા કરીએ. આ નયનો
જ બહોળો છે. તેના અનેક ભેદ પ્રભેદો છે અને અનેક
આને ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રરૂપ્યો છે. ટૂંકમાં આ નય
પટો છે. અત્રે માત્ર ઉલ્લેખ જ કરીએ છીએ. આ નય,

વહાર પરસ્ત છે :

ર્ષ પહેલાં જન્મેલો કોઈ કહે કે "આજે મારો જન્મ દિવસ
લી બેહૂદી વાત છે છતાં પણ અત્રે કહેનારનો અભિપ્રાય
છે. કોઈ તેના વિધાનમાં શંકા કરતું નથી. લોક

વ્યવહારમાં આવા વિધાનોને ખોટા નથી કહેવાતા. નૈગમ આને સ્વીકારે છે.

(૨) આ નય સામાન્ય તેમજ વિશેષ ઉભયગ્રાહી છે. તેમ જ તે બે ધર્મ યા બે ધર્મી યા એક ધર્મ અને એક ધર્મી એમ કોઈ બેને પ્રધાન ગૌણભાવે પણ ગ્રહણ કરે છે.

"ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્" આમાં દ્રવ્યના બે ધર્મોની વિવક્ષા છે. તેથી કદાચ નૈગમનયની આ વ્યાખ્યા કહી શકાય તેમ લાગે છે. પરંતુ ચોક્કસ નથી કહી શકાતું કારણ કે ગુણ અને પર્યાય આમાં પ્રધાન-ગૌણભાવ જણાતો નથી.

આને દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયની ક્રમિક વિવક્ષાપૂર્વક પ્રાપ્ત લક્ષણ પણ કદાચ કહેવાય. નય સંબંધમાં કંઈપણ નિશ્ચિત કહેવું મારા જેવા અલ્પમતિ માટે બહું જ કપરું છે. દ્રવ્યનું ચોથું લક્ષણ છે :

(૪) **"અર્થક્રિયાકારિત્વ"** દ્રવ્યનું લક્ષણ છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે.

यदेवार्थक्रियाकारि तदेव परमार्थसत्,
यच्च नार्थक्रियाकारि तदेव परतोऽप्यसत् ॥

અર્થાત્ જે અર્થક્રિયા કરનાર છે તે પરમાર્થથી સત્ છે અને જે અર્થક્રિયા કરનાર નથી તે પરમાર્થથી પણ અસત્ છે." આ લક્ષણ દ્રવ્ય માત્રને અર્થક્રિયાનો કર્તા કહે છે. દ્રવ્યની અભિવ્યક્તિ તેના થકી થતાં કાર્યથી થાય છે. કોઈપણ પ્રકારનું અર્થાન્તર ક્રિયા છે. અર્થાન્તરના મૂળ ચાર ભેદ છે અને તે માત્ર રૂપી દ્રવ્યોમાં જ ઘટે છે. આ ક્રિયા છે :

(૧) પુદ્ગલ સ્કંધ યા પરમાણુનું એક ક્ષેત્ર તજી અન્ય ક્ષેત્રે સ્થાન પ્રાપ્ત કરવું તે ક્ષેત્રસ્થાનાન્તર.

(૨) પુદ્ગલ યા જીવ (સંસારી)ના પ્રદેશપિંડમાં સંકોચ-વિસ્તાર સ્વરૂપ પરિણમનથી તેની આકૃતિ અને કદમાં ભેદ થવો તે અવગાહના સ્થાનાન્તર.

(૩) પુદ્ગલસ્કંધના પ્રદેશોની સંખ્યામાં પુરણ-ગલન પ્રક્રિયા થકી હાનિ-વૃદ્ધિ થવી તે દ્રવ્યસ્થાનાન્તર છે.

(૪) દ્રવ્યના કોઈ ગુણ અર્થાત્ ભાવના અંશોમાં હાનિ-વૃદ્ધિ ભાવસ્થાનાન્તર છે.

અરૂપી દ્રવ્યો આકાશ, ધર્મ, અધર્મ અને સિદ્ધ જીવમાં ઉપરોક્ત કોઈ પરિણમન થતું ન હોવાથી તે અપરિણામી કહેવાય છે પરંતુ તેઓ સર્વથા અપરિણામી નથી. તેમાં પણ અગુરુલઘુગુણની હાનિ વૃદ્ધિ સ્વરૂપ પરિણમન છે. પરંતુ આ ગુણ અને તેના પરિણમનનું સ્વરૂપ માત્ર કેવલીગમ્ય છે.*

વસ્તુમાત્રમાં ઉત્પાદ-વ્યય સ્વરૂપ જે પરિણમન છે તે જ અર્થ ક્રિયા છે. પરિણમન એકાંત નિત્ય પદાર્થમાં કે એકાંત ક્ષણિક પદાર્થમાં ઘટતું નથી. એકાંત નિત્યપક્ષમાં તો ક્રિયા ઘટતી જ નથી અને ક્ષણિક વસ્તુમાં પણ ક્રિયા ઘટે નહિ કારણ કે ક્રિયા હોય ત્યાં કારણ-કાર્યભાવ હોય પરંતુ કારણ-કાર્યની ધારા પરિણામી છતાં નિત્ય પદાર્થમાં જ ઘટે.

આ લક્ષણ દ્રવ્યના ક્રિયાકારિત્વનો વિષય કરે છે અને ક્રિયા ઉત્પાદ્-વ્યયપર્યાયમાં પ્રાપ્ત થતી હોવાથી પ્રાયઃ આ લક્ષણને પર્યાયાર્થિકનયમાં ઘટાવવું યોગ્ય લાગે છે.

* અપરિણત સંબંધી વધુ વિગતવાર ચર્ચા આ લેખકના કર્મવિજ્ઞાન પુસ્તકના ત્રીજા પ્રકરણમાં કરી છે.

અત્રે સ્પષ્ટપણે નૈગમનયથી કોઈ લક્ષણ જણાતું નથી પરંતુ તેમણે (ઉપાધ્યાયજીએ) ટબામાં આનો ખુલાસો કર્યો છે તેનો આગળ ઉપર વિચાર કરીશું.

(૫) ઉપાધ્યાયજી મ.એ આપેલા દ્રવ્યના લક્ષણની વિલક્ષણતા :

ઉપાધ્યાયજી મ.એ આપેલ દ્રવ્યના લક્ષણનું વિશ્લેષણ કરતાં તેમાં નિમ્ન ત્રણ લક્ષણો ગર્ભિત જણાશે. (૧) ગુણ પર્યાયતણું જે ભાજન (૨) એકરૂપ ત્રિહું કાલિ રે, જસ નહિ ભેદ વિચાલઈ રે (૩) તેહ દ્રવ્ય નિજ જાતિ કહઈ અર્થાત્ (૧) ગુણ અને પર્યાયનું આધારપણું (૨) પર્યાયભેદ પામવા છતાં પણ પોતાના મૂળ એકરૂપ સ્વભાવમાં ત્રણેકાળ સ્થિર રહેવાપણું અને (૩) પોતપોતાની જાતિની અપેક્ષાએ (જેમાં અનેકપણું પ્રાપ્ત થાય છે) તે દ્રવ્ય છે.

જૈન પ્રસિદ્ધ "गुणपर्यायवद् द्रव्यम्" લક્ષણમાં દ્રવ્યને ગુણ પર્યાયવાળું કહ્યું છે ત્યાં દ્રવ્ય અને ગુણ પર્યાય વચ્ચે વિશેષ્યવિશેષ અર્થાત્ સામાન્ય-વિશેષ સંબંધ ઘટાવ્યો છે. જ્યારે ઉપાધ્યાયજી મ.એ દ્રવ્યને ગુણપર્યાયનું ભાજન કહીને દ્રવ્ય અને ગુણપર્યાય વચ્ચે આધાર-આધેય અથવા વ્યાપક-વ્યાપ્ય સંબંધ ઘટાવ્યો છે. પરંતુ સામાન્ય-વિશેષ અને વ્યાપક-વ્યાપ્ય એક જ જાતિના સંબંધો છે. સામાન્ય વ્યાપક છે અને વિશેષ વ્યાપ્ય છે. વળી સામાન્યમાં વિશેષનો વાસ હોવાથી ઉપાધ્યાયજી મ.એ કહ્યું તેમ દ્રવ્યને ગુણપર્યાયનું ભાજન પણ કહી શકાય. આથી આ બન્ને લક્ષણમાં કોઈ ભેદ નથી. વળી આપણે આ પૂર્વે જોઈ ગયા છીએ કે ગુણની વ્યાપ્તિ ધ્રૌવ્ય સાથે છે અને ઉત્પાદ-વ્યયની વ્યાપ્તિ પર્યાય સાથે છે તેથી દ્રવ્યને ગુણ પર્યાયનું ભાજન (પાત્ર) કહેતા તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વભાવવાળું પણ ઘટે છે તેથી ઉપાધ્યાયજી મ.એ આ લક્ષણ

મૂળ ગાથામાં કહ્યું નથી પરંતુ ટબામાં તેનો ઉલ્લેખ કર્યો છે અત્રે પણ ઉત્પાદ-વ્યયનો આધાર ધ્રૌવ્ય જ છે તેથી ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યય વચ્ચે પણ આધાર-આધેય સંબંધ ઘટે છે. અત્રે કોઈ શંકા કરે કે ઉત્પાદાદિમાં ગુણોને ધ્રૌવ્ય સ્થાને અને ઉત્પાદ-વ્યયને પર્યાયસ્થાને મૂક્યા હોવાથી ગુણો આધાર બનશે પરંતુ દ્રવ્ય આધાર બનશે નહિ. સમાધાનમાં કહેવાનું કે જે ગુણોનો સમૂહ છે તે જ દ્રવ્યનો આત્મા છે. દ્રવ્ય સાથે ગુણોનો સંબંધ નિરંતર છે. સર્વ ગુણો સદા એ દ્રવ્યની સાથે ને સાથે તાદાત્મ્ય સંબંધે રહે છે, પર્યાયની જેમ એક પછી એક એવા ક્રમથી ગુણોનો દ્રવ્ય સાથે સંબંધ નથી. વિશેષાવશ્યકભાષ્યની ગા.૨૮માં દ્રવ્યને ગુણોનો સમુદાય પણ કહ્યો છે. આથી ધ્રૌવ્યની વ્યાપ્તિ ગુણોના સમુદાયસ્વરૂપ દ્રવ્ય સાથે પણ ઘટે છે. બીજું "सत् द्रव्यलक्षणम्" દ્રવ્યનું આ લક્ષણ ઉપાધ્યાયજી મહારાજે દ્રવ્યને "એકરૂપ ત્રિહું કાલિ રે" તે તેમને બાંધેલા દ્રવ્યના લક્ષણમાં વણી લીધું છે અને દ્રવ્યનું ક્રિયાકારિત્વ લક્ષણ તો પર્યાયથી જ સિદ્ધ છે કારણ કે પર્યાયોમાં જે ઉત્પાદ વ્યયની સંતતધારા છે તે જ દ્રવ્યની ક્રિયા છે. આ પ્રમાણે જૈનદર્શન પ્રસિદ્ધ દ્રવ્યના ચારે લક્ષણો ઉપાધ્યાયજી મ.ની વ્યાખ્યામાં ગર્ભિત છે, પરંતુ "તેહ દ્રવ્ય નિજ જાતિ કહિઈ" કરીને ઉપાધ્યાયજી મ. એક અગત્યની વાત કહી છે તે ટીકાકારોના લક્ષમાં આવી જણાતી નથી. આપણે જોઈ ગયા છીએ કે પરસંગ્રહનયના મતે દ્રવ્ય એક જ પ્રાપ્ત થાય છે અને તે મહાસત્તા છે. પરંતુ જૈનદર્શનમાં તો છ દ્રવ્યો કહ્યા છે તે કઈ અપેક્ષાએ કહ્યા છે તે વિચારવાનું છે. આમ તો મહાસત્તાના વ્યવહારનયથી ભેદ કરતા જીવ અને અજીવ એવા બે દ્રવ્યો પણ પ્રાપ્ત થાય છે. આ બે ભેદોમાં અજીવના રૂપી અને અરૂપી એવા બે ભેદ કરતા મહાસત્તાના જીવ, રૂપીઅજીવ અને અરૂપીઅજીવ એવા ત્રણ ભેદો પણ થાય.

વળી જીવના સંસારી અને સિદ્ધ એવા બે ભેદ કરતા મહાસત્તાના સંસારી જીવ, સિદ્ધ જીવ, રૂપીઅજીવ અને અરૂપીઅજીવ એવા ચાર ભેદો પણ પ્રાપ્ત થાય. આવી રીતે ભિન્ન ભિન્ન અપેક્ષાએ દ્રવ્યોના અનંતાનંત ભેદો પણ થઈ શકે છે કારણ કે પુદ્ગલ અને જીવરાશિની સંખ્યા અનંતાનંત છે. આમ છે તો પછી શ્રી જિનાગમમાં ષટ્દ્રવ્યની પ્રસિદ્ધિમાં શું હેતુ છે ? કઈ અપેક્ષાએ દ્રવ્યના છ જ ભેદ પ્રાપ્ત થાય છે નહિ વધુ કે નહિ ઓછા ? ઉપાધ્યાયજીની તીક્ષ્ણ બુદ્ધિમાં આ પ્રશ્ન ન આવે તે કેમ બને ? આ પ્રશ્નનો તાગ તેમને "તેહ દ્રવ્ય નિજ જાતિ કહિઈ" કહી દ્રવ્યમાં જાતિભેદ કરી મેળવ્યો છે. સંગ્રહનયના મતે દ્રવ્યત્વ સામાન્યની અપેક્ષાએ જે એક દ્રવ્ય છે તેને વ્યવહારનય જાતિની અપેક્ષાએ ભેદ કરે છે ત્યારે છ દ્રવ્યો પ્રાપ્ત થાય છે. પરંતુ અત્રે તમો પ્રશ્ન કરશો કે ઉપાધ્યાયજી મ. તો જે છ મૂળ દ્રવ્યો છે તેમાં માત્ર જીવ અને પુદ્ગલ દ્રવ્યોના જ દૃષ્ટાંતો ટબામાં આપ્યા છે અને વધુમાં માટી, પટ, તંતુ, દેવ, સંસારી આદિ અનંત દ્રવ્યો કહ્યા છે તો જાતિની અપેક્ષાએ પણ છ જ દ્રવ્યો કેવી રીતે કહેવાય ? સ્હેજ ગંભીરતા પૂર્વક વિચાર કરશું તો આ શંકાનું સમાધાન પણ ઉપાધ્યાયજી મહારાજે આપેલા દ્રવ્યના લક્ષણમાંથી જ મળી રહે છે. ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે, "એકરૂપ ત્રિહું કાલિરે" અર્થાત્ જે ત્રણે કાળ એકરૂપ રહે છે તે દ્રવ્ય કહેવાય. અત્રે ત્રિકાળ એટલે અપરિમિત ત્રણે કાળ અર્થાત્ અનાદિ ભૂત, વર્તમાન અને અનંત ભાવિકાળ પણ લઈ શકાય છે. તેમ જ પરિમિત ત્રણકાળ પણ લઈ શકાય છે. આથી પરસંગ્રહનય ગૃહીત એક દ્રવ્ય સ્વરૂપ મહાસત્તાના સમગ્રત્રિકાળ પોતાના સ્વરૂપમાં અવસ્થિત પોતપોતાની જાતિની અપેક્ષાએ વ્યવહારનયથી ભેદ કરતાં દ્રવ્યના જીવ, પુદ્ગલ, આકાશ, ધર્મ, અધર્મ અને કાળ એવા માત્ર છ જ

ભેદો પ્રાપ્ત થાય છે જે આગમપ્રસિદ્ધ "ષટ્ દ્રવ્ય" - છ દ્રવ્યો છે. શ્રી વિશેષાવશ્યક ભાષ્યની ૨૮મી ગાથામાં દ્રવ્યને મહાસત્તાનો વિકાર પણ કહ્યો છે તેથી છએ દ્રવ્યો મહાસત્તાના ભેદો છે. આથી વ્યવહારનયથી દ્રવ્યની આ છ સંખ્યા કઈ અપેક્ષાએ પ્રાપ્ત થાય છે તે ઉપાધ્યાયજી મ. બહુ જ માર્મિક રીતે તેમના દ્રવ્ય લક્ષણમાં જણાવ્યું છે તો હવે વ્યવહારનય એક દ્રવ્યરાશિના પોતપોતાની જાતિની અપેક્ષાએ અપરિમિત સમગ્ર ત્રિકાળ પોતાના અખંડ એકરૂપમાં કયા છ દ્રવ્યો પ્રાપ્ત કરે છે અને તે તેના કયા અસાધારણ ગુણો અને પર્યાયોનો આધાર છે તેની નોંધ લઈએ.

(૧) જ્ઞાન, દર્શન ચારિત્રાદિ અસાધારણ ગુણો અને મનુષ્ય, તિર્યંચ, દેવાદિ પર્યાય વિશેષોનો જે આધાર છે તે જીવ દ્રવ્ય છે. જાતિની અપેક્ષાએ જીવ એક છે અને વ્યક્તિની અપેક્ષાએ અનંતા અનંત છે.

(૨) વર્ણ, ગંધ, સ્પર્શાદિ અસાધારણ ગુણો અને પરમાણુ, સ્કંધાદિ પર્યાયવિશેષોનો જે આધાર છે તે પુદ્ગલદ્રવ્ય જાતિની અપેક્ષાએ એક છે અને વ્યક્તિની અપેક્ષાએ (પરમાણુ વ્યક્તિની અપેક્ષાએ) જીવરાશિથી પણ અનંતાનંત છે.

(૩) અવગાહનાહેતુત્વ અસાધારણ ગુણ અને લોકાકાશ, ઘંટાકાશ આદિ આકાશસ્કંધદેશ તેમજ આકાશપ્રદેશાદિ પર્યાય વિશેષોનો જે આધાર છે તે આકાશાસ્તિકાય દ્રવ્ય જાતિ તેમજ વ્યક્તિથી એક છે.

(૪) અસાધારણ ગુણ ગતિહેતુત્વ અને ધર્માસ્તિકાય સ્કંધ દેશ, પ્રદેશાદિ પર્યાયવિશેષોનો આધાર છે તે ધર્માસ્તિકાય દ્રવ્ય જાતિ તેમજ વ્યક્તિથી એક છે.

(૫) અસાધારણ ગુણ સ્થિતિહેતુત્વ અને અધર્માસ્તિકાય પ્રદેશ, સ્કંધદેશાદિ પર્યાય વિશેષોનો આધાર છે તે અધર્માસ્તિકાય દ્રવ્ય જાતિ તેમજ વ્યક્તિથી એક છે.

(૬) અસાધારણ ગુણ વર્તના, પરિણામ, પરાપરત્વાદિ હેતુત્વ અને સમય, આવલિ, મુહૂર્ત, દિવસ, વર્ષ આદિ પર્યાયવિશેષોનો આધાર છે તે કાળ દ્રવ્ય જાતિથી એક અને વ્યક્તિથી અનંત છે. આ ઉપચરિત દ્રવ્ય છે કારણ કે તેને પોતાનો કોઈ સ્વતંત્ર પ્રદેશ નથી.

ઉપરોક્ત છ એ દ્રવ્યો સમગ્ર ત્રણે કાળમાં પોતાના મૂળ સ્વભાવમાં અવસ્થિત હોવાથી તે મૂળ દ્રવ્યો છે. ઉપાધ્યાયજી મ. પરિમિત ત્રિકાળ અવસ્થિત માટી, ઘટ, પટ, દેવાદિને દ્રવ્ય કેમ અને કયા નયની અપેક્ષાએ કહ્યું છે તેનો વિચાર કરીને તે પૂર્વે પર્યાયનું વ્યાપક સ્વરૂપ સમજવાની જરૂર છે.

પર્યાયનું સિદ્ધાંત લક્ષણ છે : "**अंशकल्पनं पर्यायः**" અર્થાત્ અંશકલ્પના પર્યાય છે. એક અને અખંડવસ્તુનો અંશ યા અવયવ યા તેના ભેદને પર્યાય કહેવાય છે.

જે એક અખંડ વસ્તુ છે તે સામાન્યના ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્સામાન્ય એવા બે ભેદ છે. આ બન્ને સામાન્યના જે વિશેષો છે તે સામાન્યના અંશો અથવા ભેદો છે. ઊર્ધ્વતાસામાન્યનો ભેદ કાળાંશ છે અને તિર્યક્સામાન્યનો ભેદ દ્રવાંશ છે. ઊર્ધ્વતાસામાન્ય સ્વરૂપ સંપૂર્ણ ત્રિકાળ અવસ્થિત જે એક દ્રવ્ય છે તેનો અંશ એટલે તે દ્રવ્યની અનાદિ અનંતકાળરૂપ સમય શ્રેણિ છે તે શ્રેણિનો અંશ (ભાગ) યા ભેદ તે દ્રવ્યનો પર્યાય છે. જો તે અંશ નિરંશ હોય એટલે કે તે જો એક સમય માત્ર હોય તો તેને અર્થપર્યાય કહેવાય અને જો

તે અંશ સાંશ હોય એટલે કે તે અનેક સમયરૂપ હોય તો તે વ્યંજનપર્યાય કહેવાય. વળી જો આ અંશ યા ભેદ ગુણાશ્રિત હોય તો તે દ્રવ્યનો ગુણપર્યાય છે અને તે ભેદ દ્રવ્યાશ્રિત હોય તો તે દ્રવ્યનો દ્રવ્યપર્યાય કહેવાય. આ રીતે દ્રવ્યના ચાર પ્રકારના પર્યાયો નીચે મુજબ પ્રાપ્ત થાય છે.

(૧) **દ્રવ્ય વ્યંજનપર્યાય :** ચિરકાળ અવસ્થિત દ્રવ્યાશ્રિત પર્યાય. (ચિરકાળ એટલે પરિમિત ત્રિકાળ લેવો)

(૨) **દ્રવ્ય અર્થપર્યાય :** સમયમાત્ર અવસ્થિત* દ્રવ્યાશ્રિત પર્યાય.

(૩) **ગુણ વ્યંજનપર્યાય :** ચિરકાળ અવસ્થિત ગુણાશ્રિત પર્યાય.

(૪) **ગુણ અર્થપર્યાય :** સમયમાત્ર અવસ્થિત ગુણાશ્રિત પર્યાય.

મનુષ્ય, દેવ, નારકાદિ જીવદ્રવ્યના દ્રવ્યવ્યંજન પર્યાયો છે. અર્થપર્યાયોની સ્થિતિ સમય માત્ર હોઈ સામાન્યરીતે તેઓ શબ્દથી વ્યક્ત થઈ શક્તા નથી. પરંતુ મનુષ્ય જન્મ, મરણ તેમજ મોક્ષ, જીવ દ્રવ્યના દ્રવ્ય અર્થપર્યાય કહી શકાય કારણ કે મોક્ષ, જન્માદિ આ સર્વ એક એક સમયવર્તી છે. મતિજ્ઞાનનો અંતમુહૂર્ત કાળ હોવાથી તે જીવદ્રવ્યનો જ્ઞાનગુણાશ્રિત અર્થપર્યાય છે યાને ગુણ અર્થપર્યાય છે.

જે તિર્યક્સામાન્ય છે તે દ્રવ્યોનો અથવા તેના દ્રવ્ય વ્યંજન-પર્યાયોનો સમૂહ છે. તેના ભેદો વ્યતિરેકવિશેષ પણ પર્યાય છે. આ પર્યાય તિર્યક્સામાન્ય રાશિની અવાંતર જાતિ વિશેષનો સમૂહ હોય અથવા વ્યક્તિ વિશેષ અર્થાત્ દ્રવ્યવ્યંજન પર્યાય પણ હોય.

* તત્ત્વતઃ એક સમયસ્થિતિ સ્થિતિ ન કહેવાય.

તિર્યક્સામાન્યનો વ્યવહાર અર્થાત્ ભેદ કાળાપેક્ષાએ નથી પરંતુ દેશાપેક્ષાએ કરાય છે. આથી તિર્યક્સામાન્યના પર્યાયો તેના દેશાંશો છે. તિર્યક્સામાન્ય સંસારી જીવરાશિના મનુષ્ય, તિર્યંચ, દેવાદિ વ્યતિરેકવિશેષો સંસારી જીવરાશિના અવાંતર ભેદો છે તે સર્વ દ્રવ્ય-વ્યંજન પર્યાયો છે અને તે સર્વ અક્રમ પર્યાયો છે કારણ કે તે સર્વ સંસારી જીવરાશિના સમકાળ અવસ્થિત ભિન્ન ભિન્ન દેશ ભેદો છે.

વળી, દ્રવ્યના જે ગુણો છે તે સર્વ સમકાળ અવસ્થિત છે પણ તેમાં દેશભેદ નથી પણ અન્યત્વ ભેદ હોવાથી સર્વ ગુણો પણ દ્રવ્યના ગુણ પર્યાયો છે, ગુણ વ્યંજનપર્યાય છે.

આકાશ, ધર્મ અને અધર્મ આ ત્રણે અસ્તિકાયોમાં અનેકતા નથી. તે સર્વ એક એક જ છે. આ દ્રવ્યોનો જે અખંડ પ્રદેશપિંડ છે તેને તે દ્રવ્યનો સ્કંધ કહેવાય છે. આકાશાસ્તિકાય સ્કંધના પ્રદેશપિંડોના ખંડો જેવા કે લોકાકાશ, ઘટાકાશ આદિ જે આકાશ સ્કંધ દેશ છે અને આકાશનો પ્રદેશ આકાશ સ્કંધ પ્રદેશ છે તે આકાશ સ્કંધના અવયવો હોવાથી તે સર્વ દ્રવ્યપર્યાયો છે.

હવે આપણે ઉપાધ્યાયજી મ. ટબામાં મૃદ્ (માટી), તંતુ, પટ, સંસારીજીવ, દેવ આદિમાં દ્રવ્ય તેમજ પર્યાયપણું કઈ રીતે ઘટાવ્યું છે તે જોઈએ.

મૃદ્ દ્રવ્ય : ઊર્ધ્વતાસામાન્ય માટી દ્રવ્ય તેના રક્તવર્ણ, મૃદુસ્પર્શ, શીતસ્પર્શાદિ ગુણો (ગુણ પર્યાયો) અને પિંડ, સ્થાલી, કોશાદિ ક્રમિક પર્યાયોનું ભાજન હોવાથી અર્થાત્ આ માટી દ્રવ્ય ઉપરોક્ત સર્વ પર્યાયોમાં અનુગત છે તે અપેક્ષાએ માટી દ્રવ્ય છે, અને તિર્યક્સામાન્ય પુદ્ગલ દ્રવ્યની અપેક્ષાએ માટી તેનો વ્યંજન પર્યાય છે.

તંતુ દ્રવ્ય અને પટ પર્યાય : જેવી રીતે માટીમાંથી ઘડો બને છે તેમ તંતુમાંથી પટ બને છે. માટી ઘટનું ઉપાદાન કારણ હોવાથી ઊર્ધ્વતાસામાન્ય રૂપે દ્રવ્ય છે તેમ તંતુ પટનું ઉપાદાન કારણ હોવાથી ઊર્ધ્વતાસામાન્ય રૂપે દ્રવ્ય છે. હંમેશા કારણ દ્રવ્ય હોય અને કાર્ય પર્યાય હોય.

પટ દ્રવ્ય અને તંતુ પર્યાય : જ્યારે પટને પૌદ્ગલિક સ્કંધ ગણીએ તો તે દ્રવ્ય છે અને તંતુ પટનો અવયવ યાને પટસ્કંધદેશ હોવાથી પર્યાય થાય છે.

ઉપાધ્યાયજી મ.એ તંતુ દ્રવ્ય કઈ અપેક્ષાએ ઘટે છે તેમાં હેતુ આપ્યો છે "જે માટે પટને વિચાલે-પટાવસ્થા મધ્યે તંતુનો ભેદ નથી" કહેવાનો આશય એમ છે કે જેવી રીતે માટી અને તેના પર્યાય ઘટમાં તત્વતઃ કંઈ જ ભેદ નથી કારણ કે ઘટ સ્વયં માટીની આકૃતિ વિશેષ જ છે, તેવી જ રીતે પટ પણ તંતુની રચના વિશેષ જ છે. તંતુ અને પટમાં તત્વતઃ કંઈ જ ભેદ નથી. આ કારણથી તંતુ દ્રવ્ય છે કારણ તે પટમાં વ્યાપે છે. (પટ તંતુમાં વ્યાપક નથી પણ તંતુ પટમાં વ્યાપક છે. વ્યાપક દ્રવ્ય અને વ્યાપ્ય પર્યાય છે.)

પટને દ્રવ્ય અને તંતુને પર્યાય કહે છે તેનો હેતુ આપ્યો છે "તંતુ અવયવ અવસ્થા મધ્યે અન્યત્વરૂપ ભેદ છે." અર્થાત્ જ્યારે તંતુને પટસ્કંધના અવયવ તરીકે વિવક્ષિએ છે ત્યારે તંતુ અને પટમાં દેશભેદ નથી પરંતુ અન્યત્વ ભેદ છે કારણ કે તેમાં સંજ્ઞા, સંખ્યા, લક્ષણાદિની અપેક્ષાએ ભેદ ઘટે છે.

દેવ દ્રવ્ય અને દેવ પર્યાય : ઉપાધ્યાયજી મહારાજે ટબામાં કહ્યું છે, "આત્મ તત્ત્વ વિચારે પણ દેવાદિક આદિષ્ટ દ્રવ્ય સંસારી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય થાય." અત્રે કહેવાનો મતલબ એ છે કે જે દેવ

અમુક અપેક્ષાએ દ્રવ્યપણે વિવક્ષાય છે તે જ દેવ-દ્રવ્ય તેથી વધુ વ્યાપક સંસારી જીવરાશિની અપેક્ષાએ પર્યાય થાય છે. તિર્યક્ સામાન્ય દેવરાશિને દ્રવ્ય સ્થાને મૂકીએ તો વ્યવહારનયે તેના ભવનપતિદેવ, વ્યંતરદેવ, જ્યોતિષદેવ, વૈમાનિકદેવાદિ ભેદો પર્યાય થાય છે જ્યારે દેવરાશિથી વધુ વ્યાપક સંસારી જીવરાશિની અપેક્ષાએ તો દેવ એ સંસારીજીવનો ભેદ હોવાથી પર્યાય બની જાય છે.

મહાસત્તા સર્વવ્યાપક હોવાથી તે શુદ્ધ દ્રવ્ય છે કારણ કે મહાસત્તાથી કોઈ મોટી વધુ વ્યાપક સત્તા ન હોવાથી કોઈની પણ અપેક્ષાએ તેમાં પર્યાયપણું ઘટતું નથી પરંતુ મહાસત્તાની અવાંતર સત્તામાં દ્રવ્ય-પર્યાયપણું સાપેક્ષભાવે ઘટે છે. મહાસત્તાના જીવ અજીવ બે ભેદો હોવાથી જીવરાશિ મહાસત્તાનો પર્યાય છે અને સંસારી અને સિદ્ધ એવા જીવરાશિના ભેદોની અપેક્ષાએ જીવ દ્રવ્ય પણ છે. જીવરાશિનો જે અંતિમ વ્યક્તિ વિશેષ છે તે શુદ્ધ વ્યતિરેક વિશેષ છે - દેશભેદની અપેક્ષાએ. પરંતુ તિર્યક્સામાન્યનો જે અંતિમ વિશેષ છે તે વ્યક્તિ વિશેષ ઊર્ધ્વતાસામાન્યની અપેક્ષાએ દ્રવ્ય પણ છે.

અત્રે એક મહત્ત્વનો પ્રશ્ન ઉઠે છે. તિર્યક્સામાન્ય જીવરાશિના દેશાપેક્ષાએ ભેદ કરતા અંતિમ વિશેષ એક વ્યક્તિ વિશેષ જીવ છે. પરંતુ આ વ્યક્તિ વિશેષ પણ અસ્તિકાય હોવાથી આકાશાદિની જેમ સ્કંધદેશ સ્કંધપ્રદેશ એવા ભેદ-દેશાપેક્ષાએ પણ પ્રાપ્ત થાય છે. તેથી તિર્યક્સામાન્ય જીવરાશિનો દેશભેદે ભેદ કરતા અંતિમ વિશેષ જીવ વ્યક્તિ નહિ પરંતુ તેનો પ્રદેશ યાને જીવસ્કંધ પ્રદેશ અંતિમ વિશેષ પ્રાપ્ત થાય છે. આ શંકા ગંભીર છે. સિદ્ધાંતની દૃષ્ટિએ જીવાસ્તિકાયના સ્કંધદેશાદિ ભેદો પડી શકે છે પરંતુ જીવાસ્તિકાયમાં

(આવા ભેદો કરવાનું કોઈ પ્રયોજન ન હોવાથી) નવ તત્ત્વમાં પણ આકાશાદિના સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ એવા ભેદ કર્યા છે પણ જીવાસ્તિકાયના એવા ભેદો નથી કર્યા તેમાં શો હેતુ હોઈ શકે ? આનો શાસ્ત્રોમાં ઉત્તર નથી મળતો પરંતુ મારા મિત્ર પનાલાલભાઈ એ જે ખૂલાસો કર્યો છે તે અત્યંત જચે તેવો હોઈને અત્રે આપુ છું. આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના કાર્યમાં અને જીવાસ્તિકાયના કાર્યમાં આમૂલ ભેદ છે, એક મૌલિક ભેદ છે. પ્રથમના ત્રણે અસ્તિકાયનું કાર્ય દેશખંડગત છે જ્યારે જીવાસ્તિકાયનું કાર્ય અખંડ દેશગત છે. ખૂલાસો આ પ્રમાણે છે.

આકાશનું કાર્ય પદાર્થોને અવગાહના આપવાનું છે. પરંતુ કોઈ પણ પદાર્થને સમગ્ર આકાશ અવગાહના નથી આપતો પરંતુ પદાર્થનો ક્ષેત્રપ્રચય (વિસ્તાર) જેટલા આકાશપ્રદેશોને સ્પર્શે છે તેનાથી કંઈક ન્યૂન પ્રદેશો તે પદાર્થને અવગાહના આપવાનું કાર્ય કરે છે. અત્રે 'કંઈક ન્યૂન' કહેવામાં હેતુ છે. પદાર્થ જેટલા આકાશ પ્રદેશોને સ્પર્શે છે તે સર્વ પ્રદેશો પદાર્થની અવગાહના નથી. પદાર્થ સ્પર્શી તે પ્રદેશોમાંથી પદાર્થની સીમાને પદાર્થ બહારના આકાશના જે પ્રદેશો સ્પર્શે છે તેટલા પ્રદેશો બાદ કરતા પદાર્થની અવગાહના પ્રાપ્ત થાય છે. પરમાણુ એક આકાશપ્રદેશને અવગાહે છે પરંતુ તેની સ્પર્શના સાત આકાશ પ્રદેશની છે. ધર્માસ્તિકાય તેમજ અધર્માસ્તિકાય માત્ર લોકાકાશને અવગાહે છે જ્યારે તેની સ્પર્શનામાં અલોકના પ્રદેશો પણ આવે છે. જૈનદર્શન અત્યંત ચોક્કસ અને સૂક્ષ્મ વિજ્ઞાન છે. સંતત દ્રવ્યો (આકાશ અને કાળ)માં અવગાહના અને સ્પર્શનાનો ભેદ ન કરીએ તો સંતતપદાર્થોના ગણિતમાં જે વિસંવાદો પ્રાપ્ત થાય છે તેનો અભ્યાસકોને-આધુનિક ગણિતના

અભ્યાસકોને ખ્યાલ આવ્યા વિના નહિ રહે. આથી આકાશનું અવગાહના આપવાનું કાર્ય દેશખંડગત છે તે સ્પષ્ટ થાય છે. આવી જ રીતે ધર્મ અને અધર્મ દ્રવ્યોનું ગતિ અને સ્થિતિ પ્રદાનતા કાર્યપણ ખંડગત છે. ગતિમાન પદાર્થ જેટલા ધર્માસ્તિકાયને અવગાહે છે. (કદાચ સ્પર્શે છે.) તેટલા જ પ્રદેશોના આલંબને પદાર્થ ગતિ કરે છે. તેવી જ રીતે અધર્માસ્તિકાયનું પણ ખંડગત કાર્ય ઘટાવી લેવું.

પરંતુ જીવાસ્તિકાયના જાણવારૂપ અથવા આનંદ વેદનરૂપ કાર્યમાં સમગ્ર જીવાસ્તિકાયના પ્રદેશો ભાગ લે છે, એવું નથી કે જીવાસ્તિકાયનો કોઈ ભાગ ઊર્ધ્વલોકના પદાર્થોને જાણવાનું કાર્ય કરે છે તો કોઈ ભાગ અધોલોક સ્થિત પદાર્થોને જાણવાનું કાર્ય કરે છે, આથી જીવાસ્તિકાયના સ્કંધ પ્રદેશ આદિ વિભાગ કરવામાં કોઈ હેતુ જણાતો નથી. જીવાસ્તિકાય કોઈ પદાર્થને સ્પર્શે યા ન સ્પર્શે તેને જાણવાની ક્રિયામાં સમગ્ર જીવપ્રદેશો એક સરખો ભાગ લે છે તે કારણથી પણ જીવાસ્તિકાયમાં સ્કંધદેશાદિની વિવક્ષા કરવાનું કોઈ પ્રયોજન નથી.

નૈગમનય દ્રવ્ય કોને કહે છે અને શા માટે કહે છે તે બાબતનો વિચાર કરીએ. ઉપાધ્યાયજી મ.એ આ ઢાળની ચોથી ગાથામાં આ સંબંધી નિર્દેશ કર્યો છે. માટી, તંતુ, પટ, દેવાદિને સાપેક્ષભાવે દ્રવ્ય તેમજ પર્યાય પણ કહ્યા છે. આ સર્વમાં દ્રવ્યપણું નૈગમનયના મતે ઘટે છે. તેમ ઉપાધ્યાયજી મ.એ જણાવ્યું છે તેથી વિશેષ કંઈ કહ્યું નથી તેથી આપણે આનો વિચાર કરીએ. નૈગમનય લોકવ્યવહાર-પરસ્ત છે. વ્યવહારમાં દ્રવ્ય અર્થાત્ જે મૂળ દ્રવ્યો છે તે કામમાં નથી આવતા. વ્યવહારમાં પુદ્ગલદ્રવ્યથી કામ નથી લેવાતું પરંતુ તેના વ્યંજન પર્યાય સુવર્ણથી કામ થાય છે. પીવામાં પુદ્ગલદ્રવ્ય કામ

આવતું નથી પરંતુ તેનો વ્યંજનપર્યાય જ કામ આવે છે. લગ્ન-વ્યવહારમાં જીવ નહિ પરંતુ તેના વ્યંજનપર્યાયો પુરુષ અને સ્ત્રી ભાગ લે છે. આથી લોકવ્યવહાર પરસ્ત નૈગમનય દ્રવ્યના વ્યંજનપર્યાયોને પણ દ્રવ્ય જ કહે છે. તેને આવા દ્રવ્યના પર્યાયોથી જ કામ લેવાનું હોય છે. નૈગમનયનું પેટ અત્યંત વિશાળ છે. તે સામાન્યનો ગ્રાહક છે તેમ તે વિશેષનો પણ ગ્રાહક છે. લોક વ્યવહારમાં ઉપચરિત કથનને પણ નૈગમનય સ્વીકૃતિ આપે છે. ઘીમાં શકિત છે આવા ઉપચારોને પણ નૈગમ સ્વીકારે છે. આ નય વકતાના અભિપ્રાયને આધીન થઈ વર્તે છે. જ્ઞાતા જ્યારે પુદ્ગલ સ્કંધને દ્રવ્ય ગણે છે ત્યારે તેના અવયવ હોવાથી સ્કંધ પ્રદેશો છે તેને પર્યાય કહે છે અને જો તે પુદ્ગલ પરમાણુને દ્રવ્ય ગણે છે ત્યારે સ્કંધને પર્યાય કહે છે કારણ કે તે ઉપાદાન કારણરૂપ પરમાણુનું કાર્ય છે યાને સ્કંધ પરમાણુ દ્રવ્યોની એક રચના વિશેષ છે. આવી રીતે વક્તાના અભિપ્રાય મુજબ નૈગમનય પરમાણુને દ્રવ્ય માને છે ત્યારે તેના કાર્યરૂપ સ્કંધને તે પરમાણુ દ્રવ્યનો પર્યાય કહે છે અને જો વકતા સ્કંધને દ્રવ્ય માને છે ત્યારે પરમાણુને સ્કંધનો પ્રદેશરૂપે અવયવ હોવાથી પર્યાય કહે છે. આ સર્વ નૈગમનય માની લે છે. આથી નૈગમનય વ્યક્તિનિષ્ઠ છે (subjective) અર્થાત્ વ્યકિતના અભિપ્રાયને આધીન છે તેથી તેને જ્ઞાનનય પણ કહેવાય છે.* ઉપરના સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનય અર્થનિષ્ઠ છે. (objective). તેઓ વકતાના અભિપ્રાયની દરકાર કરતા નથી પરંતુ

* નૈગમનય વ્યકિતના અભિપ્રાયને અનુસરનાર હોવાથી તેમજ તે સામાન્ય-વિશેષને ગ્રહણ કરે છે અને તેમાં એકાંતભેદ વ્યવહાર કરે છે. તે પ્રાયઃ તેથી આ.સિદ્ધસેન દિવાકરસૂરિ મ. નૈગમને સાત નયોમાંથી બાદ કરી છ નયોને જ સ્વીકારે છે.

તે તો અર્થનું જેવું સ્વરૂપ છે તેવું ઘટાવે છે અને ઉપરના ત્રણે નય શબ્દનય કહેવાય છે કારણ કે તે અર્થના વાચ્ય શબ્દને જ પકડીને ચાલે છે. તે તો શબ્દની વ્યુત્પત્તિ, યૌગીક અર્થાદિને પ્રધાનતા આપી વસ્તુ વ્યવસ્થામાં તત્પર છે.

નૈગમ, સંગ્રહ અને વ્યવાહરનયની અપેક્ષાએ કયા કયા દ્રવ્યો પ્રાપ્ત થાય છે તેની નોંધ લઈએ :

(૧) શુદ્ધ સંગ્રહનયના મતે સર્વવ્યાપક તિર્યક્સામાન્ય "મહાસત્તા" સ્વરૂપ એક જ દ્રવ્ય પ્રાપ્ત થાય.

(૨) ઉપરોકત મહાસત્તાના સમગ્ર ત્રિકાળ - અપરિમિત ત્રિકાળમાં અવસ્થિત પોતપોતાના અસાધારણ ગુણોની અપેક્ષાએ જાતિ ભેદ કરતા વધુમાં વધુ જીવ, પુદ્ગલ, આકાશ, ધર્મ, અધર્મ અને કાળ એ છ વ્યવહારનયાશ્રિત દ્રવ્યના ભેદો પ્રાપ્ત થાય છે. આ મૂળ દ્રવ્યો છે.

(૩) સમગ્ર ત્રિકાળ પોતાના મૂળ સ્વરૂપમાં અવસ્થિત ઉપરોકત દ્રવ્યોના વિશેષકાળ અવસ્થિત પરિમિત ત્રિકાળ અવસ્થિત - દ્રવ્ય વ્યંજનપર્યાયો જેવા કે દેવ, મનુષ્ય, પરમાણુ, સ્કંધ, ઘટ, પટ, તંતુ આદિ નૈગમનયાપેક્ષાએ દ્રવ્યો છે. આ મતે અનંતાનંત દ્રવ્યો પ્રાપ્ત થાય. નૈગમનય ગુણ વ્યંજનપર્યાયને ગુણ કહે છે તે વિશેષ જાણવું.

૬. નૈગમ, સંગ્રહ અને વ્યવહારનયને દ્રવ્યાર્થિકનયના ભેદો કેમ કહ્યા ?

આ ત્રણે નયોનો વિષય દ્રવ્ય છે. મહાસત્તા સામાન્યરૂપ એક દ્રવ્યને પરસંગ્રહનય, છ મૂળ દ્રવ્યોને વ્યવહારનય, દેવ, મનુષ્ય,

ઘટ, પટાદિ દ્રવ્ય વ્યંજનપર્યાયોને નૈગમનય દ્રવ્ય તરીકે ઘટાવે છે તેથી આ ત્રણેને દ્રવ્યાર્થિકનયના ભેદો કહ્યા છે. તેમાં પરસંગ્રહને શુદ્ધ દ્રવ્યાર્થિક કહ્યો છે જ્યારે વ્યવહારનયને અશુદ્ધ દ્રવ્યાર્થિક કહ્યો છે કારણ કે વ્યવહારનય ભેદગામી દૃષ્ટિ છે તેથી તે અભેદગામી દ્રવ્યાર્થિકનયની અશુદ્ધ પ્રકૃતિ છે.

૭. વ્યંજનપર્યાયમાં દ્રવ્ય વ્યંજન અને ગુણ વ્યંજનપર્યાયને ઓળખવાની ચાવી

આકૃતિ વિશેષનો જે વ્યંજનપર્યાય આધાર છે તેને દ્રવ્ય વ્યંજન પર્યાય કહેવો. "મનુષ્ય" જીવદ્રવ્યનો દ્રવ્ય વ્યંજનપર્યાય છે કારણ કે મનુષ્યપર્યાયની આકાશમાં અવગાહનાકૃત લંબાઈ, પહોળાઈ, જાડાઈ, કદ, સીમા, સંસ્થાન યાને આકૃતિ ઘટે છે. મતિજ્ઞાન પણ જીવદ્રવ્યનો વ્યંજનપર્યાય છે પરંતુ તે ગુણ વ્યંજનપર્યાય છે કારણ કે મતિજ્ઞાનમાં આકાશમાં અવગાહનાકૃત લંબાઈ, પહોળાઈ, કદ, આકૃતિ આદિનો અનુગમ થયો નથી. મનુષ્ય છ ફૂટનો કહેવાય પણ તેના મતિજ્ઞાનને ૬ ઈંચનું ન કહેવાય.

૮. દ્રવ્ય શબલ વસ્તુ છે.

અત્રે નૈયાયિક પ્રમુખ અન્ય દર્શનકારો ઉપાધ્યાયજી મ.ને પ્રશ્ન કરે છે, "આ રીતે તો તમારું દ્રવ્ય સ્વાભાવિક ના થયું. દ્રવ્ય સ્વતઃ સિદ્ધ હોવાથી તે અન્યની અપેક્ષા કેમ રાખે ? જે વસ્તુ અનાદિ અનિધન છે અને સ્વપ્રતિષ્ઠિત છે તે વસ્તુ નિરપેક્ષ જ હોવી જોઈએ." આના ઉત્તરમાં મહોપાધ્યાયજી કહે છે કે "શબલ વસ્તુનો અપેક્ષાએ જ વ્યવહાર હોય." શબલનો શબ્દાર્થ છે ચિત્ર વિચિત્ર, અનેક રંગી, કાબરચીતરું દ્રવ્ય પણ આવી શબલ વસ્તુ છે, કારણ કે સમ્યગ્જ્ઞાન થકી જાણવામાં આવે છે તે જ્ઞેય વસ્તુને અર્થ (object)

કહેવાય છે. અર્થ દ્રવ્યમય છે. દ્રવ્ય ગુણમય છે અને તે બન્ને અર્થાત્ ગુણ અને દ્રવ્ય પર્યાયમય છે. આ રીતે એકની એક વસ્તુ દ્રવ્ય છે, ગુણ છે તેમજ પર્યાય છે. આ ત્રણેમાં પ્રદેશ ભેદ નથી. આ રીતે દ્રવ્ય એક છતાં અનેક રંગી છે. લૌકિક વ્યવહારમાં એક જ વ્યક્તિ પિતા, પુત્ર, પતિ, પૌત્રાદિ હોય ત્યારે તેમાં પિતાપણું તેના સંતાનોની અપેક્ષાએ, પુત્રત્વ તેના પિતાની અપેક્ષાએ, પતિપણું તેની પત્નીની અપેક્ષાએ, અને પૌત્રત્વ તેના દાદાની અપેક્ષાએ ઘટે છે. આવી રીતે શબલ વસ્તુનો વ્યવહાર નિરપેક્ષપણે ઘટે નહિ. આવી જ રીતે વસ્તુમાં દ્રવ્યત્વ તેના વિશેષોની અપેક્ષાએ અને તે જ વસ્તુમાં પર્યાયત્વ તેના વ્યાપક આધારની અપેક્ષાએ ઘટે છે. એટલું જ નહિ પરંતુ ઊર્ધ્વતાસામાન્ય દ્રવ્યનો જે પ્રદેશપિંડ છે તે જ તેના કાળકમે પ્રાપ્ત થતા પર્યાયોનો પણ છે અને તેના ગુણોનો આધાર પણ તે જ પ્રદેશપિંડ છે. અત્રે તેના (દ્રવ્યના) ગુણો અને પર્યાયોમાં પૃથક્ત્વ ભેદ નથી પરંતુ સંખ્યા, સંજ્ઞા, લક્ષણાદિની અપેક્ષાએ અન્યત્વ ભેદ છે. વળી દ્રવ્ય અને ગુણ પર્યાયમાં આધાર-આધેય ભાવ કહ્યો ત્યાં પણ વાટકી-દહીંની જેમ આધાર-આધેયમાં સર્વથા ભેદપક્ષનું ગ્રહણ નથી કરવાનું. દ્રવ્યને ગુણોનો આત્મા કહીએ તો તેમાં અત્યુક્તિ નહિ કહેવાય કારણ કે ગુણોની દ્રવ્યથી ભિન્ન સત્તા પ્રાપ્ત થતી નથી. "દ્રવ્યમાં ગુણ રહે છે." તેમ કહેવા કરતા "ગુણોથી દ્રવ્ય તન્મય થઈ રહ્યું છે". તેમ કહેવું વધુ યુક્તિયુક્ત છે કારણ કે દ્રવ્ય અને ગુણ વચ્ચે સાતમી વિભક્તિ પૂર્વક સંબંધ જોડતાં તેમાં જે પૃથક્ત્વ ભેદનો આભાસ થાય છે તેનું નિરાકરણ થાય છે.

તિર્યક્સામાન્ય સ્વરૂપ જીવરાશિ છે અને તેનો અંતિમ ભેદ કોઈ એક જીવવિશેષ છે. આ બે સ્થાનોની મધ્યમાં જીવરાશિની અવાંતર

રાશિઓ છે તે સર્વે વધુ વ્યાપક ઉપરની રાશિની અપેક્ષાએ પર્યાય અને નીચેની લઘુવ્યાપક રાશિની અપેક્ષાએ દ્રવ્ય સ્વરૂપે વ્યવહાર્ય થાય છે. આથી તિર્યક્‌સામાન્યના સર્વ મધ્યમ અવાંતર ભેદોમાં દ્રવ્ય-પર્યાયપણું અપેક્ષાપૂર્વક જ ઘટી શકે છે. વર્ણી પુદ્‌ગલ દ્રવ્યમાં તો બેના બે જ પદાર્થોમાં અન્યોન્ય પર્યાય અને દ્રવ્ય સ્વરૂપે કેવી રીતે ઘટે છે તે પણ તંતુ-પટના દૃષ્ટાંતથી પૂર્વે દર્શાવ્યું છે. આકાશ, ધર્મ અને અધર્મ - આ ત્રણેના સ્કંધ, દેશ અને પ્રદેશ ભેદો છે ત્યાં પણ સ્કંધની અપેક્ષાએ સ્કંધદેશ પર્યાય છે અને સ્કંધપ્રદેશની અપેક્ષાએ સ્કંધદેશ દ્રવ્ય છે. આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયમય શબલ વસ્તુમાં અપેક્ષાપૂર્વક વ્યવહાર કઈ રીતે ઘટે છે તેની સ્પષ્ટતા થઈ જાય છે.

પોતાના પક્ષનો બચાવ કરીને ઉપાધ્યાયજી મ. નૈયાયિક અને વૈશેષિકદર્શનકારોને સામો કટાક્ષ કરે છે કે તમો પણ દ્રવ્યનો વ્યવહાર અપેક્ષાપૂર્વક જ કરો છો તે કેમ ભૂલો છો ? વૈશષિક એકાંતે ભેદવાદી દર્શન છે. તેઓ દ્રવ્ય, ગુણ, કર્મ તેમજ વસ્તુના સામાન્ય અને વિશેષ અંશની પૃથક્‌-પૃથક્‌ સત્તા સ્વીકારી સમવાય સંબંધથી તેઓની એકતા સ્થાપિત કરે છે. તેઓ સમવાય નામનો એક વિલક્ષણ સર્વવ્યાપી નિત્ય પદાર્થ માને છે. જીવ અને જ્ઞાનનો સંબંધ તેમના મતે આ સમવાય નામના પદાર્થથી થાય છે. જ્યારે તેમને પૂછવામાં આવે છે કે જ્ઞાનનો સંબંધ જીવમાં જ થાય અને સ્તંભાદિ જડ પદાર્થો સાથે ન થાય તેમાં શું કારણ છે ? તેઓનો ઉત્તર છે, "પોતાના સમવાયિકારણમાં જ ગુણનો સંબંધ થાય છે, અન્યમાં નહિ" આથી તેમની માન્યતા મુજબ સમવાયિકારણત્વ જેમાં હોય તે દ્રવ્ય કહેવાય અર્થાત્‌ સમવાયિકારણત્વ દ્રવ્યનું લક્ષણ પ્રાપ્ત થાય છે. આથી જ્યારે કોઈ પૂછે કે જીવ કોનું સમવાયિકારણ છે ત્યારે તેમને જ્ઞાનગુણની અપેક્ષા લેવી જ પડે છે. આવી જ રીતે અનેકાંતદર્શનને કોઈ પૂછે

કે જીવ કોનું દ્રવ્ય છે તો કહેવું પડે છે કે જ્ઞાન, દર્શનાદિ ગુણો અને મનુષ્ય, તિર્યંચાદિ પર્યાયોનું દ્રવ્ય છે તેમાં કોઈ દોષ નથી અને જ્યારે જીવ પર્યાયરૂપે વિવક્ષિત થાય છે ત્યારે મહાસત્તાની અપેક્ષા લેવી પડે છે કારણ કે જીવ મહાસત્તાનો ભેદ છે, તેની અવાંતર સત્તા છે.

ટૂંકમાં આ વિશ્વની સમગ્ર વસ્તુનો દ્રવ્ય અને પર્યાયમાં સમાવેશ થાય છે. ગુણ પણ પર્યાયની જેમ દ્રવ્યનો વિશેષ હોવાથી પર્યાય જ છે. આ બન્ને વિશેષોમાં ફરક હોય તો તે માત્ર એટલો જ કે ગુણો દ્રવ્યની સાથે હંમેશા રહે છે અને પર્યાયો કાળક્રમથી એક પછી એક પ્રાપ્ત થાય છે. જે કારણથી વિશ્વની સમગ્ર વસ્તુ દ્રવ્ય અને પર્યાયમાં સમાવિષ્ટ થાય છે તે કારણથી મૂળ નયો બે જ છે - દ્રવ્ય જેનો વિષય છે તે દ્રવ્યાર્થિકનય છે અને પર્યાય જેનો વિષય છે તે પર્યાયાર્થિક નય છે.

શ્રીજિનેશ્વરભગવંતોના વચનોના સામાન્ય અને વિશેષરૂપ રાશિઓના મૂળ પ્રતિપાદક દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય છે. અન્ય સર્વ આ બેના જ ભેદો છે.

૯. સત્તાનું માર્મિક સ્વરૂપ :

અનેકાંતદર્શનમાં સત્તા સર્વથા નિરપેક્ષ નથી. પરંતુ પોતાની પ્રતિપક્ષીની અપેક્ષા સાપેક્ષ છે. અદ્વૈતવાદી અત્રે કહે છે કે "સત્તા નિરપેક્ષ જ હોવી જોઈએ કારણ કે પરપક્ષની અપેક્ષા રાખ્યા વિના પોતાના પક્ષનું આલંબન લઈને જ સ્થિત છે." આમ કહેવું અયથાર્થ છે કારણ કે સત્તાનો વિપક્ષ અને સપક્ષ આ બન્ને નયપક્ષ છે. આ બન્ને પરસ્પર વિવક્ષાભેદથી વિપક્ષરૂપ છે. ફરી અદ્વૈતવાદી કહે છે, "તમારો નયપક્ષ તમારી પાસે રાખો. અમારા પક્ષને કોઈ હાનિ

નથી. અમારું તો એટલું જ કહેવું છે કે, "પ્રકૃતમાં સત્તાની સિદ્ધિ કોઈ એકથી જ થવી જોઈએ." અનેકાંતવાદી આના ઉત્તરમાં કહે છે કે "તારી માન્યતા તારા પક્ષને જ ઉડાડી મુકશે કારણ કે વસ્તુ દ્રવ્ય પર્યાય ઉભયરૂપ છે અથવા વસ્તુ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આ બે નયનો વિષય બને છે. આમાંથી કોઈ એકનો લોપ કરવાથી અન્યનો પણ લોપ થઈ જશે ત્યારે તારો એકાંત અદ્વૈતપક્ષ પણ શૂન્યમાં વિલીન થઈ જશે. તારા અદ્વૈતવાદે પણ દ્વૈતની અપેક્ષા લીધી છે તે ના ભૂલતો. જો દ્વૈત અવસ્તુ છે તો તેના અભાવરૂપ અદ્વૈત પણ ખરશૃંગવત્ અવસ્તુ છે. ખરશૃંગનો અભાવ કોઈ ભાવ નથી. અનેક વિના એક ઘટે નહિ અને એક વિના અનેક પણ ના ઘટે. જો એક છે તો તે કોની એકતા છે ? અને જો અનેક છે તો કોની અનેકતા છે ? પ્રસ્તુતમાં એકતાભેદે અનેકતા પ્રાપ્ત થાય છે અને અનેકના સંગ્રહથી એકતા પ્રાપ્ત થાય છે. આવી જ રીતે સામાન્ય-વિશેષ, દ્રવ્ય અને પર્યાય, પરિણામ અને પરિણામી, નિત્ય અને અનિત્ય, અન્વય અને વ્યતિરેક, સત્ અને અસત્ ઈત્યાદિ વિપક્ષી ધર્મ યુગલો અન્યોન્ય સાપેક્ષ છે. કોઈપણ એકના અભાવમાં અન્યનો પણ અભાવ જ પ્રાપ્ત થાય છે.

આચાર્ય કુંદકુંદે પ્રવચનસારમાં સત્તાનું માર્મિક વિવેચન કર્યું છે તે ઉલ્લેખનીય છે. તેઓ કહે છે, "સત્તા એક છે, સર્વ પદાર્થ સ્થિત છે, વિશ્વરૂપ છે, અનંત પર્યાયાત્મક છે અને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વભાવ છે. યદ્યપિ સત્તા આવી છે તો પણ તે સર્વથા નિરપેક્ષ નથી પરંતુ વિપક્ષ સહિત છે. સત્તાનો વિપક્ષ અસત્તા છે. એકનો વિપક્ષ અનેક છે. સર્વ પદાર્થ સ્થિતનો વિપક્ષ એક પદાર્થ સ્થિત છે. વિશ્વરૂપત્વનો વિપક્ષ એકરૂપત્વ છે, અનંત પર્યાયાત્મકનો વિપક્ષ

એક પર્યાયાત્મક છે. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની અપેક્ષાએ ત્રિલક્ષણાત્મકતાનો વિપક્ષ ત્રિલક્ષણાભાવ છે."

૧૦. દ્રવ્ય સ્વરૂપનો સારાંશ :

જે પોતાના પૂર્વ પર્યાયને મૂકતો છતો ઉત્તર પર્યાયને પ્રાપ્ત કરતો થકો દ્રવણ કરે છે. અર્થાત્ નિર્ગમન કરે છે તે દ્રવ્ય છે, વિશેષ વાસિત સામાન્યવસ્તુ દ્રવ્ય છે, અનેક પરિણામોને પ્રાપ્ત કરતો જે એક પરિણામી છે તે દ્રવ્ય છે, જે કારણ-કાર્યની ઊર્ધ્વમુખીધારામાં પ્રાપ્ત થાય છે તે દ્રવ્ય છે, જે ગુણ પર્યાયનો આધાર છે તે દ્રવ્ય છે, જે પોતાના ઊર્ધ્વમુખી અંશો અને તિર્યગ્મુખી અંશોનો સમૂહ છે તે દ્રવ્ય છે. (અત્રે ઊર્ધ્વમુખી અંશો તે દ્રવ્યના પર્યાયો છે અને તિર્યગ્ મુખી અંશો દ્રવ્યના ગુણો છે.)

આ રીતે દ્રવ્યનું વિસ્તારપૂર્વક વિવેચન કરી "દ્રવ્ય" શબ્દનો વ્યુત્પત્યર્થ કરી આ પ્રકરણ સમાપ્ત કરીએ.

૧૧. "દ્રવ્ય"ની વ્યુત્પત્તિ અનુસાર તેનો અર્થ :

(૧) તાર્કિકશિરોમણિ આચાર્ય શ્રીમલ્લવાદી ક્ષમાશ્રમણ રચિત "દ્વાદશારનયચક્ર"ના વૃત્તિકાર આચાર્ય શ્રી સિંહસૂરિગણિ ક્ષમા-શ્રમણ દ્રવ્યની વ્યુત્પત્તિ આપતા જણાવે છે -

સર્વતંત્ર સિદ્ધાન્તે - વ્યાકરણે "દ્રવ્યં ચ ભવ્યે" ઈત્યુક્તત્વાત્ ભવતીતિ ભવ્યં ભવનયોગ્યં વા દ્રવ્યમ્, દ્રવતિ દ્રોષ્યતિ "દ્રુદ્રાવે"તિ દ્રુઃ, દ્રોર્વિકારોડવયવો વા દ્રવ્યમ્ "દ્રુદ્રુગતૌ" સદૈવ ગત્યાત્મકત્વાદ્ વિપરિણામાત્મકં હિ તત્. અર્થાત્ વ્યાકરણ સર્વ શાસ્ત્રોના સિદ્ધાંતરૂપ છે. તેમાં કહ્યું છે, "જે ભવનને પ્રાપ્ત કરે છે, અથવા જે ભવનને યોગ્ય છે તેને દ્રવ્ય કહેવાય છે. 'દ્રુ' ધાતુ દ્વારા દ્રવ્ય શબ્દની સિદ્ધિ

થાય છે. અત્રે ત્રણે કાળ સાથે દ્રુનો સંબંધ છે. દ્રુનો અર્થ છે ગતિ, જે ગતિ કરે છે, જે ગતિ કરશે અને જેણે ગતિ કરી છે તેને દ્રુ કહેવાય છે. જે દ્રુનો વિકાર છે, અથવા દ્રુનો અવયવ છે તે દ્રવ્ય છે. સદા ગતિરૂપ હોવાથી જે દ્રવ્ય છે તે પરિણામાત્મક છે. તેથી 'ભવન' અર્થાત્ પરિણામને પ્રાપ્ત કરવું તે દ્રવ્યનું લક્ષણ છે.

(૨) શ્રી વિશેષાવશ્યકભાષ્ય ગા.૨૮માં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ દ્રવ્ય શબ્દની વ્યુત્પત્તિ મુજબ દ્રવ્યનું લક્ષણ કહે છે -

દવએ દુયતે દોરવયવો વિગારો ગુણાણ સંદાવો,
દવ્વં ભવ્વં ભાવસ્સ ભૂઅભાવં ચ જં જોગ્ગં.

અત્રે ગ્રંથકારે દ્રવ્યના સાત લક્ષણોનો સંગ્રહ કર્યો છે. યથાઃ

(૧) દવએ - "દ્રુગતૌ" આ ધાતુ ઉપરથી જે દ્રવે છે તે દ્રવ્ય કહેવાય. અત્રે દ્રુ નો ગતિ અર્થ કર્યો છે. સામાન્યરીતે આપણે માત્ર ક્ષેત્ર-સ્થાનાન્તરને ગતિ કહીએ છીએ. પરંતુ કોઈપણ પ્રકારે અર્થાન્તર પણ કાળમાં ગતિ છે. કારણ કે ક્ષેત્ર સ્થાનાન્તરની જેમ અવગાહના સ્થાનાન્તર, દ્રવ્યસ્થાનાન્તર અને ભાવસ્થાનાન્તર રૂપ અર્થાન્તરે કાળાન્તર થાય છે. તેથી સતત પરિણમન થતા દ્રવ્યની કાળમાં સતત ગતિ યાને કાળમાં નિર્ગમન છે. આથી સતત પર્યાયાન્તરને પ્રાપ્ત કરે છે તે દ્રવ્ય સતત કાળમાં ગતિ કરી રહ્યું છે. આથી.

૧. દવએ એટલે જે ભિન્ન ભિન્ન નવા પર્યાયોને પ્રાપ્ત કરતો થકો જુના પર્યાયોને મૂકતો જાય છે તે દ્રવ્ય છે.

૨. દુવયે : આ "દવએ"નું કર્મણિરૂપ છે તેથી જે થવાવાળા પર્યાયોવડે પમાય છે અને થયેલા પર્યાયોવડે મૂકાય છે તે દ્રવ્ય છે.

૩. દોરવયવો : દ્રુનો બીજો અર્થ "ધ્રુવ" લેતા તેનો અર્થ સત્ અથવા સત્તા થાય છે તેથી "દોરવયવો"નો અર્થ સત્તાનો અવયવ થાય છે તેથી સત્તાનો જે અવયવ છે તે દ્રવ્ય કહેવાય.

૪. વિગારો : અત્રે "વિગારો"નો સંબંધ પણ દ્રુ સાથે લેવાનો છે. આથી જે સત્તાનો વિકાર છે તે દ્રવ્ય છે. સર્વ દ્રવ્યો મહાસત્તાના જ અવયવો અથવા વિકાર છે તે આ પૂર્વે આપણે જોઈ ગયા છીએ.

૫. ગુણાણ સંદાવો : સંદાઓ એટલે સમુદાય. અત્રે સમુદાયનો અર્થ પૃથક્ પૃથક્ વસ્તુઓના સંગ્રહરૂપ સમુદાય નથી. પરંતુ જેમ મીઠાના દ્રવણમાં પાણી સાથે મીઠું ઓતપ્રોત થાય છે તેવી રીતે ગુણોનો સમુદાય પણ દ્રવ્યમાં દ્રવણ (solution)ની જેમ એકમય થઈ જાય છે. આથી ગુણોનો જે સમુદાય છે તે દ્રવ્ય છે આ દ્રવ્યનું પાંચમું લક્ષણ કહ્યું છે.

૬,૭. દવ્વં ભવ્વં ભાવસ્સ ભૂઅ ભાવં ચ જોગ્ગં : અત્રે પણ દ્રુનો અર્થ ભવન કર્યો છે. 'ભવન' એટલે નિરંતર ગતિમાં રહેવું, પરિણામને પ્રાપ્ત કર્યા કરવું. આથી (૬) જે ભાવિભાવને યોગ્ય છે તે અને (૭) જે ભૂતભાવને યોગ્ય છે તે દ્રવ્ય કહેવાય છે.

(૩) પ્રવચનસારમાં આચાર્ય કુંદકુંદે ૯મી ગાથામાં દ્રવ્યનો અર્થ કર્યો છે તેની સંસ્કૃત છાયા છે -

દ્રવતિ ગચ્છતિ તાંસ્તાન્ સદ્ભાવ પર્યાયાન્ યત્,
દ્રવ્યં તત્ ભણન્તિ અનન્યભૂતં તુ સત્તાતઃ

અર્થાત્ તે તે સદ્ભાવ પર્યાયોને જે દ્રવિત થાય છે, પ્રાપ્ત થાય છે તેને દ્રવ્ય કહેવાય છે કે જે સત્તાથી અનન્યભૂત છે.

(૪) શ્રીમદાચાર્ય પૂજ્યપાદ, સર્વાર્થ સિદ્ધિ (અ.૫.સૂત્ર ૨)માં

દ્રવ્યનો અર્થ કરતા જણાવે છે યથાસ્વં પર્યાયૈ દ્રુયન્તે દ્રવન્તિ તાનિ ઇતિ દ્રવ્યાણિ. અર્થાત્ જે યથાયોગ્ય પોતપોતાના પર્યાયો દ્વારા પ્રાપ્ત થાય છે યા પર્યાયોને પ્રાપ્ત થાય છે તે દ્રવ્ય કહેવાય છે.

સત્, સત્તા, સત્વ, સામાન્ય, અનુવૃત્તિ, અન્વય, વસ્તુ, અર્થ અને વિધિ આ સર્વ દ્રવ્યના પર્યાયવાચી શબ્દો છે. અર્થાત્ સામાન્ય રીતે દ્રવ્યરૂપ પદાર્થના જ વાચક છે.

પરિશિષ્ટ

અનેકાંત પ્રરૂપિત વસ્તુસ્વરૂપ વૈયક્તિક (subjective) છે કે વસ્તુસ્પર્શી છે ? (objective)

અત્રે એક શંકા થાય છે કે અનેકાંતદર્શનમાં વસ્તુસ્વરૂપનું વિધાન વક્તા પોતાના દૃષ્ટિબિંદુપૂર્વક કરે છે તેથી તે વસ્તુસ્પર્શી નહિ પરંતુ વૈયક્તિક છે.

આ શંકા અસ્થાને છે. વસ્તુ સ્વયં સર્વથા નિરપેક્ષ નથી પરંતુ પોતાના પ્રતિપક્ષની અપેક્ષાએ સાપેક્ષ છે, અન્યની અપેક્ષાએ નહિ કહેવાનો આશય છે કે વસ્તુ સ્વયં દ્વૈત સ્વભાવાત્મક છે તેથી તે દ્વિત્વ અદ્વિત્વની અપેક્ષા વિના ઘટતું નથી અને અદ્વિત્વ દ્વિત્વની અપેક્ષા વિના ઘટતું નથી. વસ્તુનો સપક્ષ અને વિપક્ષ બેઉ નયપક્ષ છે અને તે બેઉ પરસ્પર વિવક્ષાભેદથી વિપક્ષરૂપ છે.

વસ્તુના પ્રતિપક્ષી ધર્મોને વક્તાનું મતિજ્ઞાન યુગપત્ જાણે છે પરંતુ વચનયોગસ્વરૂપ ભાષાની એ નબળાઈ છે કે તે વસ્તુના વિપક્ષીધર્મોને કોઈ એક શબ્દ દ્વારા વક્તા કહી નથી શકતો. આથી આ બેઉ વિપક્ષીધર્મોને વક્તા ક્રમપૂર્વક બે વિધાનો દ્વારા અભિવ્યક્ત કરે છે. જો આ વિધાનો નિરપેક્ષપણે કરે તો તે વિધાનો પરસ્પર

અસાધ્ય વિસંવાદમાં જ અટવાઈ પડતા શ્રોતા વસ્તુસ્વરૂપનો નિશ્ચય કરી શકતો નથી. વક્તા પહેલા કહે "વસ્તુ નિત્ય છે" અને પછી બીજા વિધાનમાં કહે, "વસ્તુ અનિત્ય છે." આથી શ્રોતા શું સમજે? વિસંવાદમાં જ આ વિધાનો અટવાઈ પડે કે બીજું કંઈ ? આથી વક્તાએ નયપક્ષનું આલંબન લેવું અનિવાર્ય થઈ પડે છે કેમ કે તેના વિના વિસંવાદ ટાળી શકાતો નથી.

જેવી રીતે સિક્કાની બે વિરુદ્ધ દિશાભિમુખ બાજુઓનું દર્શન કરવા દૃષ્ટાએ પરસ્પર વિરુદ્ધ દિશાભિમુખ બાજુએ ક્રમથી દૃષ્ટિપાત કરવો પડે છે તેવી જ રીતે દ્વૈતસ્વરૂપ વસ્તુનું વિધાન કરવા માટે પરસ્પર વિરોધી એવા ભેદ અને અભેદનયોનું ક્રમપૂર્વક આલંબન લેવું પડે છે. જો તે બેઉ ભેદ અને અભેદનયોનું યુગપત્ આલંબન લે છે તો વસ્તુસ્વરૂપ અવ્યક્ત કહેવું પડે.

વક્તાએ કયા નયનું આલંબન પહેલા લેવું અને કયા નયનું આલંબન પછી લેવું-તે માટે કોઈ નિયમ નથી કારણ કે સર્વ નય પોતપોતાના સ્થાનમાં સમાનબળ ધરાવે છે. કોઈ એક નય અન્યથી વધુ યથાર્થ છે એવું પણ નથી. આથી વક્તાએ ક્યારે કયા નયનું આલંબન લેવું તેટલા પુરતી તેને સ્વતંત્રતા છે, પરંતુ કોઈ એક નયનું આલંબન લીધા પછી તેનું વિધાન વૈયક્તિક નહિ પણ વસ્તુસ્પર્શી યાને અર્થનિષ્ઠ કરવું પડે. વસ્તુસ્વરૂપ આવું હોવાથી નયવાદનો અપલાપ થઈ શકે નહિ. આમ છતાં કોઈ એક નયનો પણ અપલાપ કરશો તો તેનાથી વિરોધી બીજા નયનો પણ અભાવ થઈ જશે અને વસ્તુ શૂન્ય થઈ જશે. પરંતુ આ શૂન્યવાદ સ્વયં પોતાનો જ ઘાતક છે, કારણ કે શૂન્યવાદી કહે કે "વસ્તુ છે જ નહિ. સર્વ શૂન્યરૂપ

છે." તો શૂન્યવાદીને પૂછીએ કે "સર્વ શૂન્યરૂપ"માં સર્વ શું છે ? અને જ્યારે "વસ્તુ છે જ નહિ" તો "જે" છે નહિ તે વસ્તુ શું છે? આનો અર્થ એક જ છે કે શૂન્યવાદી એ વસ્તુને શૂન્યરૂપ કહેવા અશૂન્યરૂપ વસ્તુની અપેક્ષા લેવી જ પડે છે અને "છે જ નહિ" સ્વરૂપ નાસ્તિભાવને કહેવા પણ વસ્તુસ્વરૂપના અસ્તિભાવનું આલંબન લેવું પડે છે. શૂન્યવાદની પ્રરૂપણા કરનાર શૂન્યવાદી સ્વયં પોતાના પક્ષનો ઘાતક બને છે. આથી નિશ્ચયપૂર્વક કહેવું પડે છે કે સત્તા અને અસત્તા, નિત્ય અને અનિત્ય, એક અને અનેક અર્થાત્ અદ્વૈત અને દ્વૈત ઈત્યાદિ અન્યોન્ય વિપક્ષી છતાં સાપેક્ષ છે. અનેકાંતદૃષ્ટિનું જ્ઞેય (object) આવું દ્વૈત સ્વભાવવાળું હોવાથી અનેકાંતદૃષ્ટિ જ તેનું યથાર્થસ્વરૂપ, તેનું વસ્તુસ્પર્શી સ્વરૂપ નયવાદે સ્યાદ્વાદપૂર્વક ગ્રહણ કરી શકે છે. કોઈપણ નય વસ્તુને એકાંતમય કહે છે પરંતુ તે સ્યાદ્વાદપૂર્વક કહે છે તેથી તેનું કથન વિસંવાદી નથી બનતું. નયવાદ પણ જો સ્યાદ્પૂર્વક વાદ ન કરે તો તે વાદ વિવાદ બને છે. સંવાદ વિસંવાદ બને છે અને નય કુનય બને છે.

આથી નિશ્ચય થાય છે કે વસ્તુને તેના અનેકાંતસ્વરૂપને યથાર્થ સ્વરૂપે અનેકાંતસંસ્કારોથી પરિકર્મિતબુદ્ધિથી જાણીને નયવાદે સ્યાદ્પૂર્વક વાદથી જ અન્યને જણાવી શકાય છે. સર્વત્ર સ્યાદ્વાદ જયવંત વર્તે છે.

ગુણ અને ધર્મમાં ભેદ

ગુણ અને ધર્મ આ બેઉ દ્રવ્યના વિશેષણો છે અને તેમાં ધર્મ ગુણનું પણ વિશેષણ છે કારણ કે દ્રવ્યનો ગુણ હોય તેમજ ધર્મ પણ હોય પરંતુ ગુણનો ગુણ ન હોય પરંતુ ગુણનો ધર્મ હોય છે.

તત્ત્વાર્થમાં ગુણનું લક્ષણ "દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણાઃ" (સૂત્ર ૪૦, અ.૫) કહ્યું છે તેમાં ગુણને નિર્ગુણ કહ્યો છે અર્થાત્ ગુણમાં ગુણનો નિષેધ કર્યો છે.

વસ્તુમાત્રમાં પ્રાપ્ત થતાં નિત્યાનિત્ય, ભેદાભેદ, એકાનેક, સદસત્ (સત્-અસત્) ઈત્યાદિ પરસ્પર વિરોધી ધર્મોના કારણે વસ્તુને અનેકાંતસ્વરૂપ કહેવાય છે. વસ્તુમાં રહેલા અનેક ગુણોની અપેક્ષાએ વસ્તુ અનેકાંતસ્વરૂપ નથી કહેવાતી. જૈનદર્શનમાં વસ્તુને અનંતધર્માત્મક કહી છે પરંતુ ક્યાંય પણ અનંતગુણાત્મક કહી હોય તેમ જણાતું નથી. દ્રવ્યમાં અભિલાપ્ય તેમજ અનભિલાપ્ય ગુણો અનંત માની શકાય છે પરંતુ તે ગુણો પરસ્પર વિરોધી ગુણોના સમુદાય સ્વરૂપ નથી. સર્વ દ્રવ્યમાં પરસ્પર વિરોધી ધર્મો અવશ્ય પ્રાપ્ત થાય છે પરંતુ કોઈપણ એક દ્રવ્યમાં પરસ્પર વિરોધી ગુણો પ્રાપ્ત થતા નથી. ચૈતન્ય અને જડત્વ આ બેઉ પરસ્પર વિરોધી ગુણો કહી શકાય પરંતુ આ બેઉ ગુણો જીવમાં કે અજીવમાં પ્રાપ્ત થતા નથી. જેમાં ચૈતન્ય છે તેમાં જડત્વ નથી અને જેમાં જડત્વ છે તેમાં ચૈતન્ય નથી. અત્રે કદાચ કોઈ કહે કે સંસારી જીવમાં જ્ઞાન અને અજ્ઞાન આ બેઉ વિરોધી ગુણો પ્રાપ્ત થાય છે. પરંતુ જ્ઞાન અને અજ્ઞાન, જડ અને ચેતન જેવા વિરોધી ગુણો નથી. જો વિરોધી હોય તો જડમાં અજ્ઞાનની પ્રાપ્તિ થવી જોઈએ. ચલમ, ચશ્મા આદિ જડ વસ્તુને આપણે અજ્ઞાની નથી કહેતા. જ્ઞાન વિના અજ્ઞાન હોય નહિ પરંતુ અજ્ઞાન રહિત જ્ઞાન હોય. અજ્ઞાનનો આધાર જ્ઞાન છે, જ્ઞાનનું જ તે વૈભાવિક સ્વરૂપ હોવાથી અજ્ઞાનનો નાશ થાય પરંતુ સ્વભાવ હોવાથી જ્ઞાનનો નાશ સંભવતો નથી. ટૂંકમાં ગુણ અને ધર્મમાં નિમ્ન ભેદ જણાય છે.

(અ) દ્રવ્યમાં ગુણ હોય અને ધર્મ પણ હોય પરંતુ ગુણમાં ગુણ ન હોય પરંતુ ધર્મ હોય.

(બ) દ્રવ્યમાત્રમાં પરસ્પર વિરોધી ધર્મો પ્રાપ્ત થાય છે પરંતુ સામાન્યગુણને બાદ કરતા દ્રવ્યોના અસાધારણગુણો માત્ર તે તે દ્રવ્યમાં જ પ્રાપ્ત થાય છે. વળી પરસ્પર વિરોધી અસાધારણ યાને વિશેષ ગુણો એવો કોઈ એક દ્રવ્યમાં પ્રાપ્ત થાય નહિ. જો કે વિશેષ ગુણોમાં જેને નિશ્ચયથી પરસ્પર વિરોધી કહેવાય તેવા ગુણો છે જ નહિ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ જીવના, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પુદ્ગલના, અવગાહનાહેતુત્વ, ગતિહેતુત્વ અને સ્થિતિહેતુત્વ અનુક્રમે આકાશ, ધર્મ અને અધર્મના વિશેષ ગુણો છે. આમાં કયા બેને વિરોધી કહેશો ? કોઈપણ બેમાં નિત્ય-અનિત્ય જેવો વિરોધ નથી.

(ક) દ્રવ્યના વિશેષગુણોમાં તે તે ગુણના ગુણાંશની અપેક્ષાએ હાનિ વૃદ્ધિસ્વરૂપ પરિણમન થાય છે. દા.ત. લાલવર્ણમાં લાલાશની માત્રામાં હીનાધિકતા પ્રાપ્ત થાય છે. પરંતુ આવી ગુણાંશની કલ્પના ધર્મોમાં પ્રાપ્ત ન થાય. નિત્યત્વમાં હીનાધિકતા અપ્રસ્તુત છે.

(ડ) દ્રવ્યના વિશેષગુણો એક દ્રવ્યનો અન્યથી વ્યવચ્છેદ કરે છે પરંતુ ધર્મોથી સર્વ દ્રવ્યોમાં પ્રાપ્ત થાય છે તેથી દ્રવ્યથી દ્રવ્યનો વ્યવચ્છેદ ધર્મ કરી ના શકે. આપણા ગ્રંથોમાં ગુણ અને ધર્મમાં ભેદ શું છે તેની સ્પષ્ટતા પ્રાયઃ કોઈ આચાર્યોએ કરી હોય તેવું જણાતું નથી. આ સ્પષ્ટતા ન જ કરી હોય તેમ પણ લાગતું નથી પરંતુ જોવામાં આવતી નથી. આ જ કારણથી આ બેઉ શબ્દોનો એકાર્થે ઉપયોગ થતો જણાય છે.

ગુણ અને ધર્મમાં ભેદ છે તેથી જ તો દ્રવ્યના ગુણો નહિ પરંતુ ધર્મો જ સપ્તભંગીનો વિષય બને છે.

જૈનદર્શન એકને સંખ્યા કેમ નથી કહેતું ?

(૧) એક સંખ્યા શા માટે નથી તે સંબંધમાં શાસ્ત્રોમાં નિમ્ન હેતુ આપ્યા છે.

(અ) કોઈપણ સંખ્યાને '૧'થી ગુણતા કે ભાગતા તે સંખ્યામાં હાનિ કે વૃદ્ધિ થતી નથી.

(બ) એકનો વર્ગ કરવા છતાં તેમાં વૃદ્ધિ થતી નથી.

મારું મંતવ્ય છે કે ઉપરોક્ત બેઉ હેતુઓ તો એક સંખ્યા નથી તેનાથી પ્રાપ્ત થતા પરિણામો છે પરંતુ '૧'ને સંખ્યા ન માનવા માટે આ હેતુઓ કહી શકાય નહિ. આ સંબંધમાં અત્રે જે વિચારો પ્રગટ કરું છું તેને આખરી ન માનતાં અભ્યાસકોને વિચાર કરવા વિનંતી કરું છું અને બહુશ્રુતને પૂછીને જ નિર્ણય કરવો જોઈએ તેવો મારો અભિપ્રાય છે.

"વસ્તુ એક છે." "વસ્તુ અનેક છે." એકત્વ અને અનેકત્વ આ બેઉ ધર્મો પરસ્પર વિરોધી હોવાથી પરસ્પર વિરોધી નયોની અપેક્ષાપૂર્વક કહ્યા છે. ભેદનય વસ્તુમાં અનેકત્વ જુએ છે અને અભેદનય વસ્તુમાં એકત્વ જુએ છે. પરંતુ કોઈપણ કાળે પરસ્પર વિરોધી નયોની યુગપત્ વિવક્ષાએ વસ્તુ જોવામાં આવે ત્યારે તો તે નથી એક કે નથી અનેક કહી શકાતી પરંતુ તેના આ ધર્મોની અભિવ્યક્તિ જ નથી થતી. ત્યારે તે અવ્યક્ત છે. આથી એકત્વ અને અનેકત્વ આ બેઉ ધર્મો દષ્ટાને ક્રમપૂર્વક જ જણાય છે. જ્યારે વક્તા ભેદદષ્ટિથી વસ્તુસ્વરૂપનું વિધાન કરે છે ત્યારે તે વસ્તુ અનેક છે પણ એક નથી જ અને જ્યારે વક્તા અભેદદષ્ટિથી વિધાન કરે

છે ત્યારે તે એક છે પણ અનેક નથી જ. વસ્તુનું અનેકપણું છે તે તેનો સંખ્યાન ધર્મ છે. ભેદથી જ સંખ્યાનો ઉદ્‌ભવ થાય છે. ભેદ જ સંખ્યા છે. ભેદદૃષ્ટિથી જોતા વસ્તુમાં સંખ્યાન ધર્મ જણાય અને અભેદદૃષ્ટિથી વસ્તુમાં એકત્વનો બોધ થાય છે. આથી અભેદમાં સંખ્યાન ધર્મ ઘટે નહિ અને "એક" અભેદ યાને નિર્વિકલ્પ અખંડ સ્વરૂપ હોવાથી એકમાં સંખ્યાન ધર્મ ઘટે નહિ તેથી એકને સંખ્યા કહેવાય નહિ. પરંતુ જે એક છે તેને જ ભેદદૃષ્ટિ અનેકરૂપે જુએ છે તેથી એકની સંખ્યા હોય અર્થાત્ એકના ભેદ બે, ત્રણ આદિ અનેક થાય. દ્રવ્યાર્થિક અને સંગ્રહ બેઉ અભેદદૃષ્ટિ છે તેથી તે બેઉનો વિષય વસ્તુનો એકત્વ ધર્મ છે અને પર્યાયાર્થિક અને વ્યવહાર આ બેઉ ભેદ દૃષ્ટિ છે. તેથી તે બેઉનો વિષય વસ્તુનો સંખ્યાન ધર્મ છે, અનેકત્વ ધર્મ છે.

સંખ્યાના બે લક્ષણો છે. એક છે તેનું "દ્રવ્યપ્રમાણ નિર્ણાયક પણું" (કારણ કે દ્રવ્યપ્રમાણ સંખ્યાથી નિશ્ચિત થાય છે) અને બીજું લક્ષણ છે ક્રમપ્રબંધકપણું (સંખ્યાથી વસ્તુનો સમૂહના પ્રત્યેકને ક્રમ વ્યવસ્થામાં નિશ્ચિત સ્થાન આપી શકે છે.) જ્યારે બે પ્રકારની ભેદ દૃષ્ટિ "સંખ્યાન" ધર્મનો વિષય કરે છે ત્યારે તેમાં ભેદ હોવો જોઈએ: પર્યાયાર્થિકનય ગ્રહિત અનેકતામાં તે પ્રત્યેકમાં કાળની જેમ ક્રમપ્રબંધની વ્યવસ્થા છે કારણ કે પર્યાયાર્થિકનય દ્રવ્યને અનેક પર્યાયરૂપે જુએ છે અને તે પ્રત્યેક પર્યાયનો કાળ ક્રમ છે તેથી તેમાં આ પહેલો, બીજો, ત્રીજો ઈત્યાદિ સ્થાનો પ્રદાન કરે છે. અર્થાત્ પર્યાયોની શ્રેણિમાં પ્રત્યેક પર્યાયનું નિશ્ચિત સ્થાન છે.

આથી જેને Ordinal Number કહેવાય છે તે ક્રમ સંખ્યાને વિષય કરનાર પર્યાયાર્થિકનય છે જ્યારે જેને Cardinal Number

કહેવાય છે તે દ્રવ્યપ્રમાણ સંખ્યા વ્યવહારનયનો વિષય છે.

જોગાનુજોગ બન્યું છે પણ એવું કે આધુનિક ગણિતવિશારદોએ સંખ્યાનું લક્ષણ બાંધ્યું છે. તેમાં ડેડીકીન્ડ (Dedekind ૧૮૩૧-૧૯૧૬) પર્યાયાર્થિકનયનું આલંબન લઈ ક્રમસંખ્યા પ્રાપ્ત કરે છે. આથી ગણની રાશિમાં (Counting Numbers) જે ક્રમથી સંખ્યામાં ક્રમપ્રબંધ કર્યો છે તે પ્રાપ્ત કરવામાં મુશ્કેલી નથી પડી એટલું જ નહિ પરંતુ દ્રવ્યપ્રમાણ સંખ્યાની પ્રાપ્તિ પણ સહજ થાય છે કારણ કે જે સમૂહને ગણની સંખ્યાથી ગણત્રી કરતાં અંતિમ પદાર્થનો જે ક્રમ પ્રાપ્ત થાય છે તે જ સમૂહનું દ્રવ્યપ્રમાણ છે. જેમકે પાંચના સમૂહની ગણત્રી કરતા કે પાંચમું આવતા સમૂહ પૂર્ણ થાય છે તેથી તે સમૂહની સંખ્યા પાંચ પ્રાપ્ત થઈ જાય છે.

બીજું ફ્રીજે (Frege ૧૮૪૮-૧૯૨૫) વ્યવહારનયનો આશ્રય લઈને દ્રવ્યપ્રમાણ સંખ્યાનું લક્ષણ બાંધવાનો પ્રયત્ન કર્યો છે. ફ્રીજના સિદ્ધાંતોને વ્યવસ્થિત મુકવાનું કાર્ય રસેલે (B.Russell) કર્યું. તેની થીયરી "Class" થીયરી નામે ઓળખાય છે. વ્યવહારનયથી સંખ્યાનું લક્ષણ બાંધ્યું પરંતુ તે સંતોષકારક તો નથી તેથી આ જ થીયરીના આધારે સંખ્યાતીત રાશિનું લક્ષણ બાંધી શકાય છે તે દૃષ્ટિથી આ થીયરી ઘણી જ અગત્યની છે પરંતુ આ થીયરીમાં એક અને શૂન્ય આ બેઉને સંખ્યાની નાતમાં મૂકીને જે વિસંવાદો સર્જાયા છે તે અને તે વિસંવાદો ઉકેલવા જે કુતર્કોનો આશ્રય લેવાય છે તે સમજવા એક વિસ્તૃત નિબંધ લખવો પડે તેમ છે પરંતુ અત્રે તે અસ્થાને છે. આધુનિક ગણિતમાં Set Theory ગણ સિદ્ધાંતનો ઉદ્‌ગમ પણ આ Class Theory પરથી જ થયો છે અને તેના

આશ્રયે સંખ્યાતીત રાશિનું તેમજ સંતત દ્રવ્યોની સાંતત્યતા (Continuum)નું લક્ષણ બાંધવાનો યશ જ્યોર્જ કેન્ટર (G.Canter ૧૮૪૫-૧૯૧૮)ના ફાળે જાય છે.

હાલમાં ગણ સિદ્ધાંત – Set Theory - ૧૧માં ધોરણમાં ભણાવવામાં આવે છે તેથી આ વિદ્યાર્થીઓને ખ્યાલ આવી શકે તેવા વિસંવાદનો એક દાખલો આપીશું. ગણ સિદ્ધાંતમાં જેમાં કોઈ ઘટક (Element) નથી તેવાને ખાલી ગણ (Null-Set) કહ્યો છે અને હરકોઈ ગણનો આ નલસેટ અવાંતરગણ (Subset) કહ્યો છે. બીજો એકથી યુનિવર્સલ સેટ (The Universal Set) છે જેને આપણે ચાલુ પ્રકરણમાં 'મહાસત્તા' કહી છે. કોઈ એક ગણના પ્રતિપક્ષી ગણ (Complementary Set)ની વ્યાખ્યા મુજબ કોઈપણ ગણમાં તેનો પ્રતિપક્ષીગણ ઉમેરતા યુનિવર્સલ સેટ પ્રાપ્ત થાય. હવે નીચેના વિધાનોનું બારીકાઈથી નિરીક્ષણ કરશો.

(૧) Null Set is subset of every set.

(૨) Null Set in the complementary set of the Universal Set.

ઉપરોક્ત વિધાનમાં વિસંવાદ તુરત જ પરખાય છે. જ્યારે નલ સેટ દરેક સેટનો અવાંતર સેટ છે તો પછી પરમ યુનિવર્સલ સેટનો પ્રતિપક્ષી તેમજ તેનો અવાંતર સેટ (Subset) નલસેટ કેવીરીતે પ્રાપ્ત થાય ?

ઉપરોક્ત વિસંવાદ અનેકાંત સિદ્ધાંત જ ટાળી શકે છે કારણ કે સત્તાની પ્રતિપક્ષી અસત્તા પરસ્પર વિવક્ષાભેદે વિપક્ષી બને છે છતાં પણ બેઉ એક જ પક્ષમાં રહે છે તે નયવાદ જ ઘટાવી શકે છે.

આ સેટ થીયરી સ્વયં એકને સંખ્યા નથી કહેતી પરંતુ એકની સંખ્યા કહે છે તે તેમના જ વિધાન પરથી સ્પષ્ટ થાય છે. આ વિધાન છે :

સેટ અર્થાત્ ગણ એક છે તેથી તેનું વિધાન એકવચનમાં થાય છે. જેમ કે "A set of real nos", "A set of Indians". સેટના જે ઘટકો (Elements) છે તે સર્વ ઘટકોની સંખ્યાને ગણ સિદ્ધાંતમાં ગણની સંખ્યા કહી છે જેમ કે :

Number of a Set in the Number of elements of the Set. અર્થાત્ ગણના ઘટકોની સંખ્યા ગણની સંખ્યા કહેવાય છે. આ રીતે આધુનિક ગણ સિદ્ધાંતમાં પણ ગણને સંખ્યા કહી નથી પરંતુ ગણની સંખ્યા કહી છે. ગણ તો એક છે. તેના ઘટકો અનેક છે તે ઘટકોની સંખ્યા ગણની સંખ્યા કહી છે. આમ છે તો પણ ત્રણ સિદ્ધાંત '૧' અને '૦' ને ગણ સંખ્યાની જાતમાં શા માટે મૂકી તે સમજાતું નથી.

સંખ્યાની ઉત્પત્તિ ભેદથી થાય છે અને એકના ઓછામાં ઓછા બે ભેદ થાય છે. તેથી બેને (૨) જઘન્ય સંખ્યા કહી સંખ્યાની આદિ પણ કહી છે. કોઈપણ પદાર્થના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું પ્રમાણ અર્થાત્ નિશ્ચિત માપ યા માન કરવા તે માપનો એકમ નક્કી કરવો પડે છે. દ્રવ્યનું માપ સંખ્યાથી થાય છે – ગણના સંખ્યાથી થાય છે. તેથી સંખ્યાનું એકમ '૧' છે આથી તેને ગણનાની આદિ પણ કહેવાય છે. કોઈપણ માપનું જે જઘન્ય એકમ છે તેમાં તે માનનો વિસ્તાર નથી. જેમકે આકાશપ્રદેશ ક્ષેત્રમાનનું જઘન્ય એકમ છે પરંતુ તેમાં ક્ષેત્રપ્રચય મનાતો નથી. આધુનિકો પણ આકાશ-

પ્રદેશને (Space Point) પ્રદેશપ્રચય (વિસ્તાર) રહિત dimension-less Unit કહે છે.

આવી જ રીતે કાળમાનનું જઘન્ય એકમ હોવાથી સમય કાળ અપ્રચયિ છે, દ્રવ્યમાનનું જઘન્ય એકમ હોવાથી પરમાણુ દ્રવ્ય, દ્રવ્ય - અપ્રચયિ છે, અને સંખ્યા-ગણના સંખ્યાનું જઘન્ય એકમ હોવાથી '૧' સંખ્યા અપ્રચયિ છે. આનો અર્થ એ થયો કે '૧' માં સંખ્યાન ધર્મ નથી તેથી એક સંખ્યા નથી. આમ છે તો પછી આધુનિકો "પોઈન્ટને" ક્ષેત્ર-અપ્રચયિ (Dimensionless Unity) માને છે અને Instant (સમયને)ને કાળપ્રચય માનતા નથી તેમ '૧' ને સંખ્યા-અપ્રચયિ યાને '૧' ને અ-સંખ્યા (Non-Number) કેમ માનતા નથી?

આનું કારણ એ છે કે આધુનિક જ્ઞાન-વિજ્ઞાન જેને Epistomelogy કહેવાય છે તે વિજ્ઞાન હજી સિદ્ધ બની શક્યું નથી. (જેનો તેઓ સ્વીકાર કરે છે) અને આ વિજ્ઞાન સદ્ધર બની શક્યું નથી કારણ તેમને જ્ઞાનના બે ભેદ, નય અને પ્રમાણનું ભાન નથી તથા વસ્તુના અનેકાંતસ્વરૂપની સમજ નથી.

❖●❖●❖

➠ પ્રવર્તિની પૂ.સાધ્વીજી શ્રી જયાશ્રીજી મ.નાં સુશિષ્યા વિદુષી પૂ.સા.શ્રી હિતપૂર્ણાશ્રીજી મહારાજ આ લેખમાં સારા સુધારા કર્યા છે.

➠ પૂ.સા.શ્રી શુભોદયાશ્રીજી મ.નાં શિષ્યા પૂ.વિદુષી સા.શ્રી પ્રિયંવદાશ્રીજી મ. તથા તેઓનાં શિષ્યા પૂ.સા.શ્રી નિર્મોહિતા શ્રીજી મ. પ્રુફ સંશોધનમાં સહભાગી બન્યાં છે.

પૂ.મહોપાધ્યાય વિનયવિજયજી રચિત નયકર્ણિકા અનુવાદ

વર્ધમાનં સ્તુમઃ સર્વ-નયનદ્યર્ણવાગમમ્,
સંક્ષેપતસ્તદુદ્ગીત-નયભેદાનુવાદતઃ ૧

અનુવાદ : જે શ્રીવર્ધમાનનું આગમ સર્વ નયરૂપી નદીઓને પ્રવેશવાને સમુદ્રરૂપ છે, તેમના પ્રરૂપેલા નયભેદોનો સંક્ષેપથી અનુવાદ કરી, અમે તેમની સ્તુતિ કરીએ છીએ. ૧

નૈગમઃસંગ્રહશ્ચૈવ, વ્યવહારર્જુસૂત્રકૌ,
શબ્દઃ સમભિરૂઢૈવં-ભૂતૌ ચેતિ નયા સ્મૃતાઃ. ૨

અનુવાદ : નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એમ સાત નયો આપણા આગમમાં કહેલ છે. ૨

અર્થાઃ સર્વેપિ સામાન્ય-વિશેષોભયાત્મકાઃ,
સામાન્યં તત્ર જાત્યાદિ, વિશેષાશ્ચ વિભેદકાઃ. ૩

અનુવાદ : પદાર્થો સર્વે સામાન્ય અને વિશેષ એ બન્ને ધર્મવાળા છે, એમ આપે પ્રતિપાદન કર્યું છે, એમાં જાતિ ગુણ ઈત્યાદિ વિશેષણ રહિત તે સામાન્ય ધર્મ અને જુદાપણું જણાવનારા વિશેષણ સહિત તે વિશેષ ધર્મ.૩.

ઐક્ય બુદ્ધિર્ઘટશતે, ભવેત્સામાન્યધર્મતઃ,
વિશેષાશ્ચ નિજં નિજં, લક્ષયન્તિ ઘટં જનાઃ. ૪

અનુવાદ : હે પ્રભો ! આપે કહેલા સામાન્ય ધર્મવડે સેંકડો ઘડામાં એકાકાર બુદ્ધિ થાય છે, અને આપે કહેલા વિશેષ ધર્મવડે મનુષ્યો પોતપોતાનો ઘડો ઓળખે છે. (આ સંમોહ ટાળવા માટે તારો મહાન્ ઉપકાર છે.) ૪

નૈગમો મન્યતે વસ્તુ, તદેતદુભયાત્મકં,
નિર્વિશેષં ન સામાન્યં, વિશેષોપિ ન તદ્વિના. ૫

અનુવાદ : નૈગમનય, વસ્તુને એ બન્ને ધર્મવાળી, એટલે સામાન્યરૂપે અને વિશેષરૂપે માને છે, કારણ કે, આપની આજ્ઞામાં વિશેષ રહિત એવું સામાન્ય નથી, તેમજ સામાન્ય રહિત એવું વિશેષ નથી. ૫

સંગ્રહો મન્યતે વસ્તુ, સામાન્યાત્મક મેવહિ,
સામાન્યવ્યતિરિક્તોઽસ્તિ, ન વિશેષઃ ખપુષ્પવત્. ૬

અનુવાદ : સંગ્રહનય, વસ્તુને કેવળ સામાન્ય ધર્મવાળી જ માને છે, કારણ કે, સામાન્યથી જુદું એવું વિશેષ, આકાશપુષ્પની પેઠે કંઈ છે નહિ. ૬

વિના વનસ્પતિ કોઽપિ, નિમ્બામ્રાદિર્ન દૃશ્યતે,
હસ્તાદ્યન્તર્ભાવિન્યોઽહિ, નાંગુલ્યાદ્યાસ્તતઃ પૃથક્. ૭

અનુવાદ : વનસ્પતિ, એ જાત વિના લીંબડો, આંબો ઈત્યાદિ કાંઈ જુદા જોવામાં આવતાં નથી, હાથ ઈત્યાદિમાં વ્યાપ્ત એવી આંગળીઓ વગેરે હાથથી જુદી નથી. ૭

વિશેષાત્મકમેવાર્થં, વ્યહારશ્ચ મન્યતે,
વિશેષભિન્નં સામાન્ય-મસત્ખરવિષાણવત્. ૮

અનુવાદ : વસ્તુને વિશેષ ધર્મવાળી જ વ્યવહારનય માને છે, કારણ કે, વિશેષવિનાનું સામાન્ય ગધેડાના શીંગડા જેવું ખોટું છે. ૮

વનસ્પતિ ગૃહાણેતિ, પ્રોક્તે ગૃહ્ણાતિ કોઽપિ કિમ્,
વિના વિશેષાન્નામ્રાદિ-સ્તન્નિરર્થકમેવ તત્. ૯

અનુવાદ : વનસ્પતિ લ્યો, એમ બોલવામાં આવતાં, લીંબડો, આંબો એવા વિશેષવિના કોઈપણ શું લે છે ? એટલા માટે તે સામાન્ય નકામું છે. ૯

વ્રણપિટ્ટીપાદલેપા-દિકે લોકપ્રયોજને,
ઉપયોગો વિશેષૈઃ સ્યાત્, સામાન્યેન હિ કર્હિચિત્. ૧૦

અનુવાદ : ગુમડાં પર મલમ પટ્ટી અને પગે લેપ વગેરે કરવાનું લોકને પ્રયોજન હોય છે, વિશેષ પર્યાયોવડે કામ ચાલે છે, પણ કોઈ દિવસે સામાન્યવડે નહિ જ. ૧૦

ઋજુસૂત્રનયો વસ્તુ, નાતીતં નાપ્યનાગતમ્,
મન્યતે કેવલં કિન્તુ, વર્તમાનં તથા નિજમ્. ૧૧

અનુવાદ : ઋજુસૂત્રનય, ભૂત અને ભવિષ્ય વસ્તુપર્યાયને માનતો નથી, પરંતુ કેવળ વર્તમાન વસ્તુપર્યાયનેજ, અને તે પણ પોતાના જ, પારકી અન્ય વસ્તુના નહિ, એવા પરિણામભાવને માને છે. ૧૧

અતીતેનાનાગતેન, પરકીયેન વસ્તુના,
ન કાર્યસિદ્ધિરિત્યેત-દ્વસદ્ ગગનપદ્મવત્. ૧૨

અનુવાદ : અતીત અને અનાગત ભાવથી, તેમજ પારકા ભાવથી કાર્યસિદ્ધિ થાય નહિ, એટલા માટે એ ત્રણે આકાશકમળ જેવા છે. ૧૨

નામાદિષુ ચતુષ્વેષુ, ભાવમેવ ચ મન્યતે,
ન નામસ્થાપનાદ્રવ્યા-ણ્યેવમગ્રેતના અપિ. ૧૩

અનુવાદ : નામાદિ ચાર નિક્ષેપામાં તે ભાવનિક્ષેપાનેજ માને છે, એ જ પ્રમાણે હવે પછીના નયો પણ ભાવનિક્ષેપાનેજ માને છે. ૧૩

અર્થં શબ્દનયોઽનેકૈઃ, પર્યાયૈરેકમેવ ચ,
મન્યતે કુંભકલશ-ઘટાદ્યેકાર્થવાચકાઃ. ૧૪

અનુવાદ : શબ્દનય, અનેક શબ્દોવડે એક અર્થવાચક પદાર્થને એક જ પદાર્થ સમજે છે, જેમકે કુંભ, કલશ, ઘટ ઈત્યાદિ એક જ ઘટ પદાર્થને દેખાડનારા છે, એમ સર્વદર્શી જિન ભગવાને કહ્યું છે. ૧૪

શ્રુતે સમભિરૂઢોઽર્થં, ભિન્નં પર્યાયભેદતઃ,
ભિન્નાર્થાઃ કુંભકલશ-ઘટા ઘટપટાદિવત્. ૧૫

અનુવાદ : સમભિરુઢનય, શબ્દ કે પર્યાયભેદથી વસ્તુ ભિન્ન કહે છે, કારણ કે, જેમ ઘટ અને પટ એ ભિન્ન છે, તેમ હે શ્રીવર્ધમાનસ્વામી! આપે કુંભ, કલશ, ઘટ એમને જુદા પદાર્થો કહ્યા છે. ૧૫

યદિ પર્યાય ભેદેઽપિ, ન ભેદો વસ્તુનો ભવેત્,
ભિન્નપર્યાયયો ર્ન સ્યાત્, સ કુંભપટયોરપિ. ૧૬

અનુવાદ : જો પર્યાયભેદથી વસ્તુનો ભેદ ન હોય, તો ભિન્ન પર્યાયવાળા કુંભ અને પટમાં પણ એ ભેદ ન હોય. ૧૬

એક પર્યાયાભિધેય-મપિ વસ્તુ ચ મન્યતે,
કાર્યં સ્વકીયં કુર્વાણ-મેવંભૂતનયો ધ્રુવમ્. ૧૭

અનુવાદ : એકપર્યાયવડે બોલાતી વસ્તુ બોલતી વખતે પોતાનું કાર્ય કરતી હોય તો જ એવુંભૂતનય તેને વસ્તુ કહે છે, બીજી વખતે નહિ, કારણ કે શ્રી જિનેશ્વરનો ઉપદેશ એવો છે, કે વસ્તુ પોતાનું કાર્ય કરે, ત્યારે વસ્તુ વસ્તુ ગણાય. ૧૭

યદિ કાર્યમકુર્વાણો-ઽપીષ્યતે તત્તયા સ ચેત્,
તદા પટેઽપિ ન ઘટ-વ્યપદેશઃ કિમિષ્યતે ? ૧૮

અનુવાદ : જ્યારે વસ્તુ પોતાનું કાર્ય ન કરતી હોય, ત્યારે પણ તેને વસ્તુ ગણવામાં આવે, તો પટને પણ ઘટ શબ્દ કેમ ન કહેવાય ? ૧૮

યથોત્તરં વિશુદ્ધાઃ સ્યુ-ર્નયાઃ સપ્તાપ્યમી તથા,
એકૈકઃ સ્યાચ્છતં ભેદા-સ્તતઃ સપ્તશતાપ્યમી. ૧૯

અનુવાદ : આ સાત નયો પણ અનુક્રમે એક એકથી વધારે વિશુદ્ધ છે, વળી એક એક નયના સો સો ભેદ થાય છે, તેથી તેના સાતસો ભેદો પણ થાય છે. ૧૯

અર્થૈવંભૂતસમભિ-રૂઢયોઃ શબ્દ એવ ચેત્,
અનંતર્ભાવસ્તદા પંચ, નય પંચશતીભિદઃ. ૨૦

અનુવાદ : જો શબ્દનયમાં સમભિરૂઢ અને એવંભૂતનયનો સમાવેશ થાય, તો નય પાંચ થાય છે, અને ત્યારે તે પાંચ નયનાં પાંચસેં ભેદો ગણાય છે.૨૦

દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિ-કયોરન્તર્ભવન્ત્યમી,
આદ્યાવાદિચતુષ્ટય-મન્ત્યે ચાન્ત્યાસ્ત્રયસ્તઃ. ૨૧

અનુવાદ : દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય, એ બે નયોમાં આ સાતે નયો સમાવેશ પામે છે, પહેલામાં પહેલા ચાર અને બીજામાં છેલ્લા ત્રણ.૨૧

સર્વે નયા અપિ વિરોધભૃતો મિથસ્તે,
સમ્ભૂય સાધુસમયં ભગવન્ ! ભજન્તે,
ભૂપા ઈવ પ્રતિભટા ભુવિ સાર્વભૌમ-
પાદામ્બુ જે પ્રબલયુક્તિ પરાજિતા દ્રાક્.૨૨

અનુવાદ : આ સર્વે નયો પરસ્પર વિરોધી અભિપ્રાય ધરાવવાળા છે, છતાં હે ભગવન્ ! તે બધા એકઠા થઈ આપના સુંદર આગમની સેવા કરે છે, જેવી રીતે પૃથ્વી ઉપર રાજાઓ પરસ્પરમાં વિરોધી હોવા છતાં પણ યુદ્ધ કરવામાં પરાજય પામી ચક્રવર્તી મહારાજાના ચરણકમલની સેવા શીઘ્ર કરે છે. (તેમ જાણવું.) ૨૨

ઈત્થં નયાર્થકવઃ કુસુમૈર્જિનેન્દુ,વીરોર્ચિતઃ સવિનયં વિનયાભિધેન,
શ્રીદ્વીપબંદરવરે વિજયાદિ દેવસૂરીશિતુર્વિજયસિંહગુરોશ્ચ તુષ્ટયૈ. ૨૩

અનુવાદ : આ પ્રકારે શ્રીવિનયવિજયે, શ્રીવિજયદેવસૂરિના શિષ્ય અને પોતાના ગુરુ શ્રીવિજયસિંહના સંતોષમાટે નયોનાં અર્થને જણાવનારાં વચનપુષ્પોવડે શ્રીજિનચંદ્ર વર્ધમાનસ્વામીની વિનય સહિત શ્રીદીવબંદરમાં અર્ચા-પૂજા કરી. ૨૩